
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

જુલાઈ, ૨૦૨૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



ગુરુપૂર્ણિમાના પૂર્ણ ચંદ્રનાં અજવાળાં પ્રસરાવતા

## ગુરુહરિ મહંત સ્વામી મહારાજ













## પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં અક્ષરપુરુષોત્તમના નક્કર વિદ્વાનોનું બહુમાન

સુરત ખાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગદીક્ષા અને સિદ્ધાંતકારિકા ગ્રંથનો સંસ્કૃતમાં મુખપાઠ કરનાર 'અક્ષરપુરુષોત્તમના નક્કર વિદ્વાન' સેંકડો બાળ-બાલિકાઓને સત્કારતો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ વિદ્વાન બાળકોએ સ્વામીશ્રી અને સંતોની ઉપસ્થિતિમાં સંસ્કૃત મુખપાઠ રજૂ કર્યો હતો. અક્ષરપુરુષોત્તમ દર્શન કારિકાનો સંપૂર્ણ મુખપાઠ કરીને 'કારિકાજયી' બનેલા બાળકોને સંતોએ બિરદાવ્યા હતા. અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતોને કંઠસ્થ કરી, આ વૈદિક ઉપાસના પ્રવર્તનની સેવા કરનાર આ નાના નાના બાળ-વિદ્વાનો પર સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્નતા વરસાવી હતી. (તા. ૪-૬-૨૦૨૫)

# સહજાનંદ ગુરું ભજે સદા...



## ક્રમિકા


૩. સંપાદકીય
૪. ગુરુપૂર્ણિમાના પૂર્ણ ચંદ્રનાં અજવાળાં પાથરતા ગુરુહરિ મહંત સ્વામી મહારાજ - સાધુ અક્ષરવત્સલદાસ
● વિરલ ગુરુનું અનોખું આધ્યાત્મિક નેતૃત્વ - સાધુ વેદકીર્તિદાસ (૭)
● અનોખી સ્મરણશક્તિના ધારક - સાધુ વેદચિંતનદાસ (૧૩)
● પ્રભુકૃપા કે સંત! તમે મળ્યા જીવન-પ્રવાસમાં - સાધુ દિવ્યમનનદાસ (૧૯)
● અહંશૂન્ય વ્યક્તિત્વના વિરલ ધારક સંતવિભૂતિ - સાધુ વેદાનંદદાસ (૨૪)
૨૮. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા
૩૬. પૂજ્ય ડોક્ટર સ્વામીનું વિચરણ
૩૮. વિવિધ મંદિરોમાં યોજાયા પ્રતિષ્ઠા ઉત્સવો
૪૩. ઠેર ઠેર યોજાયાં યુવા જ્ઞાનસત્રો
૪૪. જામનગરમાં રચાયું નૂતન વિદ્યામંદિર
૪૫. વિદ્યાનગરમાં યોજાઈ કોન્ફરન્સ
૪૬. આણંદમાં યોજાયો સાંસ્કૃતિક સમારોહ
૪૭. અબુધાબીમાં પધાર્યા સંતો-મહાનુભાવો
૪૮. અક્ષરવાસ
૪૯. બી.એ.પી.એસ. સંસ્થાના વિવિધ વૃત


પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણને વંદના કરતાં બસ્સો વર્ષ પહેલાં ગુજરાતના જાણીતા વિદ્વાન શ્રી દીનાનાથ ભટ્ટે લખ્યું હતું: 'ભવ-સંભવ-ભીતિ-ભેદનં સુખસંપત્-કરુણાનિકેતનમ્, વ્રતદાન-તપઃક્રિયા-ફલં સહજાનંદ-ગુરું ભજે સદા.' અર્થાત્ જેઓ જન્મજન્માતંરના ભયને ટાળે છે, સુખ અને કરુણાના સાક્ષાત્ ધામ સમાન છે, વ્રત-દાન-તપ વગેરે સાધનોના ફળરૂપે જેમનો યોગ પ્રાપ્ત થાય છે, એવા ગુરુ શ્રી સહજાનંદ સ્વામી મહારાજનું હું સદા ભજન કરું છું.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણને તેમના ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા સોંપી ત્યારે સૌને કહ્યું હતું કે શ્રી સહજાનંદ સ્વામી મહારાજને મારા સ્થાને સૌના ગુરુપદે નિયુક્ત કરું છું, પણ સાથે સાથે એ પણ નિશ્ચય રાખજો કે તેઓ આપણા સૌના આરાધ્ય ઈષ્ટદેવ પરમાત્મા છે. એમની ઉપાસના એ જ સાચી મુક્તિ છે.

તે ક્ષણથી ભગવાન સ્વામિનારાયણને સાક્ષાત્ પરબ્રહ્મ તરીકે અનુભવીને લાખો ભક્તોએ તેમની એકાંતિક ભાવે ઉપાસના કરી. શ્રીહરિએ સૌને સમજાવ્યું કે પરમ એકાંતિક ગુણાતીત સંત મારું સાક્ષાત્ સ્વરૂપ છે. આથી, એવા ગુણાતીત સંતને ગુરુરૂપ હરિ તરીકે આરાધવાની પરંપરા સંપ્રદાયમાં આજપર્યંત વહેતી રહી છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ પર્યંત તેમનામાં લાખો લોકોએ ભગવાન સ્વામિનારાયણની અનુભૂતિ કરીને, તેમનામાં રહેલા સાક્ષાત્ શ્રી સહજાનંદ સ્વામી મહારાજની આરાધના કરી છે. એટલે બસ્સો વર્ષ પહેલાં લખાયેલી પંક્તિ 'સહજાનંદ-ગુરું ભજે સદા' આજે પણ સૌને સાકાર અનુભવાય છે. ગુરુપૂર્ણિમાએ એવા ગુરુરૂપ હરિનાં ચરણે વંદના સાથે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના પવિત્ર સ્મરણો સાથે આ અંક પ્રસ્તુત છે. જય સ્વામિનારાયણ.


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ: ૮૭, અંક: ૭,**
**જુલાઈ, ૨૦૨૫**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક:** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.


**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



## ગુરુપૂર્ણિમાના પૂર્ણ ચંદ્રનાં અજવાળાં પાથરતા

# ગુરુહરિ મહંત સ્વામી મહારાજ

'ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રીગુરવે નમઃ'

ગુરુપૂર્ણિમાની પવિત્ર તિથિએ ભારત અને દુનિયાના ખૂણે ખૂણે ફેલાયેલા શ્રદ્ધાળુ હિન્દુઓ પોતાના પ્રાણપ્યારા ગુરુદેવનાં ચરણોમાં વંદન કરીને ઉપરોક્ત પંક્તિઓનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરશે. આ કોઈ રિવાજ નથી, આ તો શ્રદ્ધાપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક પવિત્ર અવસર છે. ગુરુદેવના અગણિત ઉપકારોનું સ્મરણ કરીને ઋણસ્વીકાર કરવાનું પાવક પર્વ છે.

ભારત કૃષિપ્રધાન દેશ છે, એમ અધ્યાત્મપ્રધાન કે ગુરુપ્રધાન દેશ પણ છે. અહીં યુગોથી ગુરુપરંપરાનો પ્રભાવ માત્ર જનસમાજમાં જ નહીં, પરંતુ સંસ્કૃતિનાં પ્રત્યેક અંગ-ઉપાંગમાં ફેલાયેલો રહ્યો છે. તમે પ્રાચીન ભારતીય ઋષિપરંપરાની વાત કરો, સ્વાસ્થ્ય વિજ્ઞાનથી લઈને વિજ્ઞાનના કોઈપણ વિભાગની વાત કરો, નૃત્ય-સંગીત-શિલ્પ-ચિત્ર જેવી કોઈપણ કલાની વાત કરો કે જીવનનો એકડો ઘૂંટવાની વાત કરો, અહીં ભારતમાં એવું કોઈ ક્ષેત્ર નહીં હોય કે જ્યાં ગુરુપરંપરાનું મહત્ત્વ નહીં હોય. એટલે જ ગુરુ વિનાના વ્યક્તિને ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી એક પ્રકારની અધૂરપની દૃષ્ટિએ જોવામાં આવે છે. માત્ર ભારત નહીં, જ્યાં ભારતની થોડી ઘણી પણ સુવાસ ફેલાઈ છે એવી અન્ય સંસ્કૃતિઓમાં પણ ગુરુ-શિષ્ય પરંપરાની ગાથાઓ લખાઈ છે. ભારતમાં જેમ સત્યકામ જાબાલિ અને ગુરુ ગૌતમ ઋષિ કે આરુણિ અને ગુરુ ધૌમ્ય જેવી ઉપનિષદ-કથાઓ પ્રચલિત છે, તેમ ગ્રીસમાં પણ ગુરુ સોક્રેટિસ અને શિષ્ય પ્લેટો કે તેના પણ શિષ્ય એરિસ્ટોટલની ગાથા ગવાય છે. અમુક બિન હિન્દુ ધાર્મિક પરંપરાઓમાં મૂર્તિપૂજાનો નિષેધ હોવા છતાં પણ ગુરુ-શિષ્ય પરંપરા અવશ્ય નીરખવા મળે છે.

ગુરુ-શિષ્ય પરંપરાનો પ્રભાવ કહો કે તેની અનિવાર્યતા કહો - તે માનવજીવનની એવી બાબત છે કે તેના વિના કોઈનેય ચાલતું નથી. 'હું ગુરુમાં માનતો નથી' - એમ કહીને જેમણે ગુરુપરંપરાનો નિષેધ કર્યો છે એવા લોકો પણ આખરે ગુરુ તરીકે જ પૂજાયા છે અને લાખો શિષ્યોએ ગુરુ તરીકે એમના ઉપદેશોને ઝીલ્યા છે. તેમના મૃત્યુ બાદ એમનાં સ્મારકો બનાવીને એમના શિષ્યોએ ગુરુભક્તિ અદા કરી છે. આધુનિક ભારતના એવા સુધારકો કે ચિંતકોની યાદી ઘણી લાંબી છે. દયાનંદ સરસ્વતીથી લઈને જિદ્દુ કૃષ્ણમૂર્તિ સહિત અનેક લોકોનાં નામ આજે આદરપૂર્વક ગુરુ તરીકે લેવાય છે. એક યા બીજા સ્વરૂપે માનવી પોતાને સાચો રાહ દેખાડનાર વ્યક્તિ પ્રત્યે અહોભાવ ધરાવ્યા સિવાય કેવી રીતે રહી શકે? અને કદાચ કોઈ કૃતજ્ઞ મટીને કૃતઘ્ન બનીને એવી બડાઈ હાંકતો હોય તો તેને સજ્જન ગણવાની ભૂલ કોઈ કરતું નથી. જીવનનો એકડો ઘૂંટાવનાર માતા-પિતાને તો કમ સે કમ ગુરુ તરીકે માનવાં જ રહ્યાં, એમના પ્રત્યે કૃતજ્ઞતા સ્વીકારવી જ રહી.

ભારતનો હિન્દુ-બૌદ્ધ-જૈન-શીખ ધર્મપરંપરાનો કોઈ સંપ્રદાય એવો નહીં હોય કે જ્યાં ગુરુપરંપરાનું મહત્ત્વ નહીં હોય. ભારતમાં જ્યારે જ્યારે ભગવાને અવતાર ધારણ કર્યો છે ત્યારે ત્યારે એ અવતારોએ પણ ગુરુ પરંપરાને સ્વીકારી છે. ગુરુ વસિષ્ઠના આશ્રમમાં રહેલા ભગવાન શ્રીરામ, ગુરુ સાંદીપનિના છત્ર તળે રહેલા ભગવાન શ્રીકૃષ્ણથી લઈને ગુરુ શ્રી રામાનંદ સ્વામી પાસેથી વરદાન મેળવનારા ભગવાન શ્રી સ્વામિનારાયણ સહિત અનેકની વાતો અહીં ટાંકી શકાય તેમ છે.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં સૌના આરાધ્ય પરબ્રહ્મ પરમાત્મા હોવા છતાં પોતાના સમયમાં જ પોતાના પરમહંસ મંડળોમાં ૧૨ સદ્‌ગુરુઓની નિયુક્તિ કરી હતી. પોતાના અન્ય તમામ સંતો-હરિભક્તોને આ ૧૨ સદ્‌ગુરુ સંતોની છત્રછાયામાં રહીને જીવનયાત્રા કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ પોતાનાં વચનામૃતોમાં તેમણે આત્યંતિક મુક્તિ માટે પરમ એકાંતિક સંત, ગુણાતીત સંત, વડવાનળ અગ્નિ જેવા સંત કે ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતના શરણે જવાનો ખાસ આદેશ આપ્યો. સમયે

સમયે એવા ગુણાતીત સંત તરીકે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની સૌને ઓળખાણ પણ કરાવી. એક આદર્શ ગુરુ તરીકે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ હજારોને સાચી નિષ્ઠા દૃઢ કરાવીને બ્રહ્મવિદ્યાની સર્વોચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ કરાવી હતી.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વિશેષતા એ રહી કે તેમણે ભગવાન સ્વામિનારાયણે આપેલા વૈદિક આધ્યાત્મિક વારસાનું વહન પેઢીઓ સુધી થતું રહે તે માટે ગુરુ તરીકે એવું એક સુવર્ણપાત્ર ઘડ્યું હતું, જેમાંથી સમયે સમયે પેઢી દર પેઢી એવા નવાં નવાં સુવર્ણ પાત્રો એટલે કે ગુણાતીત ગુરુઓ પ્રાપ્ત થતા રહ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ ઉચ્ચાર્યું હતું કે તમારા બધાના દેહ તો પડી જશે, પણ હું તો ચિરંજીવ છું. અને સાચે જ, ગુણાતીતાનંદ સ્વામી તેમના અનોખા બ્રહ્મ-વૈભવ સાથે આજે પણ નિખરી રહ્યા છે - તેમની અનુગામી ગુણાતીત ગુરુપરંપરા દ્વારા. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ પર્યંત એ બ્રહ્મવૈભવ લાખો લોકોએ માણ્યો છે, અનુભવ્યો છે ને એવા ગુરુની છત્રછાયામાં ઘણા એ બ્રહ્મપદને પામ્યા છે.

આ વિરલ ગુરુપરંપરાની સ્વાભાવિકતા એ છે કે તેઓ મુમુક્ષુઓને એક તરફ ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે, તો બીજી તરફ તેમના ભૌતિક વ્યવહારોનું પણ માર્ગદર્શન આપે છે! બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની આ વિરલ ગુરુપરંપરા વિશે અને પ્રમુખસ્વામી મહારાજ વિષે શોધનિબંધ લખનાર પ્રસિદ્ધ અમેરિકન લેખક અને વિદ્વાન શ્રી રેમન્ડ બ્રેડી વિલિયમ્સને ૨૩ જુલાઈ '૮૫ના રોજ લંડનમાં એક ઇન્ટરવ્યૂમાં પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે ભક્તોને વ્યાવહારિક માર્ગદર્શન આપવાનું કારણ એ નથી કે, હરિભક્તો વ્યાવહારમાં લાખોપતિ થાય. પણ હકીકત એ છે કે તેઓની સંસારલક્ષી ચિંતાઓ દૂર થાય તો તેઓ અધ્યાત્મલક્ષી બને. ગુરુ-શિષ્ય વચ્ચે સ્નેહસેતુ રચાય તો ભક્તનો આધ્યાત્મિક વિકાસ સરળ બને છે. શિષ્યોના પ્રશ્નોમાં ગુરુ રસ લેશે તો શિષ્યોને ગુરુ માટે પ્રેમ વધશે. ભગવાન તરફનો માર્ગ પામવા આ સ્નેહ-સંબંધ ખૂબ આવશ્યક છે.

ગુરુના આ અપાર પ્રેમની વાતની પુષ્ટિ આપતાં શ્રી રેમન્ડ બ્રેડી વિલિયમ્સને મહંત સ્વામી મહારાજે જણાવ્યું હતું કે દીક્ષા લીધા પૂર્વે ગુરુ યોગીજી મહારાજે તેમનું કેટલું ધ્યાન રાખ્યું હતું! એટલી હદ સુધી કે ગુરુ યોગીજી મહારાજ પોતે નવયુવાન શિષ્ય મહંત સ્વામીની પથારી કરી આપતા અને કેટલા વાગે સૂવાનું છે તથા કેટલા વાગે ઊઠવાનું છે તેનું પણ ધ્યાન રાખતા!


જ્હોનિસબર્ગ યુનિવર્સિટીના વિદ્વાન શ્રી બ્રાયન હચિન્સને પોતાના શોધનિબંધમાં લખ્યું છેઃ ''મહંત સ્વામી મહારાજ અને અન્ય સાથી સંતોને તેમના ગુરુ વિશેના અનુભવો વિષે મેં પૂછ્યું હતું, ત્યારે તમામે ગુરુના આવા પ્રેમાળ સ્વભાવના ખૂબ ગુણ ગાયા. યોગીજી મહારાજનાં પ્રથમ દર્શનની વાત કરતાં વિવેકસાગરદાસ સ્વામી કહે છે, 'હું યોગીજી મહારાજના નિર્મળ પ્રેમથી ખૂબ જ પ્રભાવિત થયો હતો. હું ફક્ત બે દિવસ માટે તેમનાં દર્શને ગયો હતો, પરંતુ બે મહિના માટે રોકાઈ ગયો હતો!' યોગીજી મહારાજ પ્રત્યે કેવી રીતે આકર્ષિત થયા હતા તે સવાલના જવાબમાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ યોગીજી મહારાજના એ જ પ્રેમની વાત કરી. જેના પરિવારને પૂર્વે આ સંપ્રદાય સાથે કોઈ જ સંબંધ નહોતો તેવા એક સાધુએ મને કહ્યું કે 'મને આ સંપ્રદાય પ્રત્યે કોઈ રુચિ નહોતી, પરંતુ ગુરુ પ્રમુખસ્વામી મહારાજના મોહક વ્યક્તિત્વે મને આ સંપ્રદાય પ્રત્યે આકર્ષિત કર્યો. મહંત સ્વામી જ્યારે યોગીજી મહારાજને ગુરુ તરીકે સ્વીકારીને સાધુ થયા ત્યારે તેઓ ગુજરાતી નહોતા બોલી શકતા અને યોગીજી મહારાજ અંગ્રેજી નહોતા બોલી શકતા! તેવા સમયની વાત કરતાં મહંત સ્વામી કહે છે કે યોગીજી મહારાજનો પ્રેમ એટલો અદ્વિતીય હતો કે હું મારી જાતને તેમનાથી અળગી ન કરી શક્યો!''

તેઓ પોતાના એક પુસ્તકમાં લખે છેઃ ''ખેડૂત જેમ વરસાદની વાટ જોતો હોય તેમ હું યોગીજી મહારાજની વાટ જોતો. એવામાં એક મુસાફરી દરમ્યાન સુરેન્દ્રનગરના રેલવે સ્ટેશન પર અમે ઊભા હતા ને અચાનક પ્રમુખસ્વામી એક ટ્રેનમાંથી ઊતર્યા ! તેમનું દર્શન કરતાં જ મન એવું તો ચોંટી ગયું કે શાંતિ શાંતિ થઈ ગઈ!''

આજે એવો જ દિવ્ય શાંતિનો અનુભવ લાખો હરિભક્તો મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં કરી રહ્યા છે. એમ અનુભવાય છે કે ભગવાન વેદવ્યાસજીથી લઈને ભારત-વર્ષના મહાન ગુરુઓની ગાથા ફેલાવતાં ગુરુપૂર્ણિમાનાં અજવાળાંનું મૂર્તિમંત સ્વરૂપ છે - મહંત સ્વામી મહારાજ.

એક મહાન અને આદર્શ એવા ગુણાતીત ગુરુ તરીકેના એમના આધ્યાત્મિક નેતૃત્વથી લઈને વિવિધ પાસાંઓ પર થોડાં અજવાળાં પાથરે છે 'પ્રકાશનો' આ અંક. આવો તેને માણીએ અને ગુરુપૂર્ણિમાએ એ મહાન ગુરુપરંપરાના વાહકને વંદના કરીએ... વન્દે ગુરુપરંપરામ્.

**- સાધુ અક્ષરવત્સલદાસ** ◆



■ સાધુ વેદકીર્તિદાસ

## ગુરુહરિ મહંત સ્વામી મહારાજઃ

# વિરલ ગુરુનું અનોખું આધ્યાત્મિક નેતૃત્વ

નેતૃત્વ.

આ વિષય એવો છે, જેમાં રસ બધાને છે, જ્યાં પહોંચવું બધાને છે, જ્યાં પહોંચીને સફળ બધાને થવું છે. પણ એનો ખરો મર્મ કે એની ખરી વ્યાખ્યાને જીવનમાં પચાવવામાં ભાગ્યે જ કોઈને રસ-રુચિ હોય છે.

પણ અહીં એક એવા નેતૃત્વની વાત કરવી છે, જ્યાં નેતૃત્વ રોમ રોમ જિવાતું હોય, જ્યાં નેતૃત્વ શબ્દને નવી અને સાચી વ્યાખ્યા મળે, તેની આગળ આધ્યાત્મિક શબ્દ લાગે અને જેની લોકોને પણ આધ્યાત્મિક અનુભૂતિ થાય.

આ આધ્યાત્મિક નેતૃત્વ એવું છે -

જેની નિશ્રામાં વિશ્વભરનાં ૧૮૦૦થી વધુ મંદિરોમાં સનાતન વૈદિક ધર્મનાં સંસ્કાર નિરંતર ધબકી રહ્યાં છે.

જેણે મુમુક્ષુઓની સેવામાં પોતાનું અસ્તિત્વ સમર્પી દીધું છે, જેણે કોઈ અપેક્ષા વગર લાખો લોકોને સુખ-દુઃખમાં સાથ આપ્યો છે.

જ્યાંથી સાડા પાંચ લાખથી વધુ લોકોને પત્ર સ્વરૂપે હૂંફ મળી છે.

જેણે સેંકડો તરવરતા નવયુવાનોને ત્યાગના માર્ગે પ્રેરિત કરીને લોકહિત અને આત્મકલ્યાણનાં કાર્યોમાં જોડ્યા છે.

જ્યાંથી 'બધાનું કલ્યાણ થાય, સર્વનો અભ્યુદય થાય...'

એવી પવિત્ર ભાવના વહ્યા કરે છે.

આ એક અનોખું આધ્યાત્મિક નેતૃત્વ છે.

નામ છે મહંત સ્વામી મહારાજ. એક આધ્યાત્મિક ગુરુપદ કહો કે આધ્યાત્મિક નેતૃત્વ કહો, તેનું આજના યુગનું એક અનુપમ ઉદાહરણ.

એક એવા ગુરુ, જે ગુરુ હોવાની સભાનતા વિના લાખો લોકોનાં યોગ-ક્ષેમનું વહન કરે છે.

યાદ આવે છે એક પ્રસંગ.

એ દિવસ હતો ૨૦ જુલાઈ ૨૦૨૦નો, જ્યારે સૌ કોઈ એક ઐતિહાસિક ઘટનાની સ્મૃતિ કરી રહેલા કે 'આજથી બરાબર આઠ વર્ષ પહેલાં, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આજના જ દિવસે પત્ર લખીને બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે એટલે જ પ્રમુખપદે, મહંત સ્વામી મહારાજની નિયુક્તિ કરેલી!' પરંતુ નેનપુરની એ લીલીછમ વાડીમાં 'ઑનલાઇન' ઊજવાઈ રહેલા આ ઉત્સવમાં, જ્યારે મહંત સ્વામી મહારાજનાં આશીર્વચનનો વારો આવ્યો ત્યારે એક અચરજકારી ઘટના બની!

આ ઐતિહાસિક દિવસે, ગુરુપદે આરૂઢ થયાનાં ચાર વર્ષ પછી, સમગ્ર સત્સંગ સમુદાયના લાખો મુમુક્ષુઓના પથદર્શક રહી ચૂક્યા પછી, વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું સફળ સુકાન સંભાળી લીધા પછી, ગુરુહરિ મહંત સ્વામી મહારાજ એવું બોલ્યા કે ''મને લાગતું જ નથી કે 'હું ગુરુ છું.' જરાય નહીં. બધાની દાસભાવે સેવા કરવાની ઇચ્છા રહે છે. મનમાં તો એવું હંમેશાં રહ્યા કરે છે કે 'હું દાસનો દાસ છું. બધા મારા કરતાં અધિક છે, ને હું બધાથી ન્યૂન છું.' અને એમાં આનંદ, મજા આવે છે; ખૂબ મજા આવે છે અને દાસભાવે સેવા થયા કરે છે.''

આ કેવા અકલ્પનીય ગુરુ! આ કેવી અનોખી 'સેવાની ઇચ્છા'! આ કેવી અદ્‌ભુત મજા! કદાચ એટલે જ, આવા સાચા સંતનાં જીવન અને ચરિત્રોમાંથી પ્રગટે છે – જાણીતા વિષયોની અજાણી વ્યાખ્યાઓ!

જેમ કે, નેતૃત્વની વિભાવના.

પ્રાચીન કાળથી લઈને અર્વાચીન વિશ્વ સુધી નેતૃત્વ માટે ઘણી બધી વિભાવનાઓ કરવામાં આવી છે. જેમ કે, 'નીતિશતક' ગ્રંથના ૭૦મા શ્લોકમાં રાજા ભર્તૃહરિ જગતમાં સૌના માનનીય વ્યક્તિના ગુણોનું વર્ણન કરતાં લખે છેઃ

नम्रत्वेनोन्नमन्तः परगुणकथनैः स्वान्गुणान्ख्यापयन्तः
स्वार्थान् सम्पादयन्तो विततपृथुतरारम्भयत्नाः परार्थे।
क्षान्त्यैवाक्षेपरूक्षाक्षरमुखरमुखान् दुर्जनान् दूषयन्तः
सन्तः साश्चर्यचर्या जगति बहुमताः कस्य नाभ्यर्चनीयाः॥

અર્થાત્ 'વિનમ્રતાથી જે સમૃદ્ધ હોય, અન્યના સદ્‌ગુણોનું કથન કરતા હોય, બીજાની કાર્યસિદ્ધિ માટે પુરુષાર્થ કરવાને પોતાની કાર્યસિદ્ધિ માનતા હોય (બીજાની પ્રગતિમાં પોતાની પ્રગતિ માને), કટુભાષી દુષ્ટોને ક્ષમા કરતા હોય અને જેઓનું આચરણ સૌ માટે આશ્ચર્યકારી હોય તેવા સંત-સજ્જન કોના માનનીય નથી હોતા? (એટલે કે સૌના વંદનીય હોય છે.)'

આધુનિક સમયના બિઝનેસ કે મેનેજમેન્ટ ક્ષેત્રના અનુભવી તજ્જ્ઞો 'લીડરશીપ' માટે જણાવે છે :

'The greatest leader is not necessarily the one who does the greatest things.

He is the one that gets the people to do the greatest things.

It is the 'humility factor' that truly matters. People should not accept your leadership because of your position, but because of who you are and what you represent.'

અર્થાત્, સૌથી મહાન નેતા એ નથી જે મહાન કાર્યો કરે છે. સાચો નેતા એ છે જે બીજાને મહાન કાર્યો કરવા પ્રેરે છે. નેતૃત્વમાં ખરેખરું મહત્ત્વ નમ્રતાનું છે. આપના પદ-સત્તા(ના ડર)થી નહીં, પરંતુ, આપ કોણ છો અને શેનું પ્રતિનિધિત્વ કરો છો? તેના કારણે લોકો આપનો સ્વીકાર કરે, એ સાચું નેતૃત્વ છે.

હવે આટલી ભૂમિકા સાથે જ્યારે મહંત સ્વામી મહારાજ જેવા મહાન સંતનું જીવન જોઈએ, ત્યારે સાનંદાશ્ચર્ય થાય છે, કારણ કે, પ્રાચીન કે અર્વાચીન વ્યાખ્યાઓમાં તો તેઓ ખરા ઊતરે જ છે, પણ ઘણીવાર તો એ વ્યાખ્યાઓ કરતાં પણ વધુ તલસ્પર્શી અને હૃદયસ્પર્શી નેતૃત્વનાં દર્શન તેઓમાં થાય છે.

આવો, મહંત સ્વામી મહારાજના જીવનમાં દૃશ્યમાન આધ્યાત્મિક નેતૃત્વના અનોખા ગુણોનું દર્શન કરીએ...

## નેતૃત્વ જે વર્તીને શીખવે

નેતા બનીને સૌને સલાહ-સૂચન આપવાં, એવું તો બધાને ગમે. 'હું કહું એમ જ બધા કરે...' એવું તો ઘણાંને ગમે. પણ તેને નેતૃત્વ કહેવાય કે સરમુખત્યારી? ખરું નેતૃત્વ માત્ર બોલીને 'માર્ગદર્શક' બનવામાં નહીં, પણ વર્તીને સૌના 'આદર્શ' બનવામાં સમાયેલું છે.

વાત છે સન ૧૯૯૭ની. તે વખતે બોચાસણ સ્વામિનારાયણ મંદિરે વિદ્યાર્થી શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં વિદ્યાર્થીઓને મહંત સ્વામી મહારાજનો લાભ પણ મળવાનો હતો. પ્રવચનનો સમય થતાં એક યુવક

સ્વામીશ્રીને બોલાવવા આવ્યો. પોતાનાં ચશ્માંનું ઘરું અને પ્રવચનમાં બોલવા માટેના મુદ્દાઓના કાગળ લઈને સ્વામીશ્રી તે યુવક સાથે પોતાના કક્ષમાંથી નીકળ્યા. સભામંડપ સુધી પહોંચવાનો રસ્તો થોડો લાંબો હતો – રસોડું, ભોજનશાળા, વાસણ ધોવાની ચોકડી વગેરે પાસેથી પસાર થઈને પહોંચાય તેમ હતું. પરંતુ વાસણ ધોવાની ચોકડી પાસે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ જોયું કે એક કંતાનનો કોથળો જમીનમાં ચોંટી ગયેલો. ઘણા સમય પહેલાં પડી ગયો હશે અને ઉત્સવ- સમૈયા દરમ્યાન તેના ઉપરથી હજારો લોકો પસાર થઈ ગયા હશે, તેથી જમીનમાં તે જડબેસલાક જડાઈ ગયેલો.

પરંતુ આવી ગંદકીને જોઈને કેટલાય લોકો એમ ને એમ ત્યાંથી પસાર થઈ ગયા હતા. પરંતુ સ્વામીશ્રી બીજા લોકોની જેમ એમ પસાર થઈ જાય તેવા નહોતા. તેમણે તો આ જોયું કે તરત પોતાનાં ચશ્માંનું ઘરું અને કાગળ યુવકને આપ્યાં અને પોતે બંને હાથનો ઉપયોગ કરીને કોથળો ખેંચવા લાગ્યા. ઘણી તાકાત લગાવ્યા પછી કોથળો માંડ ઊખડ્યો, નીચેથી ઘણી જીવાત અને દેડકાં પણ નીકળ્યાં. પણ સ્વામીશ્રીએ સફાઈ કરી, કોથળો કચરાપેટીમાં નાખ્યો, ચોકડીમાં સાબુથી હાથ ધોયા અને પછી જ પ્રવચન કરવા પધાર્યા! 'મંદિરમાં સ્વચ્છતા રાખવી જોઈએ...' એવી સલાહો આપ્યા વિના, સભામાં પહોંચવાનો સમય થઈ ગયો હોવા છતાં, સ્વામીશ્રીએ જાતે સફાઈ કરી! આશ્ચર્યની વાત એ હતી કે સ્વામીશ્રીના પ્રવચનનો વિષય હતો – 'આળસ.' સાથેના યુવકો વિના કહ્યે સમજી ગયા કે આપણે આળસ રાખ્યા વગર મંદિરમાં સ્વચ્છતા અવશ્ય જાળવવી જોઈએ.

પ્રસંગ બન્યો, ત્યારે મહંત સ્વામી મહારાજ સંસ્થામાં સન્માનનીય સદ્‌ગુરુપદે હતા. તેઓએ ધાર્યું હોત તો કોઈકને સૂચના આપીને આ કાર્ય પાર પડાવી લીધું હોત... પરંતુ આ આધ્યાત્મિક નેતૃત્વ અહીં જ તો અનોખી ભાત પાડે છે! ભગવાન સ્વામિનારાયણે આપેલો 'વર્તન વાતો કરશે...'નો આદેશ આ પ્રસંગે તેઓના જ સ્વરૂપ એવા મહંત સ્વામી મહારાજમાં સૌને દૃશ્યમાન થયો; નેતૃત્વનું એ વિશિષ્ટ લક્ષણ મૂર્તિમાન થયું.

## નેતૃત્વ જે સૌને પોતીકું લાગે

સામાન્ય માનવીને મોટું પદ મળે ત્યારે સૌની 'વાહ... વાહ...' ઝીલવામાં, મોટાં-મોટાં 'કામ પાર પાડવા'માં, 'હું બહુ બીઝી છું, મારે ઘણાં કામ છે...' એવો દેખાવ કરવામાં જ પોતાનું સાર્થક્ય અનુભવાતું હોય છે. પછી તેને પોતાની સાથે જોડાયેલા નાના કે સામાન્ય વ્યક્તિનું ધ્યાન રહેતું હોતું નથી. પરંતુ સાચું અધ્યક્ષપદ પોતાની મહત્તાથી સૌને આંજી દેવામાં નહીં, આત્મીયતાના સેતુથી છેક છેવાડાના સામાન્ય વ્યક્તિ સાથે જોડાઈ જવામાં સમાયેલું છે.

૨૯ ઑગસ્ટ ૨૦૨૦, મહંત સ્વામી મહારાજ નેનપુરમાં વિરાજમાન હતા, ત્યારે એક જૂના સંનિષ્ઠ હરિભક્ત 'શ્રી રમેશભાઈ દવે ધામમાં પધાર્યા છે' એવા સમાચાર આવ્યા. તેઓના દીકરા હિમાંશુભાઈએ આ નિમિત્તે જ્યારે સ્વામીશ્રી સાથે ફોન પર વાત કરી, ત્યારે સ્વામીશ્રી એકદમ આત્મીયતાથી રમેશભાઈના ગુણગાન ગાવા લાગ્યાઃ 'રમેશભાઈ પહેલેથી જ મારા મિત્ર. એ નાના હતા ત્યારથી જ મારે એમની સાથે ખૂબ ભાઈબંધી હતી. એમના ધર્મ-નિયમ પાકા હતા. તેમણે કોઈ રીતે ધર્મ-નિયમમાં ભંગ પાડ્યો નથી. અને બીજાને પણ બળ-હિંમત આપતા, એવા સંનિષ્ઠ કાર્યકર હતા, ખરેખરા ભક્ત! એમના પ્રત્યે તો મારે બહુ હેત હતું. એકવાર યોગીબાપા હાથિયે ધરે નાહવા ગયા હતા, ત્યારે રમેશભાઈએ કહ્યુંઃ 'બધા માથાડૂબ બેસી જાઓ.' તો યોગીબાપા પણ બેસી ગયા, તેમની આજ્ઞા પાળી! એટલે આવી રીતે યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજને પણ એમના માટે પહેલેથી જ હેત હતું. પણ હવે એ શ્રીજીમહારાજનાં ચરણમાં બેસી ગયા છે!' સ્વામીશ્રીના શબ્દોમાં નાની-નાની વિગતો અને ઘટનાઓ એવી રીતે ગૂંથાઈને આવતાં હતાં, જાણે તેઓ પોતાના સ્વજનની જ વાત ન કરતા હોય!


એવી જ રીતે, મુલાકાતમાં મળવા આવનાર હરિભક્તોને તેમની સાથેની વર્ષો જૂની યાદ તાજી કરીને મહંત સ્વામી મહારાજ એવી રીતે તેઓ સાથે હળીમળી જાય કે તે ભક્તને પણ આશ્ચર્ય થઈ જાય. આ રહ્યા તેના થોડા દાખલા :

- ઝામ્બિયામાં રાજેશભાઈ પટેલને લાલ ગાડીમાં સાથે બેસાડેલા તે યાદ કર્યું! (૫૩ વર્ષ પૂર્વેની વાત!)
- સીનસીનાટીના અરવિંદભાઈ નૈરોબીમાં યુવકોએ ભજવેલા એક નાટકમાં 'પેસ્તનજી'નું પાત્ર ભજવ્યું હતું તે યાદ કર્યું! (૪૦ વર્ષ પૂર્વેની વાત!)
- સુરતના સંજયભાઈ પાંડવે 'ભીમના ભડાકા' સંવાદ કર્યો હતો તે યાદ કર્યું! (૨૧ વર્ષ પૂર્વેની વાત!)
- જોહાનિસબર્ગમાં કૌશિકભાઈ પટેલનાં ઘરે બગીચામાં પધરાવેલી નીલકંઠવર્ણીની મૂર્તિ યાદ કરી! (૧૫ વર્ષ પૂર્વેની વાત!)
- મુંબઈમાં જનક જાદવના ઘરે ૧૧:૦૦ વાગ્યે પધરામણી કરી હતી તે યાદ કર્યું! (૧૪ વર્ષ પૂર્વેની વાત!)

કોઈ લખીને યાદ કરવા બેસે તોય કદાચ આવી અને

આટલી વિગતો યાદ રહેવી ન સંભવે – એ હકીકત જ દર્શાવે છે કે આ યાદશક્તિનો નહીં, પણ આ તેઓની આત્મીયતાનો પુરાવો છે.

અન્ય એક એવો પ્રસંગ બન્યો ડિસેમ્બર ૨૦૨૩માં, જ્યારે મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી ઉત્તર ગુજરાતના આદિવાસી પરિવારોના સમૂહ લગ્નનું આયોજન થયું હતું. હિંમતનગરના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયેલા આ સમૂહલગ્નોત્સવમાં સંસ્થા તરફથી આયોજન થયું ત્યારે નવપરિણીત યુગલોને ઘરવખરીનો સામાન પણ ભેટમાં આપવામાં આવ્યો. મહંત સ્વામી મહારાજે સ્વયં વરરાજાઓને આશીર્વાદ આપ્યા, મીંઢળ બાંધી આપ્યા, લગ્નવિધિ સનાતન પરંપરા મજબ જ થાય તેની ખાતરી કરી... પરંતુ ભેટની સામગ્રીઓ જોઈને મહંત સ્વામી મહારાજને વિચાર આવ્યો કે આદિવાસી ભાઈઓનાં ઘરોમાં આટલો બધો સામાન સમાઈ શકશે? વળી, તેઓએ ભેટ આપવાના સામાનમાં મૂકેલા પંખા (સિલિંગ ફેન) જોઈને પૂછ્યું, ‘એ લોકોને પંખા ફીટ કરતા આવડશે? આપણે કરી આપજો ભાઈ!’ એમ કહી આદિવાસી ભાઈઓનાં ઘરે પંખાના ફિટીંગની વ્યવસ્થા પણ કરાવી! આદિવાસી ભાઈઓને કે ત્યાં વિચરણ કરનારા સંતોને તો કલ્પના પણ નહોતી કે સ્વામીશ્રી આવી અને આટલી ચિંતા કરીને આદિવાસીઓનું જતન કરશે. જાણે પોતાના દીકરાનાં લગ્ન હોય અને બધી વ્યવસ્થા થાય, ચિંતા થાય એવો પ્રેમ સ્વામીશ્રીએ વરસાવ્યો હતો! ગુરુપદે બેઠા હોવા છતાં અદના માનવીની ચિંતા કરે, સ્વજન ગણીને તેનું જતન કરે એ આ અનોખા આધ્યાત્મિક નેતૃત્વની વિશેષતા છે!



મહંત સ્વામી મહારાજ એટલે એક એવું આધ્યાત્મિક નેતૃત્વ, જેમાંથી દાસત્વ જ વહેતું રહે! એવા ગુરુ, જે શિષ્યોની પણ ચરણરજ માથે ઇચ્છે!

આ બધાંનું કારણ? મહંત સ્વામી મહારાજ વ્યક્તિમાત્રને માણસ તરીકે નહીં પણ ભગવાનના સંબંધે, સત્સંગના નાતે નિકટતમ નિજસ્નેહી તરીકે જુએ છે, પોતાના જ પરિજન સમજીને ચાહે છે! ભગવાનના દિવ્ય સંબંધે સૌને પોતાના ગણવાની, નેતૃત્વની આ વિશિષ્ટ પરિભાષા આધ્યાત્મિકતાના અત્યંત ઊંચા શિખરેથી જ સ્ફૂરે, એ શંકા વિનાની વાત છે.

## નેતૃત્વ જેમાં સેવકભાવ જ વસે

આમ તો ‘નેતા’ અને ‘નમ્રતા’ બે શબ્દને ઓછું બનતું હોય છે. પરંતુ ક્યારેક એ બંનેનું સુભગ સંયોજન થઈ જાય, તોપણ એ દાસભાવમાં પરિણમે, ‘સૌ મારાથી મોટા છે...’ એવી દુર્લભ ભાવનારૂપે ફલિત થાય – એવું તો આધ્યાત્મિક નેતૃત્વમાં જ સંભવે. મહંત સ્વામી મહારાજ એવા આધ્યાત્મિક નેતૃત્વના સ્વામી છે. અને એટલે જ, ‘મને લાગતું જ નથી કે હું ગુરુ છું...’ એવી ભાવના તેઓના જીવનમાં પળે-પળે પડઘાય છે.

જાન્યુઆરી ૨૦૨૩માં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના છેલ્લા બે દિવસો બાકી રહેલા. ૧૩મી જાન્યુઆરીની રાત્રે મહંત સ્વામી મહારાજે ભદ્રેશદાસ સ્વામી પાસે ‘પ્રમુખસ્વામી મહારાજ નગર’ની ધૂળ દરેક જગ્યાએથી મંગાવી. સૌને આશ્ચર્ય તો થયું, પણ સ્વામીશ્રીની આજ્ઞા હતી તેથી ધૂળ લાવવામાં આવી. તેમની સૂચના મુજબ વિવિધ સ્થાનોની ધૂળ તેઓ સમક્ષ એક થાળીમાં, જુદી-જુદી વાટકીઓમાં મૂકવામાં આવી હતી. ભદ્રેશદાસ સ્વામી અને નારાયણમુનિદાસ સ્વામી સ્વામીશ્રીને વિવિધ સ્થળોની રજનો પરિચય કરાવતા હતા. ત્યાં તો સૌના આશ્ચર્ય વચ્ચે, મહંત સ્વામી મહારાજે ઉત્સવ-મેદાનમાંથી એકઠી થયેલી હરિભક્તોનાં ચરણની રજ લઈને પોતાના માથા પર ઘસી! ‘ભગવાનના અખંડ ધારક સંત, આટલી મોટી સંસ્થાના અધ્યક્ષ, લાખોના ગુરુ, પોતાના શિષ્યો એવા હરિભક્તો, સ્વયંસેવકો અને અન્ય દર્શનાર્થીઓનાં ચરણની રજ ખરેખર માથે ચડાવે! આ કેવું વિરલ કહેવાય?’ પણ બન્યું, એ હકીકત વાત હતી. ખરેખરા સેવકભાવથી ભરેલા, આ અનોખા આધ્યાત્મિક અધ્યક્ષના હૃદયની યથાર્થ ઓળખાણ આ ઘટનાથી સૌને થઈ!

આવી જ ઘટના ફરી ઘટી ૧૧ જુલાઈ ૨૦૨૩ના દિવસે, જ્યારે રોબિન્સવિલ અક્ષરધામમાં સેવા આપનાર તમામ સ્વયંસેવકોની અભિવાદન-સભા હતી. સ્વામીશ્રીએ આખા અક્ષરધામના પરિસરમાંથી વિવિધ જગ્યાઓની ધૂળ મંગાવી હતી... કેમ? કારણ કે, આ રજમાં સંતો-ભક્તોએ સેવા કરી હતી! સ્વામીશ્રીએ સંતો-ભક્તોની ‘પ્રાસાદિક’ ધૂળને એ દિવસે મહિમાપૂર્વક માથે ચડાવી! સૌની આંખોમાં લાગણીમય આંસુ હતાં! પરંતુ મહંત સ્વામી મહારાજની

આંખોમાં તો દાસભાવની અનોખી ચમક હતી! આ તે કેવા ધર્મવડા? જે પોતાની આજ્ઞાથી સેવા કરનારાં બાઈ-ભાઈ -સંતો-ભક્તોને પોતાથી પણ મહાન ગણે!

વાત અહીંથી અટકતી નથી, અટલાદરામાં સ્વામીશ્રીએ 'સહજાનંદનામાવલિ'નો મુખપાઠ રજૂ કરનાર ૪ વર્ષના નીલ પઢિયારના ચરણસ્પર્શ કર્યા હતા! તો મિત્રાંશ વિસ્મયભાઈ નાયક નામના બાળક પાસે તો બે-બે વાર પોતાના માથે હાથ મૂકીને આશીર્વાદ મેળવવાનો તેમણે લાભ લીધો છે! ૨૦૧૮માં સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી રોજ મંદિરે આવતાં-જતાં સંતો-ભક્તોનાં જોડા-પગરખાંને વંદન કરતા! તો વળી, ૧૯૮૭માં ઉપવાસના દિવસે પણ સેવા કરનાર યુવક, વિપુલ શાહને (હાલ પૂજ્ય આનંદવિહારી સ્વામીને) સ્વામીશ્રીએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા હતા!

જે લોકો પોતાનું કહ્યું કરતા હોય, તેમની કદર તો સહુ કોઈ કરે. પરંતુ તેમને વંદનીય ગણીને સદા તેમની સામે દાસભાવે-સેવકભાવે વર્તતા રહેવું, એ આધ્યાત્મિક નેતૃત્વની ચરમસીમા કે બીજું કાંઈ?

મહંત સ્વામી મહારાજ એટલે એક એવું આધ્યાત્મિક નેતૃત્વ, જેમાંથી માત્ર દાસત્વ જ વહેતું રહે! એવા ગુરુ, જે શિષ્યોની પણ ચરણરજ માથે ઇચ્છે!

## નેતૃત્વ જે જીવન બદલે

જગતમાં ક્યાંક નેતૃત્વ માટે સાચું જ કહેવાયું છે કે 'The mediocre leader tells; the good leader explains; the superior leader demonstrates... but the great leader inspires...'

સામાન્ય નેતા કહી બતાવે; સારો નેતા થોડું સમજાવે; શ્રેષ્ઠ નેતા વર્તીને બતાવે... પરંતુ મહાન નેતા તો પ્રેરણાસ્રોત હોય છે. મહંત સ્વામી મહારાજનું જીવન જોઈએ, ત્યારે તો તેઓ આ કથનથી પણ સવાયા સોપાન ચઢી જતા જણાય! તેઓ માત્ર પ્રેરણા નથી આપતા, પરંતુ કુટેવો, કુવિચારો, સ્વભાવોને છોડાવીને જીવનનું સમૂળું પરિવર્તન કરે છે!

બારમા ધોરણમાં ભણતો એક વિદ્યાર્થી મૂંઝાઈ ગયો હતો કે 'મારું શું થશે? મારા કેટલા ટકા આવશે? હું જીવનમાં શું કરીશ?' આવા નબળા વિચારોના પ્રભાવમાં તેને હવે જીવન ટૂંકાવી દેવું હતું! સદ્ભાગ્યે તે એક બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં જ ભણતો હતો. તેથી સંતોએ ૫ એપ્રિલ ૨૦૨૪ના દિને મહંત સ્વામી મહારાજ સાથે તેની વાત કરાવી. તેણે તો સ્વામીશ્રીને પણ કહી જ દીધું કે 'મને આવા ખરાબ વિચારો આવે છે...' તેને પ્રેમથી સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા, "આપણે ભણવા માટે આવ્યા છીએ, એટલે ભણવાના જ વિચારો કરવાના. મરવાના ને એવા બધા વિચારો તો ટાળી જ દેવાના... અને આશીર્વાદ છે, મન સ્થિર થશે." જે કિશોરનું મન માતા-પિતા, સંતો કે મનોચિકિત્સક ડૉક્ટરોના કહેવાથી પણ નહોતું માનતું, એ બસ બળના આ બે બોલથી માની ગયું! પડેલાને બેઠા કરી શકે એવી વચનોની તાકાત આ પ્રસંગે સૌને દેખાઈ.

મુંબઈ ફિલ્મ-ઇન્ડસ્ટ્રીમાં એક ડાઈરેક્ટર તરીકે કાર્યરત શ્રી અરવિંદજી બબ્બલ મહંત સ્વામી મહારાજના યોગે એટલી હદે પરિવર્તન પામ્યા કે માત્ર અરવિંદજીને જ નહીં, તેઓનાં પરિજનોને, સાથે કામ કરતા લોકોને પણ અનુભવાયું કે 'મહંત સ્વામીજીની મુલાકાત પછી બબ્બલજી બદલાઈ ગયા છે!' આ છે અનોખા આધ્યાત્મિક નેતૃત્વની દિવ્યતા.

તો સેલવાસના શ્રી આશિષભાઈ પટેલને પણ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના યોગમાં સ્વભાવોથી મુક્તિનો અનુભવ થયો છે! રોજિંદા ભોજનક્રમમાં આશિષભાઈની નાનપણથી આદત હતી – ત્રણેય સમયે ભાણામાં મિષ્ટાન્ન તો જોઈએ જ; વળી કોલ્ડ-ડ્રિંક્સ અને આઇસ્ક્રીમ વગર તો ચાલે જ નહીં! પરંતુ એકવાર મહંત સ્વામી મહારાજે સ્વપ્નમાં દર્શન આપીને ગળી વસ્તુ ન ખાવાની આજ્ઞા કરી... અને બસ ત્યારથી આશિષભાઈએ દૃઢતા કરી લીધી! જેના વગર દિવસ પસાર થાય એમ નહોતો, તે ભાવતી વસ્તુઓનો જ ત્યાગ કરી દીધો – સત્પુરુષના વચને! એટલું જ નહીં, સ્વામીશ્રીના વચનમાત્રથી તેમની સ્વાદની આસક્તિ સહજતાથી શમી ગઈ!

અધ્યાત્મના દુર્ગમપંથને સુગમ કરી આપે એવું આ આધ્યાત્મિક નેતૃત્વ સાચે જ દુર્લભ છે! જ્યાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ સાક્ષાત્ પ્રગટ બિરાજે છે, તે જ આવા સ્વભાવો અને અહં-મમત્વ-માયા થકી મુક્તિ અપાવે છે. આવા આધ્યાત્મિક ગુરુહરિના ઓછાયામાં પાંગરવાનું સૌભાગ્ય જેને મળે, તે ન્યાલ થઈ જાય તેમાં શી નવાઈ?

## નેતૃત્વ જેનાથી સઘળું ખીલે

તારીખ હતી ૨૯મી ઑક્ટોબર ૧૯૮૫, જ્યારે અમદાવાદમાં ખાતે ઊજવાઈ રહેલા 'ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ'માં રામકૃષ્ણ મિશન, રાયપુરથી પધારેલા પૂજ્ય આત્માનંદ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજ વિષે કહ્યું હતું કે 'He is one of the most impressive men I have met in life. Very dedicated, very spiritually high, at the same time wonderful organizing capacity. So

silent, yet at the same time making so many people so active. This is a wonderful capacity.' અર્થાત્ 'મારા જીવનમાં મળેલી સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ પૈકીના તેઓ (પ્રમુખસ્વામી મહારાજ) એક છે. તેઓ અતિ સમર્પિત, આધ્યાત્મિક રીતે ખૂબ ઊંચાઈએ પહોંચેલા અને સાથે સાથે અદ્‌ભુત આયોજનશક્તિ ધરાવનારા છે. તેઓ ખૂબ શાંત હોવા છતાં અસંખ્ય લોકોને સક્રિય બનાવે છે. આ એક આશ્ચર્યકારી વિશેષતા છે.' પ્રમુખસ્વામી મહારાજની આ જ વિશેષતાનું દર્શન આજે મહંત સ્વામી મહારાજમાં પણ સૌને થાય છે. સ્થૂળ રીતે તો મહંત સ્વામી મહારાજ ભાગ્યે જ કંઈ પ્રવૃત્તિમાં રત દેખાય, પરંતુ શાંત રહીને તેઓ અનેકને ક્રિયાન્વિત કરે છે. તેઓના એ શાંત નેતૃત્વનું દર્શન આપણને સમયે સમયે થતું રહે છે!

પ્રમુખસ્વામી મહારાજના અનુગામી ગુરુપદે આરૂઢ થયા બાદ તેઓએ સમગ્ર સત્સંગમાં ભક્તો-મુમુક્ષુઓને સત્સંગની સ્પષ્ટતા થાય તે માટે આધ્યાત્મિક સૈદ્ધાંતિક રીતે કેટકેટલું કર્યું? તેમાંય ખાસ કરીને આપણા દૈનિક પરિશુદ્ધ આચરણ માટે 'સત્સંગદીક્ષા' નામક આચારસંહિતાનું શાસ્ત્ર તેઓએ ૯૦ વર્ષની જૈફ વયે સ્વયં લખ્યું! ભગવાન સ્વામિનારાયણના ચીંધેલા માર્ગે સ્વામીશ્રીએ આધુનિક સમયના પ્રવાહ વચ્ચે આપણો સાધના પથ સ્પષ્ટ કરી દીધો!

આટલું જ નહીં, નવી પેઢીમાં આ સિદ્ધાંતો દૃઢ થાય તેના માટે તેઓએ મુખપાઠ-અધિવેશનોના મહોત્સવો કર્યા! આજે સમગ્ર હજારો બાળ-બાલિકાઓને સત્સંગદીક્ષા ગ્રંથ કંઠસ્થ છે અને હજારો કરી રહ્યા છે! યુવા-યુવતી કે વડીલ હરિભક્તો મુખપાઠ કરે એ જુદું! સ્વામીશ્રીએ સત્સંગીઓને સિદ્ધાંતરસમાં ઝબોળી દીધાં! શાંત રહીને!

અને 'અક્ષરબ્રહ્મના વધામણાં' દ્વારા સત્સંગમાં ગુણાતીતાનંદ સ્વામીનું સ્વાગત કરીને સ્વામીશ્રીએ જાણે સત્સંગમાં ગુરુભક્તિનું મોજું ફેરવી દીધું! ઘરોઘર આરતી થાય, થાળ થાય, ઘરસભાઓ થાય, વિવિધ ઉત્સવો નિમિત્તે ભજન-કીર્તન થાય, સત્સંગ ગ્રંથોનું વાંચન થાય, અક્ષરબ્રહ્મ સત્રના કથાયજ્ઞો થાય, પ્રાપ્તિને અનુરૂપ વૈચારિક સાધના થાય! મહંત સ્વામી મહારાજે જાણે જીવંત સત્સંગને વધુ ચેતનવંતો કરી દીધો!

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં લોકહિત અને જનકલ્યાણની ભાવનાને સ્વામીશ્રીએ પત્ર દ્વારા એવી તો સીંચી કે ૮૦,૦૦૦ સ્વયંસેવકો તૈયાર થયા — ગુરુભક્તિ રૂપે અર્ઘ્ય અર્પવા માટે!

દાયકાઓથી અખાતી દેશોમાં રહેનારા હિન્દુ ભાઈઓ માટે જેની કલ્પના કરવી પણ અશક્ય હોય, એવું મહાશ્ચર્યકારી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું અબુધાબીમાં નિર્માણ થયું, તે પણ સ્વામીશ્રીના સાધુતાભર્યા નેતૃત્વના પરિપાકરૂપે!

અમેરિકાની ધરતી પર સ્વામીશ્રીએ પોતાના એક પત્રથી સેવા-સમર્પણની એવી જ્યોત જગાવી કે વિદેશી ભૂમિ પર ૧૨,૫૦૦થી વધુ સ્વયંસેવકો મંદિર અને સંસ્કૃતિની રક્ષા માટે સેવા કરવા કટિબદ્ધ થઈ ગયા! નહોતો કોઈને બાંધકામનો અનુભવ, કે નહોતું કોઈને સ્થાપત્ય જ્ઞાન. તેમ છતાં ધાર્યા કરતાં અલ્પ સમયમાં સંપન્ન થયું સંસ્કૃતિધામ અક્ષરધામ મહામંદિરનું સર્જન!

તો બીજી તરફ, ઑસ્ટ્રેલિયાની ભૂમિ પર અક્ષરધામનું નિર્માણ થતાં પહેલાં જ ૧૪૦૦થી વધુ બાળવિદ્વાનો વૈદિક જ્ઞાન યુક્ત સંસ્કૃત શ્લોકોના સસ્વર પાઠ કરતાં થઈ ગયાં છે!

અને આ જ રીતે વિશ્વમાં લાખો મુમુક્ષુઓ ભક્તિ-સેવા-સત્સંગ, મંદિરનિર્માણ, સમાજસેવા અને ઉન્નત જીવતર ભણી પથપ્રશસ્ત થાય છે – મહંત સ્વામી મહારાજ રૂપી સાચા સંતના અનોખા આધ્યાત્મિક નેતૃત્વ તળે!

આ અનોખા આધ્યાત્મિક નેતૃત્વનું રહસ્ય છે – તેમના હૈયે ભગવાનનું અખંડ પ્રાકટ્ય! સૌને વિશ્વાસ છે મહંત સ્વામી મહારાજમાં, અને તેઓ કહે છે કે 'હું તો બધું સોંપી દઉં છું – શ્રીજીમહારાજને!'

'ब्रह्माऽक्षरगुरुद्वारा भगवान् प्रकटः सदा।
सहितः सकलैश्वर्यैः परमाऽऽनन्दमर्पयन्॥'


(સત્સંગદીક્ષા ૧૦૭)

એ સ્વામિનારાયણ ભગવાનનું વરદાન અહીં કાર્યશીલ છે. જ્યાં ભગવાનની જ શક્તિ અને ભગવાનનું જ સ્વરૂપ નેતૃત્વના અસ્તિત્વમાં હોય, ત્યાં આશ્ચર્યોની પરંપરા ચાલે, તે તો સ્વાભાવિક વાત છે!

## નેતૃત્વ જે પરમ શ્રેય અર્પે

કોઈપણ નેતાને આશા એ હોય કે તેના દ્વારા મોટાં-મોટાં કાર્યો સિદ્ધ થાય; તેના દ્વારા કામ એવું થાય કે નામ કાયમ થઈ જાય! પરંતુ આધ્યાત્મિક નેતૃત્વ અહીં નોખું પડે છે. આજથી બે સદી પહેલાં, ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં વાત કરી હતી કે 'તમે સર્વે મારા કહેવાઓ છો. તે જો... તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમારા થકી દેખાય નહીં. માટે જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સૂધા સાવધાન રહેજ્યો...' (વચનામૃત ગ.મ.૪૫)

(અનુસંધાન પૃષ્ઠ ૧૮ ઉપર)



■ સાધુ વેદચિંતનદાસ

# ગુરુહરિ મહંત સ્વામી મહારાજઃ
# અનોખી સ્મરણશક્તિના ધારક

‘ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ...’ – ગુરુગીતા.

‘સત તે સ્વયં હરિ...’ – નિષ્કુળાનંદ સ્વામી.

‘સો નર આપ સમાન રઘુરાયા...’ – રામચરિતમાનસ.

‘એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.’ – ભગવાન સ્વામિનારાયણ.

ખરેખર, સાચા સંત ભગવાન તુલ્ય છે. આથી જ, ભગવાનના કલ્યાણકારી તમામ ગુણો આપણને સંતમાં પણ અનુભવાય છે. શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધના ૧૬મા અધ્યાયમાં ભગવાનના ૩૯ ગુણો વર્ણવ્યા છે. આ તમામ ગુણો આપણને ભગવાનના અખંડ ધારક સંત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં જોવા મળે છે.

આ ૩૯ ગુણો પૈકીનો એક ગુણ એટલે સ્મૃતિઃ – સ્મરણશક્તિ. જ્યારે ભગવાનના સાચા સંત માટે ‘સ્મૃતિ’ શબ્દ પ્રયોજાય ત્યારે તે શબ્દથી તેઓની તીવ્ર યાદશક્તિ જ નહીં, પરંતુ તેમાં તેઓની ભક્તવત્સલતા પણ ઉજાગર થાય છે. કારણ કે, તેઓ ભક્તોને અને ભક્તોની સેવાઓને ક્યારેય ભૂલતા નથી, તેનું નિરંતર સ્મરણ રાખે છે.

સામાન્યપણે, ૮૦ વર્ષના ઊંબરે પહોંચેલા વૃદ્ધો પોતાની સ્મરણશક્તિમાં આવેલા ઘસારાને અનુભવતા હોય છે. ભગવાનની જ આ ગોઠવણ છે કે, વધતી ઊંમરે સ્મૃતિનો

લય થતો જાય. જો કે, સામાન્ય માનવીના જીવન માટેના આવા સામાન્ય ઉપક્રમ અસામાન્ય ગુણાતીત ગુરુ માટે જાણે લાગુ નથી પડતા. એવું એક ઉદાહારણ આપણી સમક્ષ છે - મહંત સ્વામી મહારાજ. ૯૨ વર્ષની વયે તેઓની તીવ્ર સ્મરણશક્તિ આશ્ચર્ય ઉપજાવે છે. વર્ષો પહેલાંની ઘટનાઓ પણ જાણે હમણાં જ તેઓની આંખ સામે ઘટી રહી હોય એટલી સહજતાથી તેઓના સ્મૃતિ પટ પર તરવરે છે.

વર્ષો પહેલાં કોઈ વ્યક્તિ સાથે કરેલી મુલાકાત તેઓને આબેહૂબ યાદ હોય છે.

વર્ષો પહેલાં કોઈ વિસ્તારમાં કરેલું વિચરણ તેઓને યથાતથા સ્મરણમાં હોય છે.

વર્ષો પહેલાં કોઈ ભાવિકના ઘરે કરેલી પધરામણી તેઓને અદ્દલ સ્મૃતિમાં હોય છે.

આ વાતનો અનુભવ તેઓ દ્વારા ભાવિકોને યાદ કરાવામાં આવતી જૂની વિગતો દ્વારા થાય છે.

તા. ૧૦-૪-૨૦૧૭ના સ્વામીશ્રી કંપાલાથી પ્લેનમાં નૈરોબી જતા હતા. સ્વામીશ્રીની સમાંતર હર્ષદભાઈ રાણા બેઠા હતા. તેમને જોઈને જૂની સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રી કહે, ‘હર્ષદભાઈ ૧૯૭૦માં સફેદ શર્ટ અને બ્લૂ રંગની ટીપકીવાળું કફ (ગળામાં પહેરવાનું વસ્ત્ર) પહેરતા, ફાંકડા લાગતા હતા.’

સ્વામીશ્રીની સ્મૃતિશક્તિ કેટલી અદ્ભુત છે! ૪૭ વર્ષ પહેલાનું યાદ! ક્યારેક તો તે વ્યક્તિ પોતે પોતાની વિગત ભૂલી ગયા હોય, પણ સ્વામીશ્રીને યાદ હોય છે.

સ્વામીશ્રીની સ્મરણશક્તિનું કારણ હરિભક્તો પ્રત્યેની તેમની આત્મીયતા અને તેમનો મહિમા છે.

તા. ૧૫-૭-૨૦૧૭ના રોજ સ્વામીશ્રી શિકાગોમાં વિરાજમાન હતા. ભોજન બાદ યોગીકીર્તનદાસ સ્વામીએ શિકાગો વિસ્તારના એક હરિભક્તનો પરિચય આપતાં કહ્યું, ‘ડૉ. જિગરભાઈ ઠક્કર (વિદ્યાનગરમાં) પ્રણવતીર્થ સ્વામીના રૂમના સાથી હતા. તેઓ સારી સેવા કરે છે.’

આ વાત પૂરી થઈ ને બીજી શરૂ થઈ ત્યાં સ્વામીશ્રી કહે, ‘પ્રણવતીર્થ સ્વામી તો વિદ્યાનગરના જ છે. છાત્રાલયમાં તેમનો રૂમ કેવી રીતે હોય?’

સંતોએ પાકું કર્યું તો જિગરભાઈ પ્રણવતીર્થ સ્વામીના રૂમના સાથી નહીં પણ વર્ગના સાથી હતા. ૧૯૯૦ની આસપાસનો પ્રસંગ! આટલાં વર્ષો પહેલાંની વાત જે પરિચય આપનાર કે સાથે ભણનારને પણ ધ્યાનમાં ન આવી, તે સ્વામીશ્રીએ પકડી પાડી!

તા. ૯-૧૦-૨૦૧૭ના દિવસે લંડનમાં સ્વામીશ્રી ગાડીમાં બિરાજી મંદિર તરફ જઈ રહ્યા હતા. ગાડીમાં તરુણ પટેલનો પરિચય સ્વામીશ્રીને અપાયો.

સ્વામીશ્રી કહે, ‘તેને ૧૯૬૬થી ઓળખું છું.’

મુનિચિંતનદાસ સ્વામીએ તરુણભાઈને પૂછ્યું, ‘ગામ કયું?’

‘કરમસદ.’ તરુણભાઈએ કહ્યું.

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા, ‘મોસાળ ભાદરણ!’ સ્વામીશ્રી એક-એક હરિભક્તને કેટલા વ્યક્તિગત રીતે ઓળખે છે!

તા. ૨૫-૯-૨૦૧૭ના રોજ સ્વામીશ્રી લંડનમાં વિરાજમાન હતા. આત્મસ્વરૂપદાસ સ્વામીએ અરુણભાઈ પટેલ નામના એક હરિભક્તને બતાવીને સ્વામીશ્રીને પૂછ્યું, ‘સ્વામી! આમને ઓળખ્યા?’

સ્વામીએ તરત જ પોતાના બે હાથ પોતાની ગરદન પર મૂક્યા. અરુણભાઈ તરત જ સમજી ગયા અને હસી પડ્યા. રાજી થતાં તેઓ કહે, ‘લાંબા વાળ!’

સંતોને જિજ્ઞાસા થઈ અને પૂછ્યું, ‘તમે ક્યારે લાંબા વાળ રાખતા હતા?’

‘૧૯૭૦માં આફ્રિકામાં અમે કંપાલામાં રહેતા હતા ત્યારે!’ અરુણભાઈએ કહ્યું.

આશ્ચર્યની વાત તો એ હતી કે અરુણભાઈ અત્યારે સત્સંગમાં એટલા સક્રિય નથી છતાં પણ ૪૮ વર્ષ પહેલાંની વાત સ્વામીશ્રીને ઇદમ્ યાદ હતી.

તા. ૨૫-૮-૨૦૧૭ના રોજ રોબિન્સવિલ સ્થિત સ્વામીશ્રી પોઢવાની તૈયારી કરતા હતા ત્યારે સંતો ઑગસ્ટ-૨૦૧૭નું ‘સ્વામિનારાયણ પ્રકાશ’ લઈને આવ્યા. તેની ઉપર યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજ અને સ્વામીશ્રીનું ચિત્ર છે.

સ્વામીશ્રી તે જોઈને બોલવા લાગ્યા, ‘તે વખતે મારું વજન ૧૨૪ પાઉન્ડ હતું, બાલમુકુંદ સ્વામીનું ૧૨૦ પાઉન્ડ, પ્રમુખસ્વામી મહારાજનું ૧૪૨ પાઉન્ડ અને યોગીબાપાનું ૧૩૦ પાઉન્ડ.’ સૌ મોઢામાં આંગળા નાંખી ગયા. સ્વામીશ્રીને પૂછ્યું, ‘આ ક્યારનો ફોટો હશે?’

‘૧૯૬૦નો.’ સ્વામીશ્રીએ ઉત્તર વાળ્યો.

સત્તાવન વર્ષ પહેલાં થયેલી યાત્રાના સહયાત્રિકોનું વજન કેટલું હતું તે કોઈને યાદ રહે તે કેવું આશ્ચર્યકારી કહેવાય!

તા. ૫-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રી અમદાવાદમાં હતા. અહીં પ્રસિદ્ધ તીર્થધામ જગન્નાથપુરીના વર્તમાન મહારાજા ગજપતિ શ્રી દિવ્યસિંહદેવજી તથા અન્ય કેટલાક મહાનુભાવો

સ્વામીશ્રીને મળવા પધાર્યા હતા. શ્રી દિવ્યસિંહદેવજીએ ઠાકોરજીના અને સ્વામીશ્રીના ચરણોમાં ફળોના કરંડિયા અર્પણ કર્યા. પ્રેમે પુષ્પહાર પહેરાવ્યા. સામે સ્વામીશ્રીએ પણ તેમને પ્રસાદીભૂત હાર પહેરાવી આશીર્વાદ અર્પ્યા.

મહારાજા સ્વામીશ્રીને કહે, 'जगन्नाथपुरी में आपके दर्शन हुए थे...'

'आप खुले पाँव चले थे।' સ્વામીશ્રી તરત બોલી ઊઠ્યા. મહારાજા તો અહોભાવમાં ગરકાવ થઈ ગયા. રાજી થઈને કહે, 'आपको अभी भी याद है.. !?'

મહારાજા સાથે મુલાકાત ૨૦૦૮માં થઈ હતી, સ્વામીશ્રીને તે મુલાકાત તાદૃશ હતી!

તા. ૧૪-૭-૨૦૧૭ના દિવસે સ્વામીશ્રી શિકાગોમાં હતા. આજે મુલાકાતમાં આણંદના શ્રી રજનીભાઈ પટેલ આવ્યા હતા. તેમને જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું, 'બીજી દુકાન કરી?' આજુબાજુ ઊભેલા સૌને આશ્ચર્ય થયું કે સ્વામીશ્રીએ શું પૂછ્યું કંઈ ખબર ન પડી. રજનીભાઈને પૂછતાં તેમણે વિગતે જણાવ્યું,

''૧૯૮૭ની સાલમાં મને નિરીક્ષક બનાવવાની બધાની ઇચ્છા હતી, પણ મેં ના પાડી. તેથી મને મહંત સ્વામી મહારાજ પાસે લઈ ગયા.

તેમણે મને પૂછ્યું કે, 'તમે ના કેમ પાડો છો?'

મેં કહ્યું, 'ટાઇમ મળે તેવો નથી.'

તો સ્વામીશ્રીએ પૂછ્યું, 'તમે શું કરો છો?'

મેં કહ્યું, 'ઇલેક્ટ્રિકની દુકાન છે.'

તો તરત જ સ્વામીશ્રી કહે, 'બીજી દુકાન કરો તો ટાઇમ મળે?'

મેં કહ્યું, 'હા.'

સ્વામીશ્રીએ પૂછ્યું, 'તો એમાં કેવી રીતે ટાઇમ મળે?'

મેં કહ્યું, 'એમાં તો પૈસા મળે એટલે ટાઇમ મળે. ટાઇમ કાઢીએ.'

આ સાંભળીને સ્વામીશ્રીએ મને કહ્યું હતું, 'આ બીજી દુકાન સમજો. પૈસાનો મહિમા છે એમ આમાં એના કરતાં લાખ ગણું ફળ મળશે.'

મારા બધા જ વિકલ્પો શમી ગયા. મેં જવાબદારી સ્વીકારી અને અત્યારે નિર્દેશક તરીકેની સેવાઓ આપી રહ્યો છું.''

આ પ્રસંગના બે દિવસ પછી જ પુનઃ શિકાગોમાં સ્વામીશ્રીની સ્મરણશક્તિનો આસ્વાદ સાંપડ્યો.

તા. ૧૬-૭-૨૦૧૭ના રોજ સ્વામીશ્રી અભિષેક મંડપમ્‌માંથી પ્રાતઃપૂજા સ્થાન તરફ આગળ વધી રહ્યા હતા, ત્યાં સંતોએ એક હરિભક્તનો પરિચય કરાવ્યો, 'આ સુલભ પટેલ છે.'

'તમે નડિયાદના?' સ્વામીશ્રીએ તેમને જોઈને અચાનક પૂછ્યું.

સુલભભાઈએ કહ્યું, 'ના સ્વામી! હ્યુસ્ટનનો.'

'પહેલાં ક્યાં રહેતા હતા?' સ્વામીશ્રીએ થોડી શંકા સાથે પૂછ્યું.

સુલભભાઈને અચાનક યાદ આવ્યું અને તેઓ બોલી ઊઠ્યા, 'હા, સ્વામી! ૧૯૯૪ થી ૧૯૯૮ સુધી નડિયાદ છાત્રાલયમાં રહેતો હતો.' સૌ અચંબામાં પડી ગયા.

૨૦ વર્ષ પહેલાંની વાત! સ્વામીશ્રી સુલભભાઈને ક્યારે મળ્યા હશે? કેટલીવાર મળ્યા હશે? અને વળી, ૯૪ થી ૯૮ દરમ્યાન નડિયાદ છાત્રાલયમાંથી કેટલા વિદ્યાર્થીઓ પસાર થઈ ગયા હશે!? કોણ ક્યાં મળ્યું, ક્યાં રહેતું હતું તે યાદ રહે? અરે! વીસ વર્ષ પહેલાં મોટા સમૂહમાં એક જ સમયગાળામાં જોડે રહેલા હોય તોપણ યાદ રહેતું નથી હોતું. પહેલી ક્ષણોમાં તો સુલભભાઈ પોતે પણ ભૂલી ગયા હતા, પણ સ્વામીશ્રીને યાદ હતું. ખરેખર, સ્વામીશ્રીની સ્મૃતિશક્તિનો કોઈ જવાબ નથી.

સ્વામીશ્રીની એક વિશેષતા એ છે કે, તેઓ વર્ષો પૂર્વે ઘટેલી ઘટનાઓમાંથી રમૂજી વાતો વિશેષપણે યાદ કરાવી સૌને આનંદમાં ગરકાવ કરી દે છે.

તા. ૨૩-૧૦-૨૦૧૬ના દિવસે સ્વામીશ્રી જામનગરમાં હતા. સાયં સભામાં આત્મસ્વરૂપદાસ સ્વામીનું પ્રવચન ચાલી રહ્યું હતું. સ્વામીશ્રી પધારી ગયા હતા, પણ તેઓને પ્રવેશ 'સત્પુરુષ'ની સ્કીટ ભજવાય તે વખતે કરવાનો હતો. તેથી તેઓ પ્રતીક્ષા કક્ષમાં સોફા પર વિરાજ્યા. ત્યાં ઊભેલા કાર્યકરો પૈકી વિજયભાઈ નાનાણીને જોઈને, થોડું હસીને બોલ્યાઃ '૧૦૦ બાળકો...'

સંતોને આશ્ચર્ય થતાં પૂછ્યું, 'આ શું?'

વિજયભાઈએ જણાવ્યું કે, ''૧૯૮૫ની સાલમાં નેનપુર શિબિર થઈ ત્યારે હું ૧૬-૧૭ વર્ષનો હતો. હું બાળમંડળનો એક સંચાલક હતો. અમારા બાળમંડળનો વિકાસ થાય એ સંદર્ભમાં મેં કહ્યું, 'મારે ૧૦૦ બાળકો થાય એવા આશીર્વાદ આપો.' સ્વામીશ્રીને એ યાદ રહી ગયું.''

આજે ૩૧ વર્ષ પછી એમને જોતાં જ સ્વામીશ્રીએ તે વાક્ય યાદ કર્યું. શું ગજબની સ્મૃતિશક્તિ!

સ્વામીશ્રી માટે એવું કહી શકાય કે, જેમ કેમેરાના લેન્સની સામે ઘટેલી પ્રત્યેક ઘટના કેમેરાના કચકડે કંડારાઈ જાય તેમ સ્વામીશ્રીની આંખો સામે ઘટેલી પ્રત્યેક ઘટના

તેઓના માનસપટ પર અંકિત થઈ જાય છે.

તા. ૨૮-૨-૨૦૧૭ના દિવસે જાલંધરમાં સ્થિત સ્વામીશ્રી પોઢવા જઈ રહ્યા હતા ત્યારે માટે અમેરિકામાં સેવા આપી રહેલા વિવેકનિધિદાસ સ્વામી આવ્યા હતા. સ્વામીશ્રી તેમને જોતાં મર્મભર્યા સ્મિત સાથે બોલ્યા, 'મારું નામ ખબર છે?'

પછી વિમાસણમાં પડેલા આજુબાજુના સંતોને સ્વામીશ્રી કહે, 'આવું તેમણે (વિવેકનિધિ સ્વામીએ) મને પૂછેલું... તેમનું નામ - સંજય...'

'ઓ... ઓ સ્વામી! આપને યાદ છે?! આ તો ૩૫-૩૬ વર્ષ પહેલાંની વાત છે!' આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયેલા વિવેકનિધિદાસ સ્વામી બોલી ઊઠ્યા.

સ્વામીશ્રી સ્મૃતિ સરોવરમાં વધુ ઊંડા ઊતરતાં કહે, 'આવું ક્યાં પૂછ્યું હતું?' પછી જાતે જ કહે, 'અમદાવાદમાં આપણે આમ (બે હાથ સામ સામે ભેગા કરીને બતાવ્યું.) એકદમ સામ સામે આવી ગયા'તા, ત્યારે તમે આ પ્રશ્ન પૂછ્યો હતો.'

વિવેકનિધિદાસ સ્વામી કહે, 'સ્વામી! જગ્યા તો હુંય ભૂલી ગયો હતો! આપ અમને કેટલા બધા યાદ રાખો છો!'

સ્વામીશ્રી આપણને સૌને પોતાના માને છે, તેથી આપણી આવી અનેક સ્મૃતિઓ તેઓનાં મન-હૃદયમાં હંમેશાં માટે અંકિત થઈ જાય છે. તેઓના પ્રેમાળ મન-હૃદયમાંથી પ્રસંગોપાત્ત સરી પડતી આ સ્મૃતિઓ, આપણને હંમેશાં માટે તેઓના બનાવી જાય છે.

તા. ૨૯-૧૨-૨૦૧૬ના દિવસે સ્વામીશ્રી નાગપુરમાં હતા. પ્રેમપ્રકાશદાસ સ્વામીએ જૂની જૂની સ્મૃતિઓ કરવાની શરૂઆત કરી, 'આપણે ભદામ ગામમાં વિચરણમાં ગયા હતા. બેલગાડીમાં નગરયાત્રા નીકળી હતી.'

સ્વામીશ્રી કહે, 'શીરો અને સૂકીભાજી જમ્યા'તા.'

સૌ આશ્ચર્ય પામ્યા. પ્રેમપ્રકાશદાસ સ્વામીને પૂછ્યું, 'આ કઈ સાલની વાત છે?'

પ્રેમપ્રકાશદાસ સ્વામી કહે, '૧૯૭૧ની...' ૪૫ વર્ષ પહેલાં એક સામાન્ય વિચરણમાં સ્વામીશ્રીને તેઓ શું જમ્યા હતા તે યાદ હતું!!

પ્રેમપ્રકાશદાસ સ્વામીએ વાત આગળ ધપાવીઃ 'ત્યાં (ભદામમાં) આપણે સ્ટેશન પર સૂતા'તા.'

સ્વામીશ્રી કહેઃ '(એ વિચરણમાં) બધાં વાહનો આપણે વાપર્યાં'તાં - ઊંટગાડી, બળદગાડું, રીક્ષા વગેરે.'

જેમ જેમ પ્રેમપ્રકાશદાસ સ્વામી આ વિચરણની વિગત યાદ કરાવતા હતા તેમ તેમ સ્વામીશ્રી તેનાથી પણ વિશેષ વિગતો યાદ કરાવતા ગયા. ખરેખર, તેઓની સ્મરણશક્તિ અદ્વિતીય છે.

તા. ૩૦-૧૨-૨૦૧૬ના દિવસે સ્વામીશ્રી નાગપુરમાં હતા. બપોરે ભોજનદર્શન દરમ્યાન જ્ઞાનચિંતનદાસ સ્વામી સ્વામીશ્રીના જુલાઈ ૨૦૧૨માં એ વિસ્તારમાં થયેલા વિચરણની સ્મૃતિ કરવતા હતા, તેમાં તેઓએ ગોંદિયામાં રહેતા યોગેશભાઈ વ્યાસને(કૃષ્ણજી અદાના વંશજ) યાદ કર્યા.

'ઇંગ્લે ચોકમાં રહે છે ને?' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

સંતોએ કહ્યું કે, 'એ ખ્યાલ નથી.'

સંતોએ પછી યોગેશભાઈને ફોન કરીને પૂછ્યું તો ખબર પડી કે સ્વામીશ્રીની વાત એકદમ બરાબર હતી. સ્વામીશ્રીએ વર્ષો સુધી વિચરણ કર્યું છે. હજારો હરિભક્તોને મળ્યા છે. હજારો ઘરોમાં પધરામણી કરી છે. એની વચ્ચે કોઈક ચોક્કસ વ્યક્તિનું એડ્રેસ આટલું ચોક્કસ યાદ રાખવું, એ સ્વામીશ્રીની આગવી વિશેષતા છે.

તા. ૨-૧૧-૨૦૧૭ના દિવસે ગાંધીનગરમાં અલ્પાહાર બાદ સ્વામીશ્રી સમક્ષ સંતોના ગુણ ગ્રહણની વાતો ચાલી. તેમાં અત્યારે કેનેડામાં સેવા આપતા નિત્યવિવેકદાસ સ્વામીની વાત નીકળી.

સ્વામીશ્રી કહે, 'તેમનું એડ્રેસ - લંડન, ૧૫ આલ્ફાહાઉસ.'

સંતોને આશ્ચર્ય થયું ને પૂછ્યું, 'આપ ક્યારે ગયા હતા?'

સ્વામીશ્રી વધુ આશ્ચર્ય ઉપજાવતાં કહે, 'ગયા નહોતા પણ પત્રને લીધે.' અર્થાત્ સ્વામીશ્રી તેમને પત્ર લખતા હતા તે પરથી તેઓને અત્યાર સુધી તે એડ્રેસ યાદ હતું.

તા. ૨૫-૬-૨૦૧૮ના દિવસે સારંગપુરમાં મુલાકાતમાં મુંબઈનો જનક જાદવ નામનો યુવક આવ્યો હતો. તે કહે, 'સ્વામી, આપ મારા ઘરે આવી ગયા છો...'

'૧૧-૦૦ વાગ્યે...' સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા.

સંતોએ આશ્ચર્યથી પૂછ્યું, 'રાત્રે?'

સ્વામીશ્રીએ નકારમાં મસ્તક હલાવ્યું, અર્થાત્ 'દિવસે ૧૧-૦૦ વાગ્યે ગયા હતા...' પૂછતાં ખબર પડી કે, 'સ્વામીશ્રી ૨૦૦૪ના વર્ષમાં તેના ઘરે ગયા હતા.' ૧૪ વર્ષ પહેલાં કોના ઘરે, કેટલા વાગ્યે પધરામણી કરી હતી તે યાદ રહે? આ માત્ર સ્મરણશક્તિની કમાલ નથી, એક એક ભક્ત સાથે સ્વામીશ્રીનું હૃદય જોડાયું છે, તેનું પ્રતિબિંબ છે.

દુનિયામાં લોકો એકબીજાને પ્રેમ કરે છે, એકબીજાને મળે છે પણ એકબીજા સાથે થયેલી મુલાકાતો આ હદે તો યાદ નથી રાખી શકતા. એની સામે સ્વામીશ્રીનો આપણા

પ્રત્યેનો પ્રેમ કેટલો ગાઢ છે, કે તેઓએ વર્ષો સુધી હજારો પધરામણીઓ કરી છે પણ એની વચ્ચે પણ વર્ષો પહેલાં કરેલી કોઈ એક પધરામણીની વિગત તેઓ યથાતથા વર્ણવી શકે છે.

તા. ૧૪-૭-૨૦૧૮ના દિવસે સારંગપુરમાં મુનિવત્સલદાસ સ્વામીએ સંતોષમુનિદાસ સ્વામીનો પરિચય આપતાં કહ્યું, 'આપણે એમના ઘરે ગયા ત્યારે તે એક વર્ષના હતા.'

'ત્યારે આપણે ઉપવાસ હતો.' સ્વામીશ્રી સહજ સહજમાં યાદ કરતાં બોલ્યા.

મુનિવત્સલદાસ સ્વામી સહિત સૌ સંતો સ્થિર થઈ ગયા.

૧૯૮૮માં ત્રીસેક વર્ષ પહેલાંનો એક દિવસ, જ્યારે તે હરિભક્તના ઘરે પધરામણી કરી હતી, ત્યારે સંતોને ઉપવાસ હતો તેવું યાદ રહે!? અને ખરેખર કોઈને યાદ નહોતું. તપાસ કરતાં માલૂમ પડ્યું કે ખરેખર તે દિવસે સંતોને ઉપવાસ જ હતો!

સ્વામીશ્રીની સ્મૃતિશક્તિનું રહસ્ય એ છે કે, તેઓ જે પણ કાર્ય કરે છે તે પૂર્ણહૃદયથી કરે છે, અર્ધહૃદયથી નહીં. પધરામણી હોય કે મુલાકાત – તેઓ દિલથી એમાં જોડાય છે. આથી, તેઓની સ્મૃતિશક્તિ અમર્યાદિત બની રહે છે.

તા. ૨૨-૭-૨૦૧૭ના દિવસે ટોરન્ટોમાં સ્વામીશ્રીની મુલાકાત દરમ્યાન લંડનના યુવક મયૂર પટેલ લાઇનમાં આવ્યા. તેને જોઈને સ્વામીશ્રીએ તરત યાદ કર્યું કે 'તેને ફર્સ્ટ ક્લાસ આવ્યો છે.' મયૂર સહિત સૌ અચંબામાં પડી ગયા, કારણ કે તેને 'London school of Economics'માં આ વર્ષે ફર્સ્ટ ક્લાસ આવ્યો હતો, આ વિગત તેણે છઠ્ઠી જૂન, ૨૦૧૭ના દિવસે પત્ર દ્વારા સ્વામીશ્રીને જણાવી આશીર્વાદ લીધા હતા. તે પછી રોજના સેંકડો લેખે હજારો પત્રો પસાર થઈ ગયા હતા, પણ સ્વામીશ્રીને તે પત્ર, તે વિગત અને તે વ્યક્તિ બરાબર યાદ હતા!

આપણે સ્વામીશ્રીને પત્ર લખીએ છીએ તે પત્ર તેઓ કેટલી એકાગ્રતાથી વાંચે-સાંભળે છે! તેઓ આપણા પત્રોને કેટલો અગ્રતાક્રમ આપે છે! તે આ પ્રસંગે છતરાયું થયું.

તા. ૧૩-૪-૨૦૧૭ના દિવસે નૈરોબી સ્થિત સ્વામીશ્રીની પ્રાતઃ પૂજા દરમ્યાન કીર્તનો ગવાતાં હતાં. વચ્ચે-વચ્ચે નાનાં નાનાં બાળકો મુખપાઠ રજૂ કરતાં જતાં હતાં. એમાં વર્ણી પટેલ નામના બાળકે અંત્યના સાતમા વચનામૃતનો મુખપાઠ રજૂ કર્યો.

તેની સામું જોઈને સ્વામીશ્રી બોલ્યા, 'ગયે વખતે 'બાળદિન'માં આ યોગીગીતાના સાત મુદ્દા બોલી ગયો હતો.'

બધા સ્તબ્ધ થઈ ગયા! શું અદ્‌ભુત સ્વામીશ્રીની સ્મૃતિશક્તિ છે! કયો બાળક કયા દિવસે કયો મુખપાઠ બોલ્યો હતો તે પણ તેઓને યાદ છે! સામાન્ય રીતે આપણને એ જ દિવસે સવારે પ્રસ્તુત થયેલો મુખપાઠ પણ યાદ નથી હોતો એની સામે સ્વામીશ્રીને ૨૫ દિવસ પહેલાં થયેલો મુખપાઠ પણ યાદ હતો. ખરેખર, બાળકોને આટલું પ્રાધાન્ય તો સ્વામીશ્રી સિવાય સભામાં બેઠેલું બીજું કોઈ આપતું નહીં હોય.

તા. ૨૬-૫-૨૦૧૭ના સ્વામીશ્રી અમદાવાદમાં આરામમાં જઈ રહ્યા હતા. એટલામાં ત્યાં આનંદસ્વરૂપદાસ સ્વામીને જોઈને સ્મિત કરતાં તેઓ કહે, 'અધિવેશન... સુખનંદન બન્યા હતા.'

ઉપસ્થિત સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. આનંદસ્વરૂપદાસ સ્વામીને પૂછતાં તેમણે જણાવ્યું કે, ૧૯૬૯માં અટલાદરામાં બાળ અધિવેશન થયું હતું. જેમાં 'ઘનશ્યામની શોધ' નામે એક સંવાદ હતો. અને તેમાં તેઓ ઘનશ્યામના બાળમિત્ર સુખનંદન બન્યા હતા.

સ્વામીશ્રીને ૪૮ વર્ષ પહેલાંનુંય હજુ ઇદમ્ યાદ છે!

આપણે તો એટલું જ સમજવાનું છે કે...

સ્વામીશ્રીને જો વર્ષો પહેલાં કોઈ એક ભાવિકના ઘરે કરેલી પધરામણી યાદ હોય તો શું તે યાદશક્તિ કેવળ એક પધરામણી પૂરતી સીમિત હશે?

સ્વામીશ્રીને જો વર્ષો પહેલાં કરેલી કોઈ એક વ્યક્તિ સાથેની મુલાકાત યાદ હોય તો શું તે યાદશક્તિ કેવળ એક મુલાકાત પૂરતી સીમિત હશે?

સ્વામીશ્રીને જો વર્ષો પહેલાં ભજવાયેલા સંવાદનું કોઈ એક પાત્ર યાદ હોય તો શું તે યાદશક્તિ કેવળ એક પાત્ર પૂરતી સીમિત હશે?

કદાપિ નહીં, તેઓની યાદશક્તિનો વ્યાપ અમાપ છે. કારણ કે તેઓ આપણને અંતરથી પ્રેમ કરે છે. દુન્યવી પ્રેમમાં અવધિ હોય પણ તેઓનો પ્રેમ અવધિમુક્ત છે.

હા, સમયાવકાશના અભાવે કદાચ આ વાત આપણી સમક્ષ પ્રગટ ન થઈ હોય તે વાત જુદી છે, પણ તેઓ આપણને પ્રેમ કરે છે તે વાત તો નિર્વિવાદ જ છે.

સામાન્ય માનવીના પ્રેમમાં સ્વાર્થ હોય છે, પરંતુ આવા સાચા ગુરુનો પ્રેમ નિઃસ્વાર્થ છે. લૌકિક પ્રેમમાં કંઈક અપેક્ષાઓ હોય છે, સ્વામીશ્રીનો પ્રેમ નિરપેક્ષ છે. આવા ગુણાતીત ગુરુના પ્રેમના પાત્ર આપણે સાચા અર્થમાં બની શકીએ એ જ અભ્યર્થના. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ ઉપરથી)

આશ્ચર્યની વાત એ છે કે આજે એમની પરંપરાનું નેતૃત્વ કરનારા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પણ આ જ ભાવના છે, જે લૌકિક નેતૃત્વનાં પરિમાણોથી સાવ વેગળી જ છે. ભવ્ય, દિવ્ય અને વિક્રમસર્જક 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'ની ઉજવણી કર્યા પછી, ૧.૨૧ કરોડ લોકો માટે જીવન-પ્રેરણા અને આધ્યાત્મિક આહ્લાદકતાનો સ્રોત સર્જી ચૂક્યા પછી, મહંત સ્વામી મહારાજની આપણી પાસેથી અપેક્ષા શું હતી? તેઓ બોલ્યા હતાઃ ''શતાબ્દી મહોત્સવ તો ઊજવાયો, પણ ખામી ન રહી જવી જોઈએ. સત્પુરુષના ભાવને પમાય, એ રીતે ઊજવાવો જોઈએ.''

તેઓને તો એક જ લક્ષ્ય છે કે આપણે સૌ અક્ષરરૂપ, બ્રહ્મરૂપ, સત્પુરુષરૂપ થઈ જઈએ, અંદરથી શુદ્ધ થઈ જઈએ – તો સાચો ઉત્સવ ઊજવ્યો કહેવાય!

તો વળી, અમેરિકામાં પશ્ચિમ ગોળાર્ધનું સૌથી મોટું હિન્દુ મંદિર ઉદ્‌ઘાટિત કર્યા પછી, સમગ્ર વિશ્વમાં, મોટાં-મોટાં અખબારો કે ન્યુઝ ચેનલોમાં, તે છવાઈ ગયા પછી, સ્વામીશ્રી પોતાના સંતો-ભક્તો પ્રત્યે શું બોલ્યા? ''બહાર તો અક્ષરધામ થઈ ગયું છે, પણ આપણે આ અક્ષરધામ અંદર લઈ જવાનું છે. ને ત્યાં શણગારવાનું ને બધી અંદર ધામધૂમ કરવાની. તો જ ધ્યેય સિદ્ધ થયું કહેવાય, કારણે કે આ બધું જે કરીએ છીએ એ અંદર દિવ્યતા, ભગવાન પ્રગટે અને આપણે બ્રહ્મરૂપ થઈએ એ જ હેતુ છે.'' કેટલી સ્પષ્ટતા! બાહ્યવૈભવ નહીં પણ દિવ્ય આંતરવૈભવ પમાય એ જ આ ભવ્ય અક્ષરધામનો હેતુ છે.

આવું અનોખું નેતૃત્વ ક્યાં જડે? જેને આપણું અંતઃકરણ શુદ્ધ કરવાની મહેચ્છા હોય! જેનું લક્ષ્ય જ આપણું પરમ શ્રેય હોય!

## સૌનાં અંતર કબૂલે છે

કૃતાર્થ છીએ આપણે કે પરમ કલ્યાણકારી એવા અનોખા આધ્યાત્મિક નેતૃત્વની આપણને પ્રાપ્તિ થઈ છે. જેમ કપ્તાન અનુભવી હોય એ જહાજમાં સૌને પાર પડી જવાનો વિશ્વાસ હોય, જેમ સેનાપતિ શક્તિશાળી હોય એ સેનામાં સૌ સૈનિકોને નિરંતર ઉત્સાહ હોય, એ જ રીતે આપણને મહંત સ્વામી મહારાજ જેવા અજોડ ગુરુની, ભગવત્સ્વરૂપ સંતની પ્રાપ્તિ થઈ છે તો હવે ફિકર શાની? આવા ગુરુરૂપ હરિનું અનોખું આધ્યાત્મિક નેતૃત્વ પામીને સૌનાં અંતર કબૂલે છે કે *'અમે થયા ધન્ય કૃતારથ આજ, આનંદ અંતર છાઈ રહ્યો...'* ◆



# ચાતુર્માસના નિયમો

**પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ, પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સર્વે હરિભક્તોએ ચાતુર્માસના નિયમો નીચે મુજબ ગ્રહણ કરવા. અષાઢ સુદ ૧૧, તા. ૬-૭-૨૦૨૫ થી કાર્તિક સુદ ૧૧, તા. ૨-૧૧-૨૦૨૫ સુધી આ નિયમોનું પાલન કરીને શ્રીહરિ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ :**

**વાંચનયજ્ઞઃ** નીચે આપેલાં પુસ્તકોનું વાંચન કરવું.

૧. નિત્ય વચનામૃત અને સ્વામીની વાતોનો પાઠ અથવા શ્રવણ.

૨. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજઃ ભાગ-૧૦ (વિસ્તૃત જીવનચરિત્ર) વાંચન અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા નિત્ય ૧૫ મિનિટ શ્રવણ કરવું. જે હરિભક્તોને ભાગ-૯ બાકી હોય તેમણે તેનું પઠન અથવા શ્રવણ કરવું.

૩. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનું વિસ્તૃત જીવન ચરિત્રનો પાઠ અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા નિત્ય ૧૫ મિનિટ શ્રવણ કરવું.


**વ્રત-તપયજ્ઞઃ** શારીરિક દૃષ્ટિએ અનુકૂળ હોય તેમણે ધારણાં-પારણાં, ચાંદ્રાયણ વગેરે વ્રત-તપ કરવાં અથવા શ્રાવણ માસમાં એકટાણાં વ્રત કરવું.

**ભક્તિયજ્ઞઃ** દરરોજ પાંચ કે વધુ માળા અધિક ફેરવવી. અધિક દંડવત, અધિક પ્રદક્ષિણા વગેરે શ્રદ્ધા અનુસાર કરવાં. એક સ્નેહીને પાકા સત્સંગી થવા માટે પ્રેરણા આપવી.

**ગુણકથન યજ્ઞઃ** દર અઠવાડિયે ગુરુહરિ સ્વામીશ્રીનો એક નવો પ્રસંગ શક્ય તેટલા વધુ સગાં-સ્નેહીઓને રૂબરૂ કહીને કે પત્ર દ્વારા અથવા અન્ય માધ્યમથી જણાવવો.

**પારિવારિક નિયમોઃ** ઘરસભા કરવીઃ સામૂહિક રીતે ઘરસભામાં વાંચન, શ્રવણ, દર્શન તથા મનન કરીને ગોષ્ઠિ કરવી.

- દર મહિને એકવાર એક સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા. આખું વર્ષ એક જ સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા પણ દર મહિને નવા નવા પરિવાર આવે તેમ ન કરવું.
- એક નવા પરિવારને ઘરસભા કરતા કરવા. ◆



■ સાધુ દિવ્યમનનદાસ

## ગુરુહરિ મહંત સ્વામી મહારાજઃ

# પ્રભુકૃપા કે સંત! તમે મળ્યા જીવનપ્રવાસમાં...

જીવન એક યાત્રા છે. આશ્ચર્યો અને અનિશ્ચિતતાઓથી ભરપૂર યાત્રા. સમયાંતરે સ્ટેશનો બદલાય છે. નવા મિત્રો-મુસાફરો મળે છે અને જૂના સહયાત્રીઓ છૂટા પડે છે. અહીં કોઈ કલાકોના સાથી છે, તો કોઈ મહિનાઓના. કોઈ વર્ષોના તો કોઈ દાયકાઓના. સૌની સાથે આપણો એક અનોખો નાતો હોય છે. એ સંબંધોના તાંતણાઓ સાથે લાગણીઓના તંતુ જોડાયેલા છે. જે જીવનમાં સુખ, દુઃખ, આનંદ, ઉત્સાહ, હતાશા, નિરાશા, આશા, ઉમંગ જેવી મિશ્રિત લાગણીઓને જન્માવે છે. એટલે જ જીવનયાત્રાની સાર્થકતામાં કેવો સાથ-સંગાથ મળ્યો છે તે મહત્ત્વનું બની જાય છે.

જ્યારે અનંત જન્મોનાં પુણ્યનો ઉદય થાય છે ત્યારે આ મુસાફરીમાં સાચા ગુરુનો યોગ સાંપડે છે. એ જ છે જીવનનું સૌથી મહાન સૌભાગ્ય. તેઓનો સુયોગ આપણી જીવન-યાત્રાને મંગલમય બનાવે છે. જન્મોથી ઘર કરી ગયેલી બદીઓને ધોઈ નાખે છે, અંધકારમય કેડી ઉપર આશા-ઉત્સાહનાં અજવાળાં પાથરે છે, શ્રદ્ધા-ભક્તિનું અમૃત સીંચી જીવતર ધન્ય કરે છે. એ સંગાથ શાશ્વત બની રહે છે, ન કેવળ જીવનપર્યંત પરંતુ મૃત્યુ પછી પણ.

આશ્રિતોના યોગ-ક્ષેમનું વહન કરવાની જવાબદારી

ભગવાન સ્વામિનારાયણથી લઈને સમગ્ર ગુણાતીત ગુરુપરંપરાએ અજોડ રીતે નિભાવી છે. વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ એ જ પરંપરાને આગળ ધપાવી રહ્યા છે. સ્વામીશ્રી આપણા જેવા અનેકને સ્વીકારે છે, સંસ્કારે છે, સંભાળે છે, શ્રદ્ધા અને ભક્તિ સીંચે છે, જીવનને સાર્થક કરે છે, જીવનપ્રવાસના શાશ્વત સંગાથી બની જીવને શુદ્ધ કરી ભગવાનને ચરણે ધરે છે. આ દિવ્યયાત્રાના પ્રવાસી સેંકડો ભક્તો-ભાવિકોના અનુભવસાગરની અમૃતઅંજલિ અહીં પ્રસ્તુત છે.

બીજોલ ગામના વિઠ્ઠલભાઈ રાઠવા. પોતે સત્સંગી પણ પિતાને સત્સંગ નહીં. તેથી ઘરમાં માંસ રંધાય. બીજલભાઈને આ વાત ખૂંચ્યા કરતી કે એક સત્સંગીના ઘરમાં માંસાહાર કેવી રીતે પોષાય? તેથી મનમાં રહે કે જો પિતાજીને સત્સંગ થાય તો આમાંથી છૂટકારો મળે. પરંતુ દારૂ અને માંસાહારમાં રાચતા તેમના પિતા જેમલભાઈ માટે આ ભવે તો મદ્ય-માટી છોડવું અશક્ય જેવું હતું. ત્રણ વર્ષ સુધી તો વિઠ્ઠલભાઈએ પોતાની રસોઈ જાતે બનાવી. ઘરનું પાણી પણ ન વાપરે. નદીમાંથી પાણી લાવીને પછી રસોઈ બનાવે. પરંતુ તેઓની નિયમપાલનની ટેક જોઈ જાણે ભગવાન તેઓની વહારે આવી ગયા! ૧૯૯૭ના વર્ષમાં મહંત સ્વામી મહારાજ બોચાસણ પધાર્યા હતા. એ વખતે વિઠ્ઠલભાઈ પોતાના પિતાશ્રી સાથે સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રીએ બધી વિગત જાણી આશીર્વાદ આપ્યા ને સ્વામિનારાયણીય વર્તમાન ધરાવી જેમલભાઈને કંઠી પહેરાવી. વિદાય થતાં સ્વામીશ્રીએ વિઠ્ઠલભાઈને વાત કરી કે 'બે-ત્રણ કલાકમાં પરિણામ આવી જશે.'

સ્વામીશ્રીના મુખેથી નીકળેલા આ શબ્દોમાં દાયકાઓથી અડ્ડો જમાવીને બેઠેલા પાપમાંથી મુક્તિ મેળવવાનું વરદાન હતું.

વિઠ્ઠલભાઈ સ્વાનુભવ જણાવતાં કહે છે કે 'જ્યારે અમે ડભોઈ નજીક પહોંચ્યા ત્યારે મારા પિતાએ મને કહ્યું કે 'આજે ખૂબ મોટા સંતના હાથે મેં કંઠી પહેરી છે. મને આવો લાભ મળ્યો છે તો આજથી હું વ્યસન-દૂષણ બધું મૂકી દઉં છું.' ત્યારથી જેમલભાઈ એક નિર્વ્યસની સત્સંગમય જીવન જીવવા લાગ્યા. સત્પુરુષ સાથેની એક મુલાકાત જીવની વર્ષો જૂની બદીઓને ધોઈ નાખવા સમર્થ છે. તેઓના સાંનિધ્યમાત્રથી પરિવર્તન પ્રગટે છે.

અમદાવાદના યજ્ઞેશભાઈ મોદી[૧] એક જાણીતી ઇલેક્ટ્રિક કંપનીમાં સિનિયર મેનેજર તરીકે નોકરી કરે છે. તેઓની જવાબદારી એવી કે મહિનામાં પંદર દિવસ તેઓને મુસાફરી કરવી પડે. ગુજરાત અને મધ્યપ્રદેશમાં કંપનીના કાર્યભારનું સંચાલન તેઓના નેતૃત્વ નીચે થાય છે. પોતાનો સ્વાનુભવ કહેતાં તેઓ જણાવે છે કે 'મારું જીવન ખૂબ જ અણગમતું અને દુઃખદ બની ગયું હતું. હું વ્યસનોમાં સંપૂર્ણ રીતે ડૂબી ગયો હતો. વ્યસનો મારા જીવનનો અભિન્ન ભાગ બની ગયો હતો. જેની સીધી અસર મારા પરિવાર પર પડી. ઘરમાં મારે પત્ની સાથે રોજ ઝઘડા થતા. મારી પત્ની આ કકળાટભર્યા જીવનથી ત્રાસી ગયાં. પાંચથી વધુ વખત તેઓ મને છોડી પોતાના પિયરમાં જતા રહ્યાં હતાં. કુટુંબના કલહની ગંભીર અસર અમારા બે પુત્રો વેદ અને યક્ષ પર પણ પડતી હતી. એક વખત તો એવો આવ્યો કે મારા પત્નીએ આ ત્રાસમાંથી કાયમી મુક્તિ માટે આત્મહત્યાનો પ્રયાસ કરી લીધો. પણ ભગવાનનું કરવું કે એમનો જીવ બચી ગયો.

એવામાં પત્નીને સત્સંગનો યોગ થયો. મહંત સ્વામી મહારાજમાં શ્રદ્ધા રાખી મારાં પત્ની જીવન પસાર કરી રહ્યાં હતાં. તેમના આગ્રહથી હું પણ રવિવારે મંદિરે જવા લાગ્યો, પણ સત્સંગસભામાં બેસતો નહીં. મારા જીવનમાં કોઈ તાત્કાલિક પરિવર્તન તો જણાયું નહીં. પરંતુ જાન્યુઆરી ૨૦૧૮માં ગોંડલ ખાતે અક્ષરદેરી સાર્ધશતાબ્દી મહોત્સવ હતો. તે પ્રસંગે મારા એક મિત્રએ મને કહ્યું કે 'તું ત્રણ દિવસ માટે સેવામાં આવજે.' શરૂઆતમાં તો મેં ના જ પાડી દીધી, પણ કોઈ અંતઃસ્ફૂરણાથી હું સેવામાં ગયો. બસ! એ જ મારા જીવનનો વળાંક બની ગયો. અહીં સેવા દરમ્યાન મને મહંત સ્વામી મહારાજનાં સૌ પ્રથમ વખત દર્શન થયાં અને મારી જિંદગીએ પલટો માર્યો. સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી જ હૃદયમાં એક દિવ્ય લાગણી પ્રગટી ગઈ. અંતરમાં આશ્ચર્ય થયું કે 'આ મહાપુરુષ કોણ છે? આ તો કોઈ દિવ્યતાની જ મૂર્તિ છે.' સ્વામીશ્રીના સાંનિધ્યમાં મારી અંદર કંઈક બદલાઈ ગયું. મેં મનથી વ્યસન મૂકવાનો કોઈ નિર્ધાર પણ નહોતો કર્યો. પરંતુ આ પ્રસંગના બીજા જ દિવસે મેં પૂજા લઈ લીધી. એ દિવસને આજની ઘડી, સાડા છ વર્ષ થઈ ગયાં છે, હજુ સુધી મને કોઈ વ્યસન અભડાવી શક્યું નથી. સ્વામીશ્રીએ મારું સમૂળગું પરિવર્તન કરી દીધું. આજે સત્સંગ મંડળમાં હું કાર્યકર તરીકે સેવા આપી રહ્યો છું. પરિવારમાં ક્યારેય કલ્પના નહોતી કરી એવી સુખ-શાંતિ અને સમૃદ્ધિ છે. રોજ અમારા ઘરમાં ઘરસભા થાય છે. પહેલા જ્યાં દરરોજ ઝઘડા હતા ત્યાં પ્રેમ અને શાંતિ છે. મહંત સ્વામી મહારાજના યોગથી જીવન ધન્ય થયેલું અનુભવાય છે. જ્યારે મારા અતીત સામે જોઉં છું તો લાગે

૧. નામ બદલ્યું છે.

છે કે હું તો જિંદગી ખોઈ બેઠો'તો. પણ સ્વામીબાપાએ મને નવું જીવનદાન આપી ધન્ય કરી દીધો. તેઓના આ ઉપકારનો બદલો કોઈ રીતે હું વાળી શકું એમ નથી.'

सरति इति संसारः - સંસાર સતત પરિવર્તનશીલ છે. પળે પળે આસપાસનું વિશ્વ બદલાઈ રહ્યું છે. માણસના શરીરમાં પણ સતત પરિવર્તન ચાલી રહ્યું છે. પરંતુ ભીતરી પ્રકૃતિનું પરિવર્તન એ વાત અહીં અપવાદ છે. કહેવાય છે કે 'પ્રાણ અને પ્રકૃતિ ભેગા જ જાય.' પરંતુ સત્પુરુષના યોગથી જન્મોથી ઘર કરી ગયેલી પ્રકૃતિ પણ બદલાય છે. ભગવાન સ્વામિનારાયણ વરતાલના ત્રીજા વચનામૃતમાં કહે છે કે 'એવા જે મોટાપુરુષ છે તે સમુદ્રનાં જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાંખે છે.' કથીરના કુંદન થયેલા આવા સેંકડો દાખલાઓથી સત્સંગનો ઇતિહાસ ભરચક છે.

જાણીતા ફિલ્મ ડાઈરેક્ટર અરવિંદ બબ્બલને મહંત સ્વામી મહારાજના સાંનિધ્યથી આવા જ એક પરિવર્તનનો અનુભવ થયો છે. પ્રમુખસ્વામી મહારાજની ૯૬મી જન્મજયંતીમાં 'મુક્તાનંદ' પ્રદર્શન અંતર્ગત તેઓએ એક હૃદયસ્પર્શી ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું. જેનાથી હજારો લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા મળી હતી. પરંતુ કરુણતા એ હતી કે ફિલ્મના ડાયરેક્ટર અરવિંદ બબ્બલ વ્યસનની ચુંગાલમાં એવા ફસાયા હતા કે દિવસની ૩૫ સિગારેટ પીતા હતા. અને આ ફિલ્મ બાદ પણ તેઓના મનમાં સિગારેટ છોડવાનો કોઈ વિચાર નહોતો. અલબત્ત, તેઓ જાણતા હતા કે સંતો તેઓને આ બાબતે ટકોર કરશે. પરંતુ તેઓએ પૂર્વથી જ સિગારેટ ન છોડવાનો નિર્ધાર કરી લીધો હતો. પરંતુ તેઓનો આ નિર્ધાર લાંબો ન ટક્યો. અરવિંદ બબ્બલને લઈને સંતો સ્વામીશ્રી પાસે પધાર્યા. ૬ ડીસેમ્બર, ૨૦૧૬નો એ દિવસ હતો. સ્વામીશ્રી સાથેની પ્રથમ જ મુલાકાતે તેઓનું અંતર વલોવી નાખ્યું. સંતોએ તેઓનો પરિચય આપીને વ્યસનમુક્તિ માટેના આશીર્વાદ આપવા જણાવ્યું ત્યારે મહંત સ્વામી મહારાજ પોતાની બે હથેળી ઘસીને બોલ્યાઃ 'ગયું...' સ્વામીશ્રીના બે જ અક્ષરોએ ૩૫ વર્ષ જૂના વ્યસનને જડમૂળમાંથી ઉખાડી નાખ્યું. તેઓની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યા. સંતોએ કારણ પૂછતાં અરવિંદ બબ્બલ બોલ્યાઃ 'मैं इस अभिशाप से मुक्त हो गया। बरसों पहले मैंने मेरे पिता को गवाया था। और आज जब महंत स्वामी महाराज ने मेरे हाथ पकड़ा तब मुझे लगा कि मेरे पिताजी ने ही मेरा हाथ थामा है और मुझे आशीर्वाद दे रहे हैं।' પરંતુ વાત અહીં અટકી નહીં. જેમ જેમ તેઓ સ્વામીશ્રીના યોગમાં આવતા ગયા અને તેઓના સ્વભાવો અને પ્રકૃતિ પણ બદલાવા લાગ્યા. અત્યંત તેજ મિજાજના આ વ્યક્તિએ સ્વીકાર્યું કે સ્વામીશ્રીના આશીર્વાદથી મારો ક્રોધ શાંત થયો છે. પરિવારમાં પણ સુખ-શાંતિ વધ્યાં છે. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ વખતે મહંત સ્વામી મહારાજનો તેઓના જીવન પર કેવો પ્રભાવ પડ્યો છે તે જણાવતાં ભાવાર્દ્ર સ્વરે તેઓએ કહ્યું કે ' मेरे व्यक्तिगत जीवन पर बहुत फर्क पड़ा है। मैं २०१६ से पहले एक अलग व्यक्ति था। मैं सफल था, काम करता था, लेकिन मैं बहुत रेस्टलेस, बेचैन था, गुस्सा जल्दी आ जाता था। गुस्सा यानि काफी(अत्यंत तीव्र)। सब मेरे ऑफिस में बोलते थे कि आज तो सर की चौथी कुकर की सिटी बजी है। लेकिन धीरे धीरे वो चीज अपने आप ही खतम हो गई। मैं महंत स्वामी जी से मिला - उस पहली ही मुलाकात के बाद मेरे भीतर एक अलग के अरविन्द बब्बल का जन्म हुआ है और वो मैं महसूस करता हूँ। अभी आप जिस अरविन्द बब्बल से बात कर रहे हैं, वो एक बदला हुआ इन्सान है।'

*'એનું પંડ છે પારસમણિ લોઢાને કંચન કરે રે જી...'*

સત્પુરુષના દિવ્ય સહયોગથી જીવનમાં સકારાત્મક પરિવર્તનનો પ્રાણ ફૂંકાય છે. વ્યસનો અને દુર્જેય સ્વભાવોની કેદમાંથી છોડાવનાર સત્પુરુષ નિરાશા અને હતાશાઓના ઘેરાયેલાં કાળાં ડિબાંગ વાદળો વચ્ચે પણ આશાનો સૂર્યોદય બનીને પ્રગટે છે. કપરા કાળમાં તેઓનો સાથ-હાથ-સંગાથ ડૂબતાને મળી ગયેલા આધાર છે.

સુરતના રહેવાસી હસમુખભાઈ હીરાપરા. દારૂ અને માંસાહારથી ચકચૂર આ જિંદગીનો મોજશોખ જ પર્યાય હતો. સંતો-મહાત્માઓ માટે પહેલેથી જ મનમાં ભારે પૂર્વગ્રહ. લાલ કપડું ભાળે ને ભેંસ ભડકે તેમ તેઓ સાધુ-સંતોને જોઈ ભડકતા. પરંતુ ૨૦૦૧ની સાલમાં તેઓનું સગપણ નક્કી થયું. ધર્મપત્ની સ્વામિનારાયણીય સત્સંગી હતાં. તેથી મંદિર જવું, પૂજા-પાઠ કરવાં, ડુંગળી-લસણ વગરનું જમવું વગેરે નિયમોનું તેઓ પાલન કરતાં. હસમુખભાઈને આ ગમતું નહીં. શરૂઆતમાં થોડો સમય તો સંબંધ સાચવવા બધું ચલાવી લીધું. પણ પછી હસમુખભાઈના તેજ મિજાજના તીખારા ઝરવા લાગ્યા. તેઓનાં ધર્મપત્ની સવારે ઘરમંદિરમાં ઘંટડી વગાડે તો પથારીમાંથી ઊઠી તેઓ ગાળોની વર્ષા કરે. પત્નીને સભામાં કે મંદિરે જવું હોય તો પણ ગભરુ હૈયે જવું પડે, કારણ કે હસમુખભાઈ ઘરમાં પગ મૂકે ત્યારે તેઓની ઉપસ્થિતિ મોટી આફત લઈ આવે. એક વખત બંને બહાર જમવા ગયાં. પતિની પ્રકૃતિને વશ ધર્મપત્નીને રુચિ ન હોવા છતાં પણ જવું પડતું. તેમના

પત્નીએ ડુંગળી-લસણ વગરનું ભોજન મંગાવ્યું. તો હસમુખભાઈ પરાણે તેઓના મોઢામાં ડુંગળી ખોસી દીધી. હદ તો ત્યારે થતી કે આ નિયમનો ભંગ કરાવવા તેઓ ઘરે પાણીના માટલામાં જ ડુંગળીનો દડો નાખી દેતા. તેઓ કહે છે - 'કેમેય કરીને મારી પત્ની આ 'ધરમ-ધતિંગ' મૂકી દે એ જ મારી ઇચ્છા હતી.'

આવી વિચિત્ર પ્રકૃતિ ધરાવતાં હસમુખભાઈની જિંદગીમાં ધ્રાસકો દેનારી એક અણધારી ઘટના બની. સન ૨૦૧૮માં તેઓએ હીરાની ખરીદી માટે પોતાની જેટલી બચત હતી તે વેચી નાખી. પણ કમનસીબે કોઈ તેમને ઠગી ગયું. હીરા નકલી નીકળ્યા. આ જાણ થતાં જ હસમુખભાઈના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ. જિંદગી લૂંટાઈ ગયાનો અનુભવ કરી રહ્યા. પત્ની સાથે વારંવાર થતાં ઝઘડાને કારણે તેઓએ આ વાત કોઈને કરી નહોતી. હવે શાંતિ માટેનો એક જ રસ્તો તેમને દેખાવા લાગ્યો. રાત્રે તાપી નદી પાસે પહોંચ્યા. બસ આમાં હવે જીવન ટૂંકાવી દેવું છે એ નિર્ણય કરી લીધો. પરંતુ એ જ સમયે પોતાના બે દીકરાઓની છબિ તેમના માનસપટ પર તરવરવા લાગી. કુમળીવયના આ છોકરાઓનું પછી શું? એ વિચારથી તેઓ ઘરે પાછા આવ્યા. છોકરાઓના માથે હાથ ફેરવ્યા. સૂઈ ન શક્યા. પડખાં ઘસતાં રહ્યા. પત્ની કારણ પૂછે, પણ કોઈ જવાબ ન મળે. બીજે દિવસે ફરી હિંમત ભેગી કરી નક્કી કર્યું: 'આજે છેલ્લીવાર આ છોકરાઓનું મોઢું જોઈ લઉં. આવતીકાલે તો આત્મહત્યા કરી જ લેવી છે.'

હતાશા-નિરાશાનું એક પ્રચંડ વાવાઝોડું દિલ-દિમાગમાં ઘૂમરાતું હતું. વિચારોથી જ્યારે મગજ પાકી ગયું, પડખાં ઘસી શરીર થાકી ગયું ત્યારે મધરાત્રે તેઓની આંખો મીંચાઈ. અને આશ્ચર્ય! એક કાષાય વસ્ત્રધારી સંત તેઓના ખાટલા પાસે આવીને બેઠા. હસમુખભાઈ તે અનુભૂતિની વાત કરતાં કહે છે: 'એ સંત મારા સ્વપ્નમાં આવ્યા ને મારી સામે જોઈને પ્રેમથી હસ્યા. મારે માથે હળવેથી હાથ ફેરવી રહ્યા. મુખ પર મંદ સ્મિત અને આંખોમાં નિર્મળ પ્રેમ. જીવનમાં ક્યારેય ન કર્યો હોય તેવી શાંતિ, પ્રેમ અને હૂંફનો અનુભવ હું કરી રહ્યો હતો. હવે મારાં મન-હૃદય પર ખરાબ વિચારોની જગ્યાએ આ સંતના નિર્દોષ ચહેરાએ કબજો કરી લીધો હતો. મને કલાકો સુધી એ જ દેખાયા કરે. હું સવારે જાગ્યો ને ખૂબ રડ્યો. ખૂબ હળવો થઈ ગયો. આ કોણ હતું? ઘણીવાર સુધી વિચાર કરી રહ્યો. છેવટે મારાં પત્નીને મેં બધી વાત જણાવી. તે મહંત સ્વામી મહારાજનો ફોટો લઈ આવી અને મને બતાવીને પૂછ્યું: 'આ સંત હતા?' એ જ નિર્દોષ ચહેરો અને એ જ મર્માળુ હાસ્ય. મેં કહ્યું: 'આ જ હતા.'' પછી તો હસમુખભાઈને કોઈપણ ભોગે સ્વામીશ્રીના પ્રત્યક્ષ દર્શનની લગની લાગી ગઈ. તેઓને આશ્ચર્ય એ હતું કે 'જે સાધુને મેં આટલી ગાળો ભાંડી, આટલું અપમાન કર્યું. તેમણે જ મારા જીવનની કટોકટીની ક્ષણમાં આવો પરચો પૂર્યો!' સ્વામીશ્રી આપે છે, કોઈ અપેક્ષા વગર. માફ કરે છે, કોઈ ગણતરી વગર. સાગર જેવા દિલડામાં તેઓએ લાખો ગુના-અપરાધો-સ્વભાવો પચાવી લીધા છે. તોય તેઓના હૈયેથી વાત્સલ્યનો અમૃત ઝરો જ વહેતો રહે છે.

એ ઝરામાં ઝબકોળાયેલા હસમુખભાઈ તાબડતોબ સ્વામીશ્રીનાં દર્શન માટે બોડેલી જવા નીકળ્યા. આખી રાત ગાડી હાંકી વહેલી સવારે તેઓ કાગડોળે મહંત સ્વામી મહારાજની વાટે મંદિરનાં પગથિયાં પાસે ઊભા રહ્યા. પ્રથમ વખત મહંત સ્વામી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં તે અનુભૂતિને ભાવસભર હૈયે વાગોળતાં તેઓ જણાવે છે: 'સ્વામીશ્રીને મેં પહેલીવાર જોયા ને હું રડીને ઢગલો થઈ ગયો. આખી રાત જે સાધુએ મને સપનામાં દર્શન આપ્યાં હતા તે જ મારી નજરની સામે ચાલ્યા આવતા હતા. એ જ મૂર્તિ. એ જ ચહેરો. મને જાણે ઈશ્વર મળી ગયા! ભલે મેં કરોડ રૂપિયા ગુમાવ્યા, પણ કરોડ રૂપિયા આપતાંય ભગવાન ક્યાં મળે? મને ભગવાન મળી ગયા છે. હવે મારે જીવનમાં બીજું કશું જોઈતું નથી.' પછી તો હસમુખભાઈને સત્સંગનો એવો રંગ લાગ્યો કે તેઓએ અત્યાર સુધીમાં ૧૮૦થી વધુ લોકોને કંઠી પહેરાવી સત્સંગી કર્યા છે! તેઓનો સંકલ્પ છે કે મારે એક હજાર લોકોને મહંત સ્વામી મહારાજની ઓળખાણ કરાવીને સત્સંગ કરાવવો છે. સ્વામીશ્રીના યોગથી આજે હસમુખભાઈનો પરિવાર સુખસાગરમાં હિલોળા લઈ રહ્યો છે. સત્સંગ, સેવા, ભજન-ભક્તિથી સૌ અપાર આનંદનો અનુભવ કરી રહ્યા છે.

બ્રહ્માનંદ સ્વામી લખે છે કે 'पशु मिटाई मनुष्य मोहे कीनो, कहाँ कहूँ हरि करुणा तेरी...' સ્વામીશ્રીની કરુણાનો પણ કોઈ કાંઠો જડે તેમ નથી. સંસારસાગરના ઝંઝાવાતોમાં જીવનનૌકાના ખેવટિયા બનીને તે નૈયા સંભાળે છે અને અંતે અક્ષરને ઘાટ શ્રીહરિની સમીપે પહોંચાડી દે છે. જેમ મેલાઘેલા બાળકને મા નવડાવી-ધોવડાવી તૈયાર કરી બાપના ખોળામાં રમતો મૂકે છે. તેમ સ્વામીશ્રી આ જીવને અણિશુદ્ધ કરી ભગવાન સ્વામિનારાયણના ખોળે મૂકી દે છે.

ભૂપેન્દ્રસિંહ બારોટની એવી જ એક સત્યઘટના છે. સન ૨૦૧૮માં ભૂપેન્દ્રસિંહ બારોટ અમેરિકાના ન્યૂયોર્કમાં તેમના દીકરા સાથે સ્થાયી થયા. તેઓ નિયમિત ન્યૂયોર્કના ફ્લશિંગ

વિસ્તારમાં બી.એ.પી.એસ. મંદિરે જતા અને સત્સંગ-ભક્તિ કરતા. સન ૨૦૨૧માં તેઓને હૃદયમાં બે બ્લોકેજ નીકળતાં સ્ટેન્ટ મુકાવવાનાં થયાં. સન ૨૦૨૨માં લીમ્ફોમા કેન્સર ડિટેક્ટ થયું! આમ, બે બે મોટી બીમારીઓ સામે તેઓ કોઈપણ પ્રકારની ઉદાસીનતા વગર ઝીંક ઝીલી રહ્યા હતા.

૯મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ભૂપેન્દ્રભાઈ વધુ બીમાર પડ્યા. તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યા. સારવાર ચાલુ હતી. તે અરસામાં ૨૦મી સપ્ટેમ્બરે તેમનો જન્મદિવસ આવ્યો. પરિવારનાં સભ્યોએ ભેગા મળી જન્મદિવસની ઉજવણી કરી. આ દિવસે ભૂપેન્દ્રભાઈએ સૌના આશ્ચર્ય વચ્ચે એક વિશિષ્ટ જાહેરાત કરીઃ ‘આજથી પાંચ દિવસ પછી હું ધામમાં જઈશ... અને મને મહંત સ્વામી લેવા આવશે.’ આ સાંભળી સૌ અવાક્ બની રહ્યા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ની સવારથી ભૂપેન્દ્રભાઈ કોઈનું નામ ન લેતાં એક જ વાતનું રટણ કરતા કે ‘હવે ચાર દિવસ...’ ૨૨મી સપ્ટેમ્બરે કહે : ‘હવે ત્રણ દિવસ...’ ૨૩ સપ્ટેમ્બરથી તેમણે ધામનું વર્ણન કરવાનું ચાલુ કર્યું!! ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ભૂપેન્દ્રભાઈએ સવારથી તેમની આજુબાજુનાં પરિવારજનોને વારે વારે સમય પૂછવાનું ચાલુ કર્યું. વળી, એમ પણ કહેવા લાગ્યા કે ‘મેં તમને યોગીબાપા અને પ્રમુખસ્વામી બાપાના જે કાંઈ પ્રસંગો કહ્યા છે, તે વાગોળતા રહેજો. સત્પુરુષને વળગી રહેજો. અને બી.એ.પી.એસ.ના સિદ્ધાંતોને મનમાં દૃઢ રાખીને સત્સંગ કરજો.’ આ દિવસે પરિવારના એક સદસ્યે તેઓને પૂછ્યું કે ‘તમને ધામમાં લઈ જવાનું પ્રમુખસ્વામી મહારાજે કહ્યું? કે મહંત સ્વામી મહારાજે?’

‘મહંત સ્વામી મહારાજે.’

‘શું કહ્યું છે?’

‘૨૫ તારીખ, ૨:૩૦ વાગ્યે.’

‘...બાપાએ જ્યારે આવું કીધું કે ‘હું લેવા આવીશ’ તો તમે શું કહ્યું?’

‘આવી જઈશ હું. તમે આવજો.’

‘પાક્કા પાયે જ છે ને, આજે તો?’

‘આજે નક્કી છે.’ ભૂપેન્દ્રભાઈએ દૃઢ સ્વરે કહ્યું.

તે દરમ્યાન એક દીકરી અભિષેકનું જળ લઈને આવી. ભૂપેન્દ્રભાઈ કહે ‘..મને જળ મળી ગયું છે.’

‘તમને મળી ગયું?!’

‘હા, જળ મળી ગયું.’

‘તમને કોણે આપ્યું?’

‘ઉપર જળ મળી ગયું, ઠંડું...’

‘તમને એવું જળ કોણે આપ્યું?’

મંદ સ્મિત સાથે ભૂપેન્દ્રભાઈ કહેઃ ‘સરોવર ભરેલું છે...’

‘ક્યાં?’

‘ઉપર, ધામમાં....’

‘સરોવરમાં કોણ છે?’

‘નૌકાવિહાર - બાપા કરે છે, શ્રીજીમહારાજ જોડે!’

‘મૂર્તિ કેવી છે મહારાજની?’

‘કિશોરમૂર્તિ! ઘનશ્યામ મૂર્તિ છે... મહંત સ્વામી મહારાજ વિહાર કરાવે છે.’


‘મહારાજે વાઘા કેવા પહેર્યા છે?’

‘મહારાજે ગુલાબી રંગના વાઘા પહેર્યા છે’

ભૂપેન્દ્રભાઈ સાથે આમ વાર્તાલાપ ચાલ્યો. એવામાં બપોરના ૨:૨૮ થયા. ભૂપેન્દ્રભાઈએ મુખ આકાશ તરફ કરીને કંઈક જોવા લાગ્યા. તેમના મુખ પર પરિવારજનોને અલગ પ્રકારનું તેજ જણાવા લાગ્યું. અને સૌ ઉચ્ચ સ્વરે ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ’ ધૂન કરવા લાગ્યા. ને બરાબર ૨:૩૦ વાગ્યે ભૂપેન્દ્રભાઈએ આંખો મીંચી દીધી!! આમ, મહંત સ્વામી મહારાજે તેઓને ૨૫ તારીખે બપોરે ૨:૩૦ વાગ્યે ધામમાં લઈ જવાનો જે કૉલ આપ્યો હતો, બરાબર એ જ તારીખે અને એ જ સમયે સ્વામીશ્રી અક્ષરધામમાં તેડી ગયા ને શ્રીહરિના ખોળે મૂકી દીધા.

જીવનપ્રવાસમાં બહુ ઓછા સંબંધો અંતિમ શ્વાસ સુધી ટકી રહે છે. છેવટે દેહ મૂકતાં તો મનુષ્યને બધુ છોડવું જ પડે છે. એ વખતે એક જ શાશ્વત સંગાથ સાથે રહે છે, ગુણાતીત ગુરુનો. આ લોકમાં હાથ પકડ્યા પછી અક્ષરધામમાં ભગવાનના ખોળે મૂકવા સુધી તેઓ આપણો હાથ પકડી રાખે છે. જીવનની યાત્રામાં આવા ગુણાતીત ગુરુનો યોગ સાંપડે પછી બીજું શું જોઈએ? કારણ કે તેઓને પામીને કશું જ પામવાનું રહેતું નથી. તેઓના સહવાસથી જીવન તો ધન્ય બની જ જાય છે, પણ મૃત્યુ પછીનું જીવન પણ મહોત્સવ બની જાય છે. અનંત જન્મોથી રઝળપાટ કરતા જીવતરનું આ જ પરમ સૌભાગ્ય છે. એ જ ભગવાનની આપણા ઉપરની સૌથી મોટી કરુણા છે. આ જ કૃપા-કરુણાને વાચા આપતી ગની દહીંવાલાની એ પંક્તિઓ હૈયે ઉભરાઈ આવી છે –

તમે જ રાહ ને તમે જ રાહબર હતા ભલા!
તમે જ શું દશે દિશા! તમે જ તૃપ્તિ ને તૃષા,
ખરું પૂછો તો આદિથી હતી તમારી ઝંખના,
અદીઠને અનેકવાર મેં કરી છે વંદના,
મને થતું! કે એ જ છે હૃદયની આસપાસમાં,
પ્રભુકૃપા કે સંત! તમે મળ્યા જીવન-પ્રવાસમાં... ◆



■ સાધુ વેદાનંદદાસ

## ગુરુહરિ મહંત સ્વામી મહારાજઃ

# અહંશૂન્ય વ્યક્તિત્વના વિરલ ધારક સંતવિભૂતિ

એક રાજમાર્ગ પર પિતા-પુત્ર જતા હતા. ત્યાં રાજાની સવારી આવી. દસ સિપાહી રાજાની આસપાસ હતા. પુત્રએ પિતાને પૂછ્યું, 'આ કોણ જાય છે?'

પિતા કહે, 'રાજા.'

થોડીવાર પછી એક ચોરને પકડીને દસ સિપાહીઓ લઈ જતા હતા. તે જોઈ પુત્રે પૂછ્યું, 'આ કોણ છે?'

'આ ચોર છે.' પિતાએ કહ્યું.

પુત્રને નવાઈ લાગી અને તેણે પિતાને પૂછ્યું, 'પહેલા જે માણસ હતો તેની સાથે પણ દસ સિપાહી હતા અને આની સાથે પણ દસ છે. છતાં પેલો રાજા ને આ ચોર, એવું કેમ?'

'બંને માણસ વચ્ચે ફરક છે.'

'શો ફરક છે? પુત્રે પૂછ્યું.

'ના, બંને વચ્ચે બાહ્ય દેખાવ પ્રમાણે કોઈ ફરક નથી. પરંતુ પહેલા માણસ સાથે દસ સિપાહી હતા એ માણસના વશમાં હતા. જ્યારે બીજો માણસ દસ સિપાહીઓના વશમાં છે. એક શાસન કર્તા રાજા છે ને બીજો ચોર છે.'

આમ જ, સામાન્ય માનવી અને ઉચ્ચ આધ્યાત્મિક પદે બિરાજતા ગુણાતીત ગુરુ વચ્ચે પણ આમ જ ફરક છે. બાહ્ય દેખાવે કરીને તો બંને સરખા જ જણાય, પરંતુ ગુણાતીત ગુરુને ઇન્દ્રિયો-અંતઃકરણ વશ છે. જ્યારે સામાન્ય માનવી

તે ઇન્દ્રિયો-અંતઃકરણને વશ છે.

*જો હંસ બેઠા બગમધ્ય હોય, છુપાવતાં છુપિ રહે ન તોય;*
*આહાર જૂદા થકી ઓળખાય, મોતી મરાળો બગ મત્સ્ય ખાય.*
*બેસે કદિ કોકિલ કાગ સંગે, જણાય જોતાં સરખાં જ અંગે;*
*ઉચ્ચાર જ્યારે મુખથી કરાય, કોકીલ ને કાગ જુદાં જણાય.*
*જો કાચકેરા કટકા અનેક, તે માંહિ હીરો કદિ હોય એક;*
*પડે પછી તે નજરે ઘણાની, હીરા તણી જોત રહે ન છાની.*

ગુણાતીત સત્પુરુષ એનાં લક્ષણોને આધારે ઓળખાય, એની ક્રિયાઓને આધારે ઓળખાય.

વર્તમાન સમયે એવા દિવ્ય અને વિરલ ગુણો-લક્ષણોના ધારક સંત મહંત સ્વામી મહારાજ છે. આ ગુણાતીત ગુરુની એવી એક વિરલ આધ્યાત્મિક ગુણ-સંપત્તિનું અહીં આચમન કરવું છે. એ છે તેઓની અહંશૂન્યતા. જેમ ફૂલ પ્રત્યેક પાંદડીએ સુગંધ ધરાવે છે તેમ મહંત સ્વામી મહારાજના રોમ રોમમાં મહેકે છે તેઓની અહંશૂન્યતા.

શાસ્ત્રોમાં સાચા સંતનાં લક્ષણો વર્ણવ્યાં છે. તે તમામ લક્ષણોના સારરૂપે એક ગુણ મુખ્યપણે છે – અહંશૂન્યતા, અહંકારથી રહિતપણું. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં બીજા અધ્યાયના ૭૧મા શ્લોકમાં સ્થિતપ્રજ્ઞનું આવું એક લક્ષણ બતાવ્યું છે – निरहङ्कारः।

ભગવાન શ્રી રામચંદ્રજી વનવાસ દરમ્યાન વાલ્મીકિજીને પૂછે છે, 'અમારા માટે રહેવા માટેનું યોગ્ય, ઉત્તમ સ્થાન બતાવો.' ત્યારે વાલ્મીકિજી એવા સંતની વાત કરે છેઃ

काम कोह मद मान न मोहा। लोभ न छोभ न राग न द्रोहा॥
जिन्ह कें कपट दंभ नहिं माया। तिन्ह कें हृदय बसहु रघुराया॥
(रामचरितमानसः अयोध्याकाण्ड)

જેનામાં કામ, ક્રોધ, મદ, માન, મોહ, લોભ, ક્ષોભ, રાગ-દ્વેષ, કપટ, દંભ, માયા વગેરે કશું જ નથી તેના હૃદયમાં આપ રઘુરાયનો નિવાસ થાય છે.

અહીં, પણ ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા ગુણાતીત સંતના લક્ષણ તરીકે વર્ણવ્યું કે તેઓમાં માન-મદ-ક્રોધ-રાગ-દ્વેષનો લેશ પણ જોવા મળતો નથી.

મહંત સ્વામી મહારાજ એવા ગુણાતીત સત્પુરુષ છે કે જેઓ એવું એક વિરલ અહંશૂન્ય વ્યક્તિત્વ ધરાવે છે.

જેનામાં જેટલું વધુ સામર્થ્ય તેટલો તેનો 'અહં' પણ વધુ - એ સમીકરણ સામાન્ય રીતે સર્વવિદિત છે. પરંતુ મહંત સ્વામી મહારાજ એમાં અપવાદરૂપ છે. અપાર સામર્થી-ઐશ્વર્ય હોવા છતાં એટલા જ અહંશૂન્ય વર્તે છે.

તુલસીદાસજી રામચરિતમાનસમાં જણાવે છે, 'नहीं कोउ अस जनमा जग माहीं, प्रभुता पाई जाही मद नाहीं।' જગતમાં એવો કોઈ જન્મ્યો નથી કે જેને પ્રભુતા, સામર્થ્ય પ્રાપ્ત થયાં હોય અને તેનો મદ ન થયો હોય.

મહંત સ્વામી મહારાજ એમાં એક એવું વિરલ સંત-વ્યક્તિત્વ છે કે સામર્થ્ય-પ્રભુતા સહજ પ્રાપ્ત થયાં હોવાં છતાં જે હંમેશાં સૌના દાસ બનીને રહે છે. પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ જેમનામાં અખંડ બિરાજી રહ્યા છે, તેવા સ્વયં અક્ષરબ્રહ્મ હોવા છતાં તેઓ સૌથી વધુ નિર્માની થઈને રહે છે. આ છે તેઓની અહંશૂન્યતા, અલૌકિકતા.

'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં કહ્યું છે, 'સમર્થ છતાં કોઈ વાતનો લેશ પણ ગર્વ કરે નહીં અને નાનામાં નાના સંતના દાસ મન, કર્મ, વચને થઈને રહે. એવા સંત કોઈના કળ્યામાં આવતા નથી.'

સામાન્ય રીતે અહંકારી વ્યક્તિ પોતાનો પરિચય આપે ત્યારે પોતાની મહત્તા બહાર આવે તે રીતે પરિચય આપે. રાવણ પોતાનો પરિચય આપતાં કહે છે, 'सोइ रावन जग बिदित प्रतापी' 'હું એ રાવણ છું જેના પ્રતાપને આખું જગત જાણે છે.' પરંતુ જ્યારે ગુણાતીત સત્પુરુષ પોતાનો જે પરિચય આપે છે તેમાં તેઓનું અહંશૂન્ય વ્યક્તિત્વ બહાર આવે છે.

એકવાર નડિયાદના બી.એ.પી.એસ. છાત્રાલયમાં પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા હતા. યુવકોએ પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ એક કવાલી રજૂ કરી. જેના શબ્દો હતા, 'આ સૂરજ પૂછે છે, આ ચાંદો પૂછે છે, ગગનમાં ચમકતો સિતારો પૂછે છે; પ્રમુખસ્વામી શું છે? પ્રમુખસ્વામી શું છે?' જવાબમાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યુંઃ 'હું ભગવાન સ્વામિનારાયણનો દાસ છું, શાસ્ત્રીજી મહારાજનો શિષ્ય છું, બી.એ.પી.એસ. સંસ્થાનો સાધુ છું.' ક્યાંય અહંકાર નહીં!

૧૮-૫-૨૦૧૯ના રોજ પુનઃ નડિયાદ છાત્રાલયમાં મહંત સ્વામી મહારાજ સમક્ષ પણ એ જ કડી થોડા શબ્દોના ફેરફાર સાથે ગવાઈઃ 'આ સૂરજ પૂછે છે, આ ચાંદો પૂછે છે, ગગનમાં ચમકતો સિતારો પૂછે છે; મહંત સ્વામી શું છે? મહંત સ્વામી શું છે?' ત્યારે મહંત સ્વામી મહારાજે પોતાનો પરિચય આપતાં કહ્યું હતું, 'સ્વામિનારાયણ ભગવાનનો દાસ છું અને સંતો-હરિભક્તો-યુવકો બધાનો દાસનો દાસ છું...'

મહંત સ્વામી મહારાજ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ અટલાદરામાં વિરાજમાન હતા. બ્રહ્મવત્સલદાસ સ્વામીએ પૂછ્યું, 'આપનો પરિચય કોઈ પૂછે તો આપ શું કહો?' ત્યારે મહંત સ્વામી મહારાજે કહ્યું, 'બધાનો દાસ...'

'બીજું વાક્ય?' સંતોએ પૂછ્યું.

'બધાના દાસમાં બધું જ આવી ગયું.' સ્વામીશ્રીએ દૃઢ સ્વરે કહ્યું.

૧૭-૧૨-૨૦૧૬, સેલવાસમાં એક સંતે સ્વામીશ્રીને પૂછ્યુંઃ 'આપ ગુરુપદે બિરાજ્યા તે પૂર્વે ચાર વર્ષ પહેલાંથી આપને ખબર હતી કે આપ ગુરુપદે આવવાના છો, છતાં કોઈને અણસાર પણ આવવા દીધો નહીં. અને ગુરુપદે આવ્યા પછી આપને એકદમ કેટલું બધું સન્માન અને સુવિધા મળવા લાગ્યાં! બીજો હોય તો અહંકારથી ફુલાઈ જાય, પણ આપનામાં એવું સહેજે દેખાતું નથી. આવું કયા વિચારથી રહે છે?'

સ્વામીશ્રી કહેઃ 'બધું ભગવાનનું છે, આપણું કાંઈ નથી. બધું ભગવાનનું છે ને ભગવાનને પાછું આપવાનું છે. વચ્ચે આપણે માધ્યમ છીએ.'

આ રીતે પોતાનામાં જે કાંઈ શક્તિ છે તે પોતાની અંદર રહેલા ભગવાનની શક્તિ છે તેમ સમજે છે તે જ અહંશૂન્ય રહી શકે છે.

૨૩-૭-૨૦૧૭, ટોરન્ટોમાં સ્વામીશ્રીને નવદીક્ષિત પાર્ષદોના જમવાનાં પત્તર પ્રસાદીનાં કરવાનાં હતાં. સ્વામીશ્રી સામે બેઠેલા પાર્ષદોને પગે લાગ્યા. ત્યારે મુનિચિંતનદાસ સ્વામીએ પૂછ્યું, 'સ્વામી! આપ કેમ પગે લાગ્યા? ગુરુ તો આપ છો!'

'મને મનાતું જ નથી કે હું ગુરુ છું, નેતા છું, મુખ્ય છું.' સ્વામીશ્રી સહજમાં બોલ્યા.

આજે વિશ્વવંદનીય સંત તરીકે લાખો ભક્તોએ તેઓને ગુરુ તરીકે સ્વીકાર્યા છે, રોબિન્સવિલના ભવ્ય અક્ષરધામ કે અબુધાબી મંદિર વગેરે સહિત ૬૦૦થી વધુ ભવ્ય મંદિરોનું નિર્માણ તેઓએ ફક્ત આઠ વર્ષના ટૂંકા સમયગાળામાં કર્યું છે, આધ્યાત્મિક-સામાજિક આદિ અનેક પ્રવૃત્તિઓથી ધમધમતી સંસ્થાના તેઓ સર્વેસર્વા છે, ૧૨૦૦ જેટલા ત્યાગી સંતો જેઓ માટે ન્યોછાવર થઈ ગયા છે, લાખો એવા હરિભક્તો છે કે જેઓ સ્વામીશ્રીના એક વચને યાહોમ થઈ જવા તત્પર છે, એવા મહંત સ્વામી મહારાજને પોતાને મનાતું જ નથી કે પોતે ગુરુ છે! 'હું કાંઈ જ નથી' એમ માને છે, એ તેઓની અહંશૂન્યતાની પરાકાષ્ઠા છે.

૧૫-૮-૨૦૨૪ના રોજ દિલ્હીમાં આદર્શજીવનદાસ સ્વામીએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યોઃ 'આપ ગુરુપદે આવ્યા પછી મોટામાં મોટી કોઈ બાબત બની હોય તો એ છે કે – આપ ગુરુ છો, એવું આપને લાગતું જ નથી! આ રોબિન્સવિલ અક્ષરધામ અને અબુધાબી મંદિર બનાવવા કરતાંય મોટી વાત છે કે – આઠ વર્ષમાં આપને એક સેકન્ડય આ વિચાર નથી આવ્યો!'

'હજુય એ વિચાર જ નથી આવતો કે 'હું ગુરુ છું'' સ્વામીશ્રી તુરંત બોલ્યા.

'આપની 'જય' બોલાવે ત્યારે આપ શું વિચારો?'

'બોલ્યે રાખે. ક્રમ છે, એ પ્રમાણે બધા બોલે.' સ્વામીશ્રીએ કહ્યું.

ઉત્તમયોગીદાસ સ્વામીએ કહ્યુંઃ 'અને સ્વામીશ્રી પોતાની સિદ્ધિઓ કે વિશેષતાઓને પણ યાદ નથી રાખતા.' પછી એક પ્રસંગ કહ્યો, 'ગઈ સાલ સ્વામીશ્રીએ રોબિન્સવિલ અક્ષરધામની પ્રતિષ્ઠા કરી, પછી હમણાં થોડા દિવસ પહેલાં જ, બોચાસણમાં તેઓને પ્રશ્ન પૂછ્યો, 'આપે અક્ષરધામની પ્રતિષ્ઠા કરી તે કયો દિવસ હતો?'

હવે પ્રતિષ્ઠા સ્વામીશ્રીના જન્મદિવસે જ હતી. પોતાનો જન્મદિવસ તો બધાને યાદ હોય અને એમાં પણ પોતાના જન્મદિવસે આવું વિશ્વવિક્રમી કાર્ય પોતે જ કર્યું હોય તે તો કોને ભુલાય? પરંતુ બીજું ઘણું બધું સહજતાથી યાદ રાખી શકતા સ્વામીશ્રીને તે યાદ જ ન હતું!

પોતાનો જન્મદિવસ ભૂલી જાય તે તો અહંભાવ સંપૂર્ણ ઓગાળી નાખ્યો હોય તો જ શક્ય બને.

૧૮મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ નિત્યક્રમ પ્રમાણે ચેષ્ટાગાન તથા અષ્ટકગાન પૂર્ણ કર્યું ત્યારે સેવક સંતે સ્વામીશ્રીનાં ચરણો તરફ નિર્દેશ કરતાં સહેજે પૂછ્યુંઃ 'આ ચરણની કિંમત કેટલી?'

'બે પૈસા.' તરત જ સ્વામીશ્રીના મુખેથી સરી પડ્યું.

સંતોએ હસતાં હસતાં ઘણી દલીલો કરી વારંવાર પૂછ્યું, પણ સ્વામીશ્રી ભાર દઈને કહેઃ 'બે પૈસા. કહ્યું ને!'

વળી એ દલીલો આગળ ચાલી એટલે સ્વામીશ્રી નિર્લેપતાભરી અરુચિથી કહેઃ 'કાંઈ નહીં... ઝીરો!' અહંશૂન્ય ગુરુહરિ બે પૈસામાંથી ઝીરો પર આવી ગયા!

સેવકે હસતાં હસતાં બીજા એક સેવક સંતના પગ તરફ નિર્દેશ કરતાં પૂછ્યુંઃ 'આમના ચરણની કિંમત કેટલી?'

'કરોડો ડૉલર!' સ્વામીશ્રીએ મહિમાથી કહ્યું. બીજા એક સેવક સંતના પગ તરફ નિર્દેશ થયો... ત્યારે પણ સ્વામીશ્રીએ મહિમાથી 'કરોડો ડૉલર!' કિંમત કહી...

આ પ્રસંગે પોતાની તુચ્છતા અને અન્યની મહાનતા ગાઈને સ્વામીશ્રીએ પોતાના અહંશૂન્ય વ્યક્તિત્વનો પરિચય સૌને આપી દીધો.

અહંકારી વ્યક્તિ પોતાના જશ, ગુણ ગાવાનો અવસર ચૂકે નહીં, જ્યારે સ્વામીશ્રીએ તો પોતાની મહાનતા હંમેશા છૂપાવી છે.

ઓગસ્ટ ૨૦૧૯માં સ્વામીશ્રી અટલાદરામાં હતા. એક દિવસ સ્વામીશ્રીએ સાહજિક બે પ્રસંગોની સ્મૃતિ કરી.

૧૯૫૨ની સાલમાં અટલાદરામાં યોગીબાપાએ સ્વામીશ્રીને કહ્યું હતું, 'તમારા દ્વારા મહારાજ પ્રગટ રહેશે.' તે સમયે તો સ્વામીશ્રી યુવક તરીકે સેવામાં હતા અને ફક્ત ૧૯ વર્ષના હતા. સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. કારણ કે તે વાતને ૬૭ વર્ષ વીતી ગયાં હતાં. પરંતુ સ્વામીશ્રીએ ક્યારેય આ પ્રસંગ અગાઉ કહ્યો ન હતો.

બીજો પ્રસંગ સ્વામીશ્રીએ કહ્યોઃ '૧૯૬૯ની સાલ હતી. અમદાવાદમાં હરિકૃષ્ણ મહારાજના ખંડની બહાર, જાળી પાસે, યોગીબાપાએ પ્રમુખસ્વામી મહારાજ અને મને બોલાવ્યા. કહ્યું, 'તમારા બે દ્વારા સંપ્રદાય ચાલશે.''

સ્વામીશ્રી આ પ્રસંગ પણ પહેલી જ વાર કોઈને કહી રહ્યા હતા. પોતાના ઉત્કૃષ્ટ મહિમાની વાત ૫૦-૬૦ વર્ષ સુધી કોઈને કરવી નહીં અને તેને જીરવવી તે તો ગુણાતીત સત્પુરુષનું જ કામ!

જે અહંશૂન્ય હોય તે સરળ હોય. જેને 'અહં' હોય છે તેને પોતાનું મનગમતું મૂકી સરળ થવું વસમું લાગે. એટલે જ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'માં ભગવાન સ્વામિનારાયણ કહે છેઃ 'સરલ ચિત્તવાળા સાધુ સૌથી મહાન છે.'

મહંત સ્વામી મહારાજ આવા સરળ સંત છે. સન ૨૦૦૪માં સ્વામીશ્રી વિચરણમાં પંજાબ પધારેલા. તે વખતે અમૃતસરમાં સાથેના સંતો નજીકનાં જોવાલાયક સ્થળોએ ગયા અને ઉતારે સ્વામીશ્રી અને મુનિવત્સલદાસ સ્વામી બે જ હતા. મુનિવત્સલદાસ સ્વામીને સાંજે સભામાં વ્યવસ્થા કરવા જવાનું હતું. પરંતુ બીજું કોઈ હતું નહીં, તેથી તેઓ મૂંઝવણમાં મૂકાયા કે 'શું કરીશું?' ત્યારે સ્વામીશ્રીએ તેઓને તરત જ કહ્યુંઃ 'હું આવું છું, વહેલા જઈશું.'

મુનિવત્સલદાસ સ્વામીએ કહ્યું કે 'પણ મારે તો બધી વ્યવસ્થા કરવાની છે... આપ શું કરશો?'

સ્વામીશ્રીએ વિનમ્રતાથી કહ્યું, 'હું અહીં બેઠો છું એમ ત્યાં જઈને બેસીશ.' ને સ્વામીશ્રી તેઓ સાથે એક જોડના સંત તરીકે ગયા!

૪-૧૦-૨૦૧૬, મંગળવારના રોજ નડિયાદમાં આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ પોતાના એક જૂના પ્રસંગની સ્મૃતિ કરતા કહ્યું હતું કે, 'એક ભાઈને ત્યાં પધરામણીએ જવાનું હતું. તે કહે, 'સાંજે આવજો, દિવસે તો દુકાન ચાલુ હોય.' રાત્રે ૮ વાગ્યે ગયા, પણ લાંબી લાઇન હતી. માટે તેણે જોયું તોય ચલાવ્યું. પોણા નવ વાગી ગયા. તે કહે, 'ગ્રાહક જતા રહે તો કાલે ન આવે.' અમે કહ્યું, 'વાંધો નહીં, કાલે આવીશું.'

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૭માં સાચા સંતના મહિમાને વર્ણવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, 'તે સંતનાં દર્શનને તો અમે પણ ઇચ્છીએ છીએ.' સ્વયં ભગવાન જે મહાન સંતનાં દર્શનને ઇચ્છે એવા ગુણાતીત સત્પુરુષ એક સામાન્ય વ્યક્તિને ત્યાં કોઈ સ્વાર્થ વગર, તેના ભલા માટે ત્રણ-ત્રણવાર આંટા મારે! કેવી સરળતા!

૨૦૦૭ના વર્ષે સ્વામીશ્રી પાન્શ્રોમાં હતા. સ્વામીશ્રીએ સવારે કથાનો પ્રારંભ કર્યો અને માંડ પાંચ મિનિટ થઈ ત્યાં વ્યવસ્થાપકે કહ્યું, 'બધાને નોકરીએ જવાનું છે. ગાડી આવવાની તૈયારી છે, તો સ્વામીને કહો કે કથા પૂરી કરે.' આગલા દિવસે કાર્યકરોએ જાહેરાત કરી હતી કે સવારે ૭ વાગે આરતી થશે અને પછી મહંત સ્વામીની કથાનો લાભ મળશે. પણ આવી ખબર નહોતી કે પાંચ મિનિટમાં જ પૂરી કરવાની થશે. તો સ્વામીશ્રીએ તરત જ એક પણ શબ્દ વધુ બોલ્યા વગર કથા પૂરી કરી દીધી! જેઓની આજ્ઞામાં લાખો શિષ્યો વર્તતા હોય તે સામાન્ય શિષ્ય કહે તેમ કરવા તૈયાર થઈ જાય, જ્યાં લઈ જાવ ત્યાં આવે, જે કરાવો તે કરે... કેવળ આપણને રાજી કરવા માટે! આ જ તેઓની સરળતા!


સન ૧૯૬૮માં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે 'મહંત સ્વામીનાં દર્શન કરીએ છીએ તો આપણને શાંતિ થાય છે.'

જાણીતા લેખક પીયૂષ શ્રીવાસ્તવ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ મુંબઈ મંદિરે સ્વામીશ્રીનાં આશીર્વાદ પ્રાપ્ત કરવા આવ્યા હતા. મુલાકાત બાદ સ્વામીશ્રીથી થોડા દૂર ગયા ને તેઓ રીતસર રડવા લાગ્યા. શાંત થયા ત્યારબાદ તેઓએ પોતાની અનુભૂતિ વર્ણવતાં કહ્યું, 'जब मैं उनके(महन्तस्वामीजी के) सामने पहुँचा तो अनुभव हुआ कि – जैसे किसीने मेरे मन पे, दिमाग पे, झाड़ू मार दिया, किसीने साफ कर दिया...उनके सामने सब कुछ शांत हो गया, यानि यह बहुत दुर्लभ अनुभव है, जो जीवन में बहुत कम ही होता है – जब आपका मन और चित्त और आपके विचार, सारी चीज़ें शांत हो जाएँ, और फिर आंखों में आँसू आने लगे। मेरी जिंदगी का यह सर्वोच्च अनुभव रहा।'

આ માત્ર એક વ્યક્તિનો અનુભવ નથી, મહંત સ્વામી મહારાજના યોગમાં આવનાર સૌ કોઈને આવી પરમ શાંતિની અનુભૂતિ સહજે થાય છે. અભિમાની, અહંકારી માણસને પોતાને જ શાંતિ ન હોય, તો તે બીજાને કેવી રીતે શાંતિનો અનુભવ કરાવી શકે? મહંત સ્વામી મહારાજમાં 'હું' ભાવનો પ્રલય જ થઈ ગયો છે, તેથી તેઓનાં દર્શનમાત્રે શાંતિ થાય છે. આવા અહંશૂન્ય ગુણાતીત ગુરુ મહંત સ્વામી મહારાજના ચરણોમાં કોટિ કોટિ વંદન... ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## સ્વામીશ્રીના આધ્યાત્મિક લાભથી ધન્ય થઈ ધરા સૂર્યપુરની...

તા. ૩-૪-૨૦૨૫ થી તા. ૧૫-૬-૨૦૨૫ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત ખાતે બિરાજીને હજારો હરિભક્તો-ભાવિકોને સત્સંગના દિવ્ય લાભથી લાભાન્વિત કર્યા હતા. સતત અઢી મહિના સુધી સ્વામીશ્રીના સાંનિધ્યે સુરતમાં માંગલ્ય પ્રસરાવી દીધું હતું. અહીં નિર્માણાધીન ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામનું પરિસર સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં અનેક ઉત્સવ-પ્રસંગોનું સાક્ષી બન્યું હતું. નિયત દિવસોમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનથી લઈને સાંજની સત્સંગ સભાઓમાં સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરીને હજારો હરિભક્તો-ભાવિકોએ દિવ્યતાનો અનુભવ કર્યો હતો. સ્વામીશ્રીનું સાંનિધ્ય વિવિધ સત્સંગ મંડળો માટે વિશેષ ભક્તિ વહાવવાનું સોનેરી પર્વ બની રહ્યું હતું. સેંકડો આબાલ-વૃદ્ધ ભક્તોએ વ્રત-તપ-ઉપવાસ અને પદયાત્રા રૂપી ભક્તિ વહાવી હતી. પ્રાતઃપૂજા અને સાયંસભામાં બાળકો-યુવકો-કાર્યકરોએ વિવિધ દિનની ઉજવણી નિમિત્તે પ્રેરણાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ દ્વારા ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સતત અઢી મહિના સુધી અહીં સ્વામીશ્રીએ આપેલી ચિરંતન સ્મૃતિઓ આબાલ-વૃદ્ધ સૌ કોઈએ મન ભરીને માણી હતી. આ સ્મૃતિઓનો ગત બે અંકોમાં આપણે લાભ માણી ચૂક્યા છીએ, ત્યારપછીના સત્સંગલાભની એક ઝાંખી અહીં પ્રસ્તુત છે...

## ● પ્રમુખવરણી અમૃતદિન

તા. ૩૦-૫-૨૦૨૫, જેઠ સુદ ચોથ એટલે તિથિ મુજબ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૭૫મો પ્રમુખવરણી દિન. આજથી ૭૫ વર્ષ પહેલાં સંવત ૨૦૦૬ની જેઠ સુદ ચોથના ઐતિહાસિક દિવસે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાના અતિ કૃપાપાત્ર ૨૮ વર્ષીય સંત શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની અમદાવાદની આંબલીવાળી પોળ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખપદે નિમણૂક કરી હતી. આ ઐતિહાસિક પ્રસંગને ભારતીય પંચાંગ તિથિ અનુસાર આજે ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હોવાથી આ અમૃતદિનની ઉજવણી નિમિત્તે ઠેર ઠેર ગુરુપૂજનના કાર્યક્રમો યોજીને તેઓશ્રીના શ્રીચરણે ભક્તિ-અંજલિ અર્પવામાં આવી હતી.

આજની સાયંસભામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં 'પ્રમુખવરણી અમૃતદિન' ઊજવાયો હતો. દાદરા અને નગર-હવેલીના કેન્દ્રશાસિત વિસ્તારના સેલવાસ તેમજ આસપાસનાં સત્સંગ-કેન્દ્રોના બાળકો-યુવકો-કાર્યકરોએ પ્રમુખવરણી અમૃત-દિનની ઉજવણી કરી હતી. પૂજ્ય સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સેલવાસનાં બાળકો-યુવકોએ આ દિવસે 'પ્રમુખ પ્રતિજ્ઞા' વિષય પર સંવાદ અને નૃત્ય જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, કાર્ય અને દિવ્ય વ્યક્તિત્વનું દર્શન કરાવ્યું હતું. સેલવાસના સંતોએ પ્રમુખસ્વામી મહારાજના સ્વરૂપ સમા સ્વામીશ્રીને હાર-ચાદરથી વધાવ્યા હતા. સંતોએ સ્વામીશ્રી સાથે આધ્યાત્મિક ગોષ્ઠિ કરી હતી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પ્રમુખવરણી દિને લીધેલી પ્રતિજ્ઞાની સ્મૃતિમાં સૌ ભક્તોએ સત્સંગની વિશેષ દૃઢતા માટે સ્વામીશ્રી સમક્ષ પ્રતિજ્ઞા લઈને ગુરુભક્તિ અદા કરી હતી.

આજના દિને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ (અમદાવાદ)થી સંતોએ ઐતિહાસિક આંબલીવાળી પોળની પદયાત્રા કરીને ગુરુભક્તિ અદા કરી હતી. પોળમાં સંતોએ ગુરુપૂજન કરી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને ચાદર ઓઢાડી વિવિધ માંગલિક સંકલ્પો સાથે પ્રાર્થના કરી હતી. વળી, આજે અમદાવાદના તમામ વિસ્તારોમાંથી અને દૂરદૂરનાં ગામોમાંથી આંબલીવાળી પોળ સુધી પદયાત્રા કરી હજારો હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થાન ચાણસદ સુધી વડોદરાના વિવિધ વિસ્તારોમાંથી ભક્તોએ પદયાત્રા કરીને વિશેષ ભક્તિભાવ સાથે ગુરુપૂજન ઉત્સવને માણ્યો હતો. સારંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિમંદિરે સંતો-ભક્તોએ વિશિષ્ટ ઉત્સવ દ્વારા પ્રમુખવરણીના અમૃતદિને ગુરુહરિને ભાવાંજલિ અર્પણ કરી હતી. ઉપરાંત દેશ-વિદેશના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પણ પ્રમુખવરણી દિનની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૨૧-૫-૨૦૨૫ના દિવસે તારીખ મુજબ પણ 'પ્રમુખવરણી અમૃતદિન'ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં સંતો દ્વારા વિશેષ રજૂઆતો થઈ હતી. આદર્શજીવનદાસ સ્વામીએ પ્રસંગોનું આચમન કરાવ્યું હતું. સંગીતજ્ઞ સંતોએ આ પ્રસંગને તાદૃશ કરતાં ભક્તિપદોનું




ગાન કર્યું હતું. આ પ્રસંગે હજારો ભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહીને સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન સાથે પ્રમુખવરણી અમૃતદિનની વિશેષ સ્મૃતિઓ હૃદયસ્થ કરી હતી.

## ● પ્રાપ્તિ દિન

તા. ૨૨-૫-૨૦૨૫ના દિવસે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સુરત ગ્રામ્યના ભક્તો દ્વારા 'પ્રાપ્તિ દિન' ઊજવાયો હતો. 'હિમાલય જેવી પ્રાપ્તિ' વિચાર સાથે યોજાયેલી સંધ્યા સત્સંગ-સભામાં સુરત-તાપી જિલ્લાના ગ્રામીણ ભક્તોએ વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. સંતોએ પ્રેરક વક્તવ્યો દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાપ્તિને વિશેષ દૃઢાવી હતી. ભક્તોએ ભક્તિભાવથી તૈયાર કરેલા કલાત્મક હાર અને શાલ સંતોએ સ્વામીશ્રીને અર્પણ કર્યાં હતાં. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આ વિશિષ્ટ સત્સંગ-સભામાં આશીર્વાદ દ્વારા સૌને પ્રાપ્તિ અને મહિમાની વિશેષ દૃઢતા કરાવી હતી.

## ● યોગીજી મહારાજ પ્રાકટ્યદિન

તા. ૨૪-૫-૨૦૨૫, વૈશાખ વદ બારસ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના ચતુર્થ ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજનો પ્રાકટ્યદિન. આજથી ૧૩૩ વર્ષ પહેલાં સન ૧૮૯૨માં સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના ધારી ગામે જન્મેલા ઝીણાભાઈ બાળપણથી જ ભક્તિવાન હતા. ૧૯ વર્ષે વડતાલમાં સંતદીક્ષા લઈ તેઓ 'સાધુ જ્ઞાનજીવનદાસજી' બન્યા હતા. તેમની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિને કારણે એ વીસ વર્ષીય નવયુવાન સંતને જૂનાગઢના સંતો-



પાર્ષદો 'યોગી' કહીને સંબોધતા, જેમાંથી આપણને મળ્યા મહાન સંતવિભૂતિ યોગીજી મહારાજ. સન ૧૯૧૧માં યોગીજી મહારાજ જૂનાગઢથી બી.એ.પી.એસ. સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સેવામાં આવી ગયા અને અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની સેવામાં લાગી ગયા.

અત્યારે નવપલ્લવિત થયેલો વિશાળ સત્સંગ સમુદાય એમના જ પુરુષાર્થ અને એમની જ સંકલ્પશક્તિનું પરિણામ છે. ચિન્મય મિશનના સ્થાપક પૂજ્ય સ્વામી શ્રી ચિન્મયાનંદજી સહિત ભારતના અનેક મહાન સંતો-મહંતોએ એમને 'સાક્ષાત્ બ્રહ્મ' અને 'પરમ ભાગવત સંત' તરીકે બિરદાવ્યા હતા. એમની સરળતા, નિખાલસતા, ભગવત્ પરાયણતા, એમના સદાય સ્મિત વેરતા મુખારવિંદની મોહિની અને ધબ્બો આપી આશીર્વાદ આપવાની લાક્ષણિકતાને કવિઓએ ભક્તિપદોમાં સુંદર રીતે ગૂંથી લીધી છે. બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુદેવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતો સહિત સેંકડો યુવકોને દીક્ષા આપી એમણે સુશિક્ષિત યુવાનોને ત્યાગાશ્રમની પ્રેરણા આપી હતી.

સાપ્તાહિક સત્સંગ સભાઓ, બાળપ્રવૃત્તિ, યુવાપ્રવૃત્તિ સહિત વિવિધ સત્સંગ-પ્રવૃત્તિઓની એમણે આપણને અણમોલ ભેટ આપી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુદેવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આપણને ભેટ આપનાર ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને આજે એમના જન્મદિને વંદના કરતા સંતોએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં યોગી-મહિમાનાં કીર્તનોનું ગાન કરીને ભક્તિ-અંજલિ અર્પી હતી. પૂજાની સમાપ્તિ બાદ પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ સ્વામીશ્રી સાથે કરેલી પ્રશ્નોત્તરી દરમ્યાન સ્વામીશ્રીએ યોગીજી મહારાજના દિવ્ય પ્રસંગોનું સ્મરણ કરીને ગુરુમહિમા ગાયો હતો.

## ● સ્વયંસેવક સભા

તા. ૨૭-૫-૨૦૨૫ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સવારે સમૂહ વર્તમાન વિધિ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત હજારો બાળકોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સમૂહ વર્તમાન ધરાવીને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા.

સાંજે પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં, સુરતમાં નિર્માણ પામી રહેલા સ્વામિનારાયણ અક્ષરધામમાં સેવા કરી રહેલા સ્વયંસેવકોની વિશિષ્ટ સેવક-સભા યોજાઈ હતી. ધૂન-કીર્તન અને પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનો બાદ સેવકો દ્વારા સભામાં વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમો રજૂ થયા હતા.

અક્ષરધામ પરિસરમાં નિર્માણાધીન વિવિધ વિભાગોમાં સેવા કરી રહેલા સ્વયંસેવકોએ પરમ પૂજ્ય સ્વામીશ્રી સમક્ષ પોતાના વિભાગનો અહેવાલ અને સેવા દરમ્યાન થયેલા સ્વાનુભવો રજૂ કર્યા હતા. સ્વામીશ્રીએ આ સૌ સ્વયંસેવકો પર રૂડા આશીર્વાદની હેલી વરસાવી હતી.

## ● સત્સંગ દિનની ઉજવણી


પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સાયંસભામાં જુદાં જુદાં સત્સંગ-મંડળોના હરિભક્તો -કાર્યકરોએ વિવિધ દિનની ઉજવણી કરીને અનેરો ભક્તિભાવ અર્પ્યો હતો.

તા. ૨૮, ૨૯ અને ૩૧ મેના રોજ ક્રમશઃ નવસારી, સાંકરી અને તીથલ બી.એ.પી.એસ. સત્સંગમંડળના કાર્યકરોએ 'નવસારી દિન', 'સાંકરી દિન' અને 'તીથલ દિન' ઊજવ્યો હતો. આ દિવસોએ ધૂન-પ્રાર્થના-કીર્તનગાન સાથે આરંભાયેલી વિશિષ્ટ સત્સંગ સભામાં સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપ્યો હતો. બાળકો-યુવકો-કાર્યકરોએ નૃત્ય, સ્કિટ, સંવાદ વગેરે અદ્‌ભુત કાર્યક્રમોની પ્રસ્તુતિ કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. કાર્યક્રમ અંતર્ગત કાર્યકરોએ પોતાના સત્સંગ-કેન્દ્રનો અહેવાલ આપ્યો હતો. આ સત્સંગ-કેન્દ્રોમાં 'મિશન રાજીપો' અંતર્ગત સત્સંગદીક્ષા મુખપાઠ કરનાર બાળ-બાલિકાઓને સન્માનવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રીએ બાળકો પર કૃપાદૃષ્ટિ કરી હતી.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ નવસારીમાં નિર્માણ પામનાર બી.એ.પી.એસ. વિદ્યામંદિરની છબીને પ્રસાદીભૂત કરી હતી. પ્રમુખસ્વામી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, ધરમપુરથી દર્શને આવેલા વિદ્યાર્થીઓને સ્વામીશ્રીએ ઉજ્જવળ ભવિષ્યના આશિષ અર્પ્યા હતા. તીથલ દિનની સભામાં ઉપસ્થિત ભક્તોએ પોતાના સ્થાનેથી કલાત્મક હાર અર્પણ કરીને ગુરુહરિને વધાવ્યા. આ વિશિષ્ટ સભાઓના અંતે સ્વામીશ્રીએ સૌને આશીર્વાદથી કૃતાર્થ કર્યા હતા.

એ જ રીતે તા. ૬-૬-૨૦૨૫ની સંધ્યા-સભામાં મહારાષ્ટ્રના ઉપપ્રદેશ ખાનદેશના હરિભક્તોએ વિશેષ પ્રસ્તુતિઓ કરી હતી. ખાનદેશમાં સત્સંગના પ્રવર્તન માટે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે કરેલા 'ખાનદેશને સત્સંગના રંગે રંગવું છે' સંકલ્પના શીર્ષક સાથે આ વિશિષ્ટ સભા યોજાઈ હતી. ભક્તિ-સંગીત અને પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનો બાદ ખાનદેશના બાળકો-યુવકોએ વિવિધ રજૂઆતો દ્વારા ખાનદેશના સ્વામિનારાયણીય ઇતિહાસને તાદૃશ કર્યો હતો.

આજની સભામાં સત્સંગદીક્ષાનો મુખપાઠ કરનાર ખાનદેશનાં બાળ-બાલિકાઓને સત્કારવામાં આવ્યાં





હતાં. ખાનદેશ સ્થિત ધુલિયા મંદિરના કોઠારી પૂજ્ય આનંદજીવનદાસ સ્વામીએ પરમ પૂજ્ય સ્વામીશ્રી સાથે આધ્યાત્મિક ગોષ્ઠિ કરી હતી. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌને આશીર્વાદથી ધન્ય કર્યા હતા.

સવારે પ્રાતઃપૂજામાં ખાનદેશ પ્રદેશના બાળકો-યુવકોએ કીર્તન-ભક્તિ અને મુખપાઠની રજૂઆત કરી હતી. 'ખાનદેશને સત્સંગના રંગે રંગવું છે' - પરમ પૂજ્ય સ્વામીશ્રીના આ સંકલ્પ દ્વારા ખાનદેશના સ્થાનિક લોકોનું જીવન સત્સંગ દ્વારા ઉન્નત બને એવી પ્રાર્થના સાથે ખાનદેશના ભક્તોએ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કર્યાં હતાં.

## ● રવિ સત્સંગસભા

તા. ૧-૬-૨૦૨૫ના રોજ સાયંકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં રવિ સત્સંગ-સભા યોજાઈ હતી. સભાનો લાભ લેવા માટે હજારોની સંખ્યામાં ભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. સૌ કોઈનાં હૈયે સ્વામીશ્રીનાં દર્શન-આશિષની ઉત્કંઠા હતી. નિયત સમયે ધૂન-કીર્તનથી સત્સંગ સભાનો પ્રારંભ થયો. સંતોએ પ્રેરક સત્સંગ-કથા-વક્તવ્યોનો લાભ આપ્યો. ત્યારબાદ બાળકો-યુવકોએ સંવાદ અને નાસિક ઢોલ તથા બૅન્ડની સૂરાવલિઓ સાથે પરમ પૂજ્ય સ્વામીશ્રી સમક્ષ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરી હતી. સ્વામીશ્રીએ સૌ પર પ્રસન્નતા વરસાવી. યુવકોએ પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીના આશીર્વાદ સાથે આધ્યાત્મિક માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

## ● અક્ષરપુરુષોત્તમના નક્કર વિદ્વાનોનું બહુમાન

તા. ૪-૬-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં બાળકો માટે 'અક્ષરપુરુષોત્તમના નક્કર વિદ્વાન' શીર્ષક સાથે વિશિષ્ટ સભા યોજાઈ હતી. આજે સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો દ્વારા સત્સંગદીક્ષા ગ્રંથના ૩૧૫ સંસ્કૃત શ્લોકો સાથે સ્વામિનારાયણ સિદ્ધાંતકારિકા ગ્રંથના ૫૬૫ સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ કરનાર બાળ-વિદ્વાનોને બિરદાવવામાં આવ્યાં હતાં. સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કરી અક્ષરપુરુષોત્તમ દર્શન છાવણીની શરૂઆત કરાવી હતી. આ વિશિષ્ટ કાર્યક્રમમાં સૌ બાળ-વિદ્વાનોએ અક્ષરપુરુષોત્તમ દર્શનના આધારે વિવિધ વિષયો પર સુંદર રજૂઆતો કરી હતી. સ્વામીશ્રીએ આ બાળ-વિદ્વાનો માટેના સર્ટિફિકેટ્સ, મેડલ્સ અને ટ્રોફીને પ્રસાદીભૂત કર્યાં હતાં. બંને ગ્રંથોના કુલ ૮૮૦ શ્લોકો કંઠસ્થ કરનાર આ બાળ-બાલિકાઓએ બી.એ.પી.એસ. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા 'સિદ્ધાંતસર્વસ્વમ્' અભ્યાસક્રમ વડે અક્ષરપુરુષોત્તમ દર્શન સાથે સંસ્કૃત ભાષાના ન્યાય અને વ્યાકરણનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો.


આ શિબિરની પૂર્ણાહુતિ નિમિત્તે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં વિશિષ્ટ સભા યોજાઈ હતી. જેમાં બાળ-વિદ્વાનોએ સ્વામીશ્રી સમક્ષ વિવિધ રીતે મુખપાઠની પ્રસ્તુતિ કરી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સદ્‌ગુરુ સંતો, મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી અને અન્ય સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વિશિષ્ટ સભામાં બાળ-વિદ્વાનોના મુખેથી શાસ્ત્રોક્ત જ્ઞાનની રજૂઆત સાંભળીને સૌને વિદ્વત્ પરિષદ જેવા વાતાવરણનો અનુભવ થયો હતો. અક્ષરપુરુષોત્તમ કારિકાનો સંપૂર્ણ મુખપાઠ કરીને 'કારિકાજયી' થયેલા આ બાળકોને સંતોએ તથા બાલિકાઓને મહિલા અગ્રણીઓએ બિરદાવ્યાં હતાં. અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતોને કંઠસ્થ કરી, વૈદિક ઉપાસના પ્રવર્તનની આ વિશિષ્ટ સેવા કરનાર સૌ નક્કર બાળ-વિદ્વાનોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા હતા.

## ● ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વધામગમન તિથિ

તા. ૫-૬-૨૦૨૫, જેઠ સુદ દશમ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વધામગમન તિથિ. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં યોજાયેલી ભગવાન શ્રી સ્વામિનારાયણની વિશિષ્ટ સ્મૃતિ-સભામાં સૌ સંતોએ દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો. 'હું તો તમારામાં અખંડ રહ્યો છું...' ભગવાન સ્વામિનારાયણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને આપેલા આ વિશિષ્ટ વરદાનની સ્મૃતિ કરવામાં આવી હતી. ગુણાતીત સત્પુરુષ દ્વારા ભગવાન સદાય પૃથ્વી પર પ્રગટ છે તેની સુંદર રજૂઆત થઈ હતી. હિંડોળા પર વિરાજતા પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શન સાથે સૌએ ભગવાન શ્રી સ્વામિનારાયણના અખંડ ધારક એવા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ભક્તિભાવપૂર્વક વધાવ્યા હતા. સ્વામીશ્રીએ ઉપસ્થિત સૌને આજે પણ ભગવાન સ્વામિનારાયણના પ્રગટપણાની પ્રતીતિ કરાવતા આશીર્વાદ આપ્યા હતા.

## ● સન્માન સમારોહ

સોનાની મૂરત સમા સુરત મહાનગરમાં નાના-મોટા ઉદ્યોગો સાથે




સંકળાયેલા અગ્રણીઓએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સન્માનતો એક ખાસ સમારોહ યોજ્યો હતો. આ સમારોહમાં વિવિધ ઉદ્યોગો સાથે સંકળાયેલા સેંકડો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૮-૬-૨૦૨૫ના રોજ સુરતમાં નિર્માણાધીન સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં યોજાયેલા આ સન્માન સમારોહમાં પૂજ્ય સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપ્યો હતો. ત્યારબાદ યુવકોએ નૃત્ય અને બેન્ડની સૂરાવલિઓ સાથે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. સુરતના ઉદ્યોગ-જગતના નામાંકિત મહાનુભાવોએ વક્તવ્યો દ્વારા સ્વામીશ્રીનાં દિવ્ય જીવન અને કાર્યને બિરદાવ્યાં હતાં. જુદાં જુદાં ક્ષેત્રો સાથે સંકળાયેલા અગ્રણીઓએ સન્માન-પત્રો અર્પણ કરીને સ્વામીશ્રીનું અભિવાદન કર્યું હતું. ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ અને મુનિવંદનદાસ સ્વામીએ હૃદયપૂર્વક મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમારોહમાં ઉપસ્થિત હજારો ભક્તો-ભાવિકોએ પણ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

### ● સત્સંગપ્રવૃત્તિ કાર્યાલયનું ઉદ્‌ઘાટન

તા. ૭-૬-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત ખાતે નિર્માણાધીન સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં સત્સંગ-પ્રવૃત્તિ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સાથે સાથે, અહીં ભક્તિ-સંગીત અને વિવિધ ઓડિયો માટેના રેકોર્ડિંગ સ્ટુડિયોનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. આ રેકોર્ડિંગ સ્ટુડિયોમાં પ્રાર્થના-ધૂન કરીને સ્વામીશ્રીએ સંતો, કાર્યકરોને આશીર્વાદ આપ્યા હતા.

### ● જોધપુર મંદિરના કળશ-ધજાદંડનું પૂજન

રાજસ્થાનની શૌર્યવંતી ભૂમિ પર વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં તેજપુંજ પ્રસરાવવા ધાર્મિક સૂર્યનગરી જોધપુરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામી રહ્યું છે. તા. ૧૦-૬-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ શિખરબદ્ધ મંદિરનાં શિખર પર સ્થાપિત થનારા કળશ તથા ધજાદંડનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું.

આજના અવસરે પધારેલા રાજસ્થાનના ભક્તોએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં વિશેષ પ્રસ્તુતિ કરીને ગુરુહરિની આશીર્દૃષ્ટિ ઝીલી હતી. સંતોએ મારવાડી ભજનો ગાઈને ભક્તિ અદા કરી હતી. આ મંદિરના પ્રેરણાદાતા સ્વામીશ્રીને રાજસ્થાનમાં સેવા આપતા સંતોએ પુષ્પહાર અર્પણ

કરીને, મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની આમંત્રણ પત્રિકા પાઠવીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ટૂંક સમયમાં જોધપુરના આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુણાતીત પરંપરા તેમજ પૂજનીય દેવી-દેવતાઓ વિરાજમાન થશે ત્યારે રાજસ્થાનના સોનેરી સત્સંગ-ઇતિહાસમાં વધુ એક અનુપમ પૃષ્ઠ ઉમેરાઈ જશે.

### ● વિવિધ મંદિરોમાં થયાં મૂર્તિપ્રતિષ્ઠા-પૂજન

સુરત ખાતેના રોકાણ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વિવિધ મંદિરોમાં સ્થાપિત થનાર દિવ્ય સ્વરૂપોના મૂર્તિપ્રતિષ્ઠા-પૂજન કર્યાં હતાં. જમાલપુર (નવસારી); મોગર (આણંદ); સુરતના કાપોદ્રા, સીટી લાઈટ અને રાંદેર; બુહારી (વાલોડ) અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર-હવેલીના સેલવાસ ક્ષેત્રનાં અથોલા, ચીખલી, બાલદેવી તથા ગઢડા ક્ષેત્રનાં દડવા અને કેરીયા; ધૂલે (મહારાષ્ટ્ર) જિલ્લાના શીરપુર તથા કરવંદ વગેરે ગામો-નગરો ખાતે નિર્માણ પામેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પૂજન-પ્રતિષ્ઠાવિધિ કરીને સ્વામીશ્રીએ આ કેન્દ્રોમાં સત્સંગ-ભક્તિ-ઉપાસનાનાં દ્વાર ઉદ્ઘાટિત કર્યાં હતાં. વળી, ધૂલેના લળિંગ ખાતે નિર્માણ પામનાર બી.એ.પી.એસ. સાંસ્કૃતિક સંકુલની ઈષ્ટિકાઓનું પણ પૂજન કર્યું હતું. કેનેડાની રાજધાની ઓટાવા શહેરમાં નિર્માણ પામનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરનાં યંત્રોનું પણ પૂજન કર્યું હતું.

### ● ભાવભરી વિદાય

સુરત ખાતે સતત ૭૩ દિવસ સુધી રોકાઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અનેક ઉત્સવ-પ્રસંગોમાં દિવ્ય સત્સંગ-લાભની ઝડી વરસાવી હતી. ગુજરાતના ખૂણેખૂણેથી, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા-નગરહવેલી તેમજ મહારાષ્ટ્રના વિભિન્ન પ્રાંતોમાંથી ઊમટેલા હજારો ભક્તો-ભાવિકોએ સ્વામીશ્રીના સંગે બ્રહ્માનંદ કર્યો હતો.

તા. ૧૫-૬-૨૦૨૫ના રોજ સુરતથી સૌની ભાવભીની વિદાય લઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભરૂચ તરફ પ્રયાણ કર્યું હતું. સ્વામીશ્રીને વિદાય આપવા માટે મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી અને પૂજ્ય ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ સુરતના સૌ સંતો-ભક્તો વતી પરમ પૂજ્ય સ્વામીશ્રીને પુનઃ વહેલાં વહેલાં પધારવાની પ્રાર્થના સાથે પુષ્પહાર અર્પણ કર્યો હતો. સૌ ભક્તોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીને ભાવભીની વિદાય આપી હતી.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



# અમદાવાદ વિમાન દુર્ઘટનાના અસરગ્રસ્તો માટે પ્રાર્થના અને રાહતકાર્ય



તા. ૧૨-૬-૨૦૨૫ના રોજ અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઇન્ડિયાના વિમાનની દુર્ઘટના થતાં ખૂબ મોટી તારાજી સર્જાઈ હતી. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો-હરિભક્તોએ અસરગ્રસ્તો માટે પ્રાર્થના કરી હતી. દિવંગત આત્માઓને શાંતિ પ્રાપ્ત થાય, તેમના સ્વજનોને આ આપત્તિ જીરવવાનું આત્મબળ પ્રાપ્ત થાય, ઈજાગ્રસ્તો વહેલામાં વહેલી તકે સ્વસ્થ બને તે માટે સૌએ પ્રાર્થના કરી હતી.

બી.એ.પી.એસ. સંસ્થાએ આ પ્રસંગે દુર્ઘટના ગ્રસ્તો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને સેવા માટે હાથ લંબાવ્યો હતો. અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતે કાર્યરત પોલીસ દળના જવાનો, મેડિકલ સ્ટાફ અને દુર્ઘટનામાં પીડિતોના પરિવારજનોને ભોજન તેમજ ગરમીમાં રાહત મળે તે હેતુથી લીંબુ શરબત અને ફૂડપેકેટ્સનું વિતરણ કરાયું હતું. સ્વયંસેવકોએ રાહત સેવામાં જોડાઈને ગરમીમાં સેવા આપતા અલગ અલગ વિભાગના કર્મચારીઓ તથા પીડિતોના પરિવારજનોની વિશેષ સેવા સાથે સૌ ઈજાગ્રસ્તો જલ્દી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરી હતી.

આ વિમાન દુર્ઘટનામાં દિવંગત થયેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સમાચારથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેમના પ્રત્યે અને તેમના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. સરળ અને પરગજુ વ્યક્તિત્વ તેમજ અનેકવિધ સેવાકાર્યો દ્વારા સમગ્ર ગુજરાતના વિકાસમાં અગ્રેસર યોગદાન આપનાર શ્રી વિજયભાઈ રૂપાણી પર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ખૂબ આશીર્વાદ રહ્યા હતા. તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીને સ્વામીશ્રીએ જણાવ્યું, 'શ્રી વિજયભાઈની વિદાયથી ગુજરાતે એક સેવાભાવી સંનિષ્ઠ નેતા ગુમાવ્યા છે. ગુજરાત અને ભારતની રાજનીતિમાં તેમની ઊંડી ખોટ વર્તાશે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.' તે માટે ભગવાન સમક્ષ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સહિત સંતો-ભક્તોએ હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.

રાજકોટ ખાતે શ્રી વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહની અંતિમવિધિ કરવામાં આવી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી રાજકોટના સંતોએ શ્રી વિજયભાઈના પાર્થિવ દેહને ભગવાનનો પ્રાસાદિક પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. પૂજ્ય સંતોએ તેમના આત્માની શાંતિ માટે અને તેમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તે માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. ગાંધીનગરમાં 'કમલમ્' ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં તેમજ શાહીબાગ, અમદાવાદ ખાતે પણ રવિસભામાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી સહિત હજારો હરિભક્તો અને સંતોએ પ્રાર્થનાપૂર્વક તેઓને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# મહારાષ્ટ્રના ધુલિયા, નાસિક, મુંબઈ અને પૂણે ખાતે
# બી.એ.પી.એસ. કેન્દ્રોમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ ગુંજાવ્યો સત્સંગ





ધુલિયામાં સત્સંગ અને પર્યાવરણ સેવાનો સંદેશ સૌમાં દૃઢાવીને નાસિક મંદિરમાં પધાર્યા પૂજ્ય ડૉક્ટર સ્વામી...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનાં મૂલ્યોનાં જતન અને સંવર્ધન માટે ૯૨ વર્ષની જૈફ વયે પણ સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામી એક યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી વિચરણ કરી રહ્યા છે. જીવનને પરિશુદ્ધ કરી દેતું તેમનું મનનીય માર્ગદર્શન આબાલવૃદ્ધ સૌમાં નૂતન જોમનું સિંચન કરી રહ્યું છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી દેશ-વિદેશમાં વર્ષોથી અવિરત વિચરણ કરી રહેલા પૂજ્ય ડૉક્ટર સ્વામીએ તાજેતરમાં ૧૫ મે થી ૨૪ જૂન દરમ્યાન મહારાષ્ટ્રના ધુલિયા, નાસિક, મુંબઈ અને પૂણે ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પધારીને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો હતો. દરેક મંદિરમાં સંતો-હરિભક્તોએ તેઓનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. વિવિધ મંદિરોમાં રોકાણ દરમ્યાન તેઓએ કથાવાર્તા દ્વારા સત્સંગના પડઘમ ગુંજાવ્યા હતા. અહીં તેમના વિચરણની એક ઝલક પ્રસ્તુત છે.



ખાનદેશ સ્થિત ધુલિયા શહેરના બી.એ.પી.એસ. મંદિરમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીની પાવન ઉપસ્થિતિમાં કાર્યકર સભા, છાત્રાલયના પૂર્વ વિદ્યાર્થીઓની સભા, લળિંગ ખાતેની ભૂમિ પર કીર્તનભક્તિ કાર્યક્રમ, મેડિકો સ્પિરિચ્યુયલ કૉન્ફરન્સ, સંત મિલન સમારોહ, પ્રમુખવરણી અમૃતદિન, વૃક્ષ વિતરણ સમારોહ, ગૌપૂજન કાર્યક્રમ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જન્મોત્સવ, બાળકો-યુવાનો માટે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ, સત્સંગદીક્ષા મુખપાઠ પ્રેરણાસભા વગેરે કાર્યક્રમો યોજાયા હતા. દરેક કાર્યક્રમમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો દ્વારા બાળકો, યુવાનો અને વડીલો તથા કાર્યકરોને વિવિધ દૃષ્ટિકોણથી આધ્યાત્મિક અને જીવન

ઘડતરલક્ષી તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું.

ધુલિયાથી નાસિક ખાતે પધારેલા પૂજ્ય ડૉક્ટર સ્વામીએ બી.એ.પી.એસ. મંદિરમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પ્રતીક જન્મોત્સવની ઉજવણી સાથે બાળ-યુવા-સંયુક્તમંડળ કાર્યકરોને પ્રેરણાઓ આપી હતી. પ્રમુખવરણી અમૃતદિન, વિવિધ શહેરોમાંથી શિબિર-યાત્રા દરમ્યાન નાસિક પધારેલા યુવાનોને સત્સંગલાભ, તમામ શહેરોમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીના પ્રેરક સાંનિધ્યમાં ઠેર ઠેર બાળદિન નિમિત્તે સુંદર કાર્યક્રમો યોજાયા હતા. જેમાં 'મિશન રાજીપો' અભિયાનમાં જોડાયેલા સૌ બાળકોએ સભામાં મુખપાઠ સાથે વિવિધ રજૂઆતો કરી હતી. મુખપાઠ કરનાર દરેક બાળક પોતાનું જીવન આદર્શ બનાવે તથા માતા-પિતા પોતાના બાળકોમાં આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરે એ માટે પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સૌને





મુંબઈમાં વિવિધ સભાઓમાં કથાવાર્તાની હેલી વરસાવીને, પૂણે પધારેલા પૂજ્ય ડૉક્ટર સ્વામીનું સ્વાગત કરતા સંતો-ભક્તો

પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પૂજ્ય ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં ઉપરોક્ત શહેરોમાં યોજાયેલા યુવાનોના જ્ઞાનસત્રો અને શિબિરોમાં તેઓએ સૌમાં આધ્યાત્મિક જોમ સીંચીને પ્રેરણાથી ચેતનવંતા કરી દીધા હતા. યુવાનો પોતાના જીવનમાં સદાચાર અને સંયમ દૃઢાવીને આદર્શ યુવક બને તે માટે તેઓએ પવિત્ર પોતાની જોમવંતી શૈલીમાં સૌને લાભ આપ્યો હતો.

નિત્ય સવારે કથાલાભ બાદ સ્થાનિક હરિભક્તોને પૂજ્ય ડૉક્ટર સ્વામીનાં દર્શન-મુલાકાતનો પણ લાભ પ્રાપ્ત થતો હતો. આમ, ડૉક્ટર સ્વામીના સત્સંગ લાભ દ્વારા હજારો બાળકો-યુવાનો અને સંયુક્ત સત્સંગમંડળના સૌ હરિભક્તોએ શુદ્ધ અને પવિત્ર જીવન જીવવાની પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી.

મહાનુભાવ સભા વગેરે કાર્યક્રમો યોજાયા હતા. આ તમામ સભાકાર્યક્રમોમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સૌને જીવન ઘડતર અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટેનાં સોપાનો દૃઢાવ્યાં હતાં.

નાસિકમાં એક સપ્તાહનો લાભ આપ્યા બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ મુંબઈ પધારીને સત્સંગલાભ આપ્યો હતો. મુંબઈમાં તેઓની ઉપસ્થિતિમાં પૂર્વોક્ત કાર્યક્રમોની સાથે સાથે જ્ઞાનસત્ર, વિશ્વપર્યાવરણ દિને વૃક્ષપૂજન, મહાનુભાવોની વિશિષ્ટ સભા, નવા કાર્યકરોનો અભિવાદન સમારોહ તેમજ સ્થાનિક યુવા શિબિર વગેરે કાર્યક્રમો યોજાયા હતા.



મુંબઈથી પૂણે ખાતે પધારેલા પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પૂણેમાં પણ સત્સંગની હેલી વરસાવી હતી. વિવિધ કાર્યક્રમોની શૃંખલામાં તેઓનો સત્સંગ લાભ સૌને પ્રાપ્ત થયો હતો.

મહારાષ્ટ્રનાં ઉપરોક્ત

# ગુજરાતનાં વિવિધ નવ ગામોમાં નવનિર્મિત
# બી.એ.પી.એસ. મંદિરમાં યોજાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો




કિશોરપુરા (તા. મોડાસા) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે વેદોક્ત વિધિમાં રત પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય કૃપા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી દેશવિદેશમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનું નિર્માણ થઈ રહ્યું છે. આ મંદિરોના નિર્માણની સાથે સાથે અસંખ્ય લોકોનાં હૃદયમાં પણ મંદિર રચાઈ રહ્યાં છે, અજ્ઞાનનાં અંધારાં હડસેલાઈ રહ્યાં છે અને ભક્તિનો ઉજાસ રેલાઈ રહ્યો છે. જીવપ્રાણીમાત્રના કલ્યાણ માટે રચાતાં આ મંદિરોમાં આવનારી અનેક પેઢીઓના ઉદ્ધારની ખેવના છે, ભારતીય સંસ્કૃતિ અને વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનની એમાં લગની પણ છે. તાજેતરમાં સ્વામીશ્રીના આશીર્વાદથી વધુ નવ નૂતન બી.એ.પી.એસ. મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો શાનદાર રીતે ઊજવાઈ ગયા. અહીં એ ઉત્સવોની એક આછી ઝલક પ્રસ્તુત છે...

## કિશોરપુરા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કિશોરપુરા ખાતે તા. ૧૦-૫-૨૦૨૫ના રોજ નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કિશોરપુરામાં તા. ૧૭-૧-૧૯૮૩ના રોજ અનેક ગામજનોનાં ઘરે પધરામણીઓ કરીને સત્સંગ-આશીર્વાદની અમૃતધારા વહાવી હતી. પધરામણીઓના દોર વચ્ચે રમેશભાઈ પટેલે પોતાના કૂવાની ખાતવિધિ કરવાનો આગ્રહ કરતાં સમયની ખેંચ વચ્ચે પણ સ્વામીશ્રી ગાડામાં બેસીને તેઓના ખેતરમાં પધાર્યા હતા ને ખાતવિધિ કર્યો હતો. વસંતનાં મંડાણ થાય ને વનરાજી પાંગરી ઊઠે એમ પ્રમુખસ્વામી મહારાજની આવી સ્નેહલવર્ષાથી ભીંજાયેલા સૌ ગામજનોમાં સત્સંગની અભિવૃદ્ધિ થવા માંડી. હિંમતનગર મંદિરથી સત્સંગ વિચરણ અર્થે પધારતા સંતો અને કાર્યકરોના ભક્તિમય ઉત્સાહથી સત્સંગ કાર્ય આગળ ધપતું ગયું અને મંદિરની આવશ્યકતા ઊભી થઈ. સૌના સહિયારા સેવાયજ્ઞથી નૂતન મંદિર રચાયું. તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે કિશોરપુરા મહિલામંડળ દ્વારા મહિલા દિન, પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા, વિશ્વશાંતિ મહાયજ્ઞ અને પ્રતિષ્ઠા મહાપૂજા જેવા કાર્યક્રમો ભક્તિભાવપૂર્વક યોજાયા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૬-૪-૨૦૨૫ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય

યજ્ઞપ્રિયદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૦-૫-૨૦૨૫ના રોજ સંપન્ન થયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગામજનોએ આ પ્રતિષ્ઠા ઉત્સવનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

## વેલુક ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા વેલુક ગામના આકર્ષક પ્રવેશદ્વાર પાસે મુકુટમણિ સમાન નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું છે. વિશેષ તો આ ગામમાં તા. ૧૩-૫-૨૦૦૦ના દિવસે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે નવીનભાઈ પટેલના નળિયાંવાળા ઘરમાં પટમૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી. વર્ષોથી આ વિસ્તારમાં વિચરણ કરતા શ્રીજીનંદનદાસ સ્વામી અને ભગવદ્જીવનદાસ સ્વામીની કથાવાર્તા અને માર્ગદર્શન હેઠળ સત્સંગનો ખૂબ વ્યાપ થતો રહ્યો. આ ગામમાંથી એક સંત (સાધુ પરમતીર્થદાસ) અને પાંચ નિર્દેશક કાર્યકરોની પણ સંસ્થાને ભેટ મળી ચૂકી છે. મંદિરની આવશ્યકતા ઊભી થતાં સૌના સહિયારા પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યું, જેમાં મુખ્યત્વે પટેલબંધુશ્રી કમલેશભાઈ, રાજુભાઈ, સુનીલભાઈ, જનકભાઈ, શૈલેશભાઈ, મૂકેશભાઈ સહિત સૌ હરિભક્તો-ગામજનોનો તન, મન અને ધનથી સહકાર પ્રાપ્ત થયો હતો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે કીર્તન આરાધના, વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા, પ્રતિષ્ઠા મહાપૂજા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. વિશ્વશાંતિ મહાયાગમાં વન અને પર્યાવરણ વિભાગના રાજ્યમંત્રીશ્રી મૂકેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૭-૧-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૨-૫-૨૦૨૫ના રોજ પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. પ્રતિષ્ઠાવિધિ બાદ યોજાયેલી ઉત્સવ-સભામાં મહાનુભાવોના સ્વાગત બાદ કિશોરોએ ભક્તિનૃત્ય પ્રસ્તુત કરીને ઉત્સવને વધાવ્યો હતો. ઉપસ્થિત ભક્તો-ભાવિકોએ પૂજ્ય સંતોનાં પ્રેરક ઉદ્‌બોધનોનો લાભ પ્રાપ્ત કર્યો હતો.





વેલુક (તા. ઓલપાડ) મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી, મોટા માંડવામાં પ્રતિષ્ઠાસભામાં મંચસ્થ સંતો

## મોટા માંડવા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

રાજકોટ જિલ્લામાં ગોંડલ નજીક આવેલા મોટા માંડવા ખાતે તા. ૧૪-૫-૨૦૨૫ના રોજ નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. ગુણાતીત ગુરુવર્યોની ચરણરેણુથી પાવન થયેલા આ ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સન ૧૯૮૨માં મંદિર પ્રતિષ્ઠિત થયું હતું. આ મંદિરના નવીનીકરણ સાથે નિર્માણ પામેલા નૂતન મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. સંત પારાયણ, કીર્તન આરાધના, વિશ્વશાંતિ મહાયાગ, મૂર્તિઓની શોભાયાત્રા, પ્રતિષ્ઠા મહાપૂજામાં ગામજનો હરખભેર જોડાયા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા પૂર્વે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. પ્રતિષ્ઠાના પ્રાસંગિક સમારોહમાં વિવિધ મંદિરોના સંતોએ ઉપસ્થિત રહી પ્રેરક કથાલાભ આપ્યો હતો.

## ટાઢીવેડી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના અંતરિયાળ ગામ ટાઢીવેડી ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૪-૫-૨૦૨૫ના રોજ ઉમંગભેર

ઊજવાયો હતો. ઉત્તર ગુજરાતનું આ આદિવાસી ગામ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી વર્ષો પહેલાં સત્સંગના રંગે રંગાયું હતું. સ્વામીશ્રીએ તેમજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પોશીના તાલુકાના આ આદિવાસીબંધુઓ પર ખૂબ વાત્સલ્ય વરસાવ્યું છે.

મંદિરનિર્માણમાં સ્થાનિક હરિભક્તો - શ્રી જયંતીભાઈ, શ્રવણભાઈ, ભાજાભાઈ, મેનાભાઈ, ગુલબભાઈ, શંકરભાઈ, બાબુભાઈ ડાભી તેમજ કાર્યકર સુનીલભાઈ પટેલ અને દિલીપભાઈ મિસ્ત્રી વગેરે હરિભક્તોએ ખૂબ સેવા કરી. ગુરુહરિના આશીર્વાદ સાથે નિર્માણ પામેલા આ મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે યોજાયેલી દબદબાભેર શોભાયાત્રામાં સૌ ગામજનો હરખભેર સંમિલિત થયા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં હસ્તે તા. ૧૬-૪-૨૦૨૫ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો ત્યારે સૌ ગામજનોએ અનુભવ્યું કે આજનો સૂર્યોદય ટાઢીવેડીના આંગણે સોનલ તેજપુંજ રેલાવી ગયો. ઉત્સવસભામાં સંતોનાં પ્રેરક વક્તવ્યનો લાભ પામીને અનેક ગામજનો આધ્યાત્મિકતાના રંગે રંગાયા હતા.

અહીં વિચરણ કરતા અમૃતમુનિદાસ સ્વામી અને અમૃતતનયદાસ સ્વામી સહિત સૌ હરિભક્તોની મહિમા અને નમ્રતાપૂર્વકની સેવાથી ઉત્સવ શોભી ઊઠ્યો હતો.

## શિવપુરા(હફસાબાદ)માં મૂર્તિસ્થાપન ઉત્સવ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરથી ત્રણ કિ.મી. દૂર માત્ર ૫૭૫ વસ્તી ધરાવતા શિવપુરા ગામમાં ગુણાતીત ગુરુવર્યોનાં આશીર્વાદથી સુંદર બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું છે.

શિવપુરાના શ્રી રસિકભાઈ વર્ષો પૂર્વે પૂજ્ય ડૉક્ટર સ્વામીના યોગમાં આવીને સત્સંગના રંગે રંગાયા હતા. તેમના થકી ઈશ્વરભાઈ પટેલ અને મણિભાઈ પટેલને સત્સંગ થતાં સૌના આગ્રહથી અહીં સંતોનું વિચરણ શરૂ થયું. સન ૨૦૦૭માં ધનતેરશના પવિત્ર દિવસે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ શિવપુરા પધારીને સત્સંગમંડળને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારપછી તો સત્સંગે હરણફાળ ભરતાં સૌને મંદિર રચવાના કોડ જાગ્યા. મહિલામંડળે તો વ્રત, તપ અને ઉપવાસની ભાગીરથી વહાવીને મંદિર નિર્માણના સંકલ્પને વધુ બલવત્તર બનાવી દીધો. આમ, સૌનાં સમર્પણ, સેવા, તપ અને સહકારના પાયા પર સોહામણું મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પૂર્વે મહિલા સંમેલન, વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા, કીર્તન આરાધના જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૬-૪-૨૦૨૫ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને અન્ય સંતોના હસ્તે તા. ૧૭-૫-૨૦૨૫ના રોજ સંપન્ન થયો. પ્રતિષ્ઠા બાદ યોજાયેલી ઉત્સવ સભામાં પૂજ્ય સંતોએ પ્રેરક વક્તવ્યનો લાભ આપ્યો હતો. આ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.





ટાઢીવેડી (તા. પોશીના)માં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, શિવપુરામાં ઠાકોરજીની શોભાયાત્રાનું એક દૃશ્ય...

## મોગર ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

આણંદથી નિકટવર્તી હાઈવે પર આવેલા મોગર ગામમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૩૧-૫-૨૦૨૫ના રોજ હર્ષોલ્લાસપૂર્વક ઊજવાયો હતો. સન ૧૯૮૦થી શરૂઆત પામેલા

સત્સંગમંડળના પાયાના કાર્યકર રમણભાઈ પટેલે તેઓના ઘરે સત્સંગસભાની શરૂઆત કરી હતી. સમય જતાં સત્સંગની અભિવૃદ્ધિ થતાં ગ્રામ પંચાયતના કોમ્પ્યુનિટિ હોલમાં સત્સંગસભા યોજાવા લાગી. મંડળ સંચાલક તરીકે ક્રમશઃ અલ્પેશભાઈ પટેલ, વરુણભાઈ પટેલ તથા અશોકભાઈ પટેલના સહિયારા પ્રયાસથી સંયુક્તમંડળ, મહિલામંડળ, બાળમંડળની શરૂઆત બાદ સત્સંગની આશીર્વાદથી સત્સંગથી પલ્લવિત થયેલા આ ગામમાં વિવેકસ્વરૂપદાસ સ્વામી અને સંતોના વિચરણથી સત્સંગ વિશેષ અભિવૃદ્ધિ પામ્યો છે. સંસ્થા દ્વારા ઊજવાતા દરેક મહોત્સવોમાં સેવાકાર્યમાં જોડાતું તેજલાવ મંડળ આસપાસનાં ગામો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.

ગામજનોએ ભક્તિભાવથી અર્પણ કરેલી ભૂમિ પર આરંભાયેલા મંદિરના નિર્માણમાં જ્યારે જ્યારે જરૂર પડી





મોગર (તા. આણંદ) ખાતે શોભાયાત્રામાં ઠાકોરજીના રથ સાથે સ્થાનિક હરિભક્તોનું સ્મૃતિદૃશ્ય, બી.એ.પી.એસ. મંદિર - તેજલાવ

વિશેષ અભિવૃદ્ધિ થતાં મંદિરની આવશ્યકતા જણાઈ.

સૌના ઉત્સાહ વચ્ચે મંદિર માટેની ભૂમિ સંપાદિત થઈ. વેદમનનદાસ સ્વામી, અખંડકીર્તનદાસ સ્વામી અને અધ્યાત્મયોગીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોના યથાર્થ પુરુષાર્થ અને સમર્પણથી નૂતન મંદિરની રચના થઈ.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે વિશ્વશાંતિ મહાયજ્ઞ, શોભાયાત્રા, વેદોક્ત પ્રતિષ્ઠાપૂજનવિધિ જેવા ભક્તિસભર કાર્યક્રમો યોજાયા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૨૫-૫-૨૦૨૫ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૩૧-૫-૨૦૨૫ના રોજ અક્ષરચરણદાસ સ્વામી, ભગવત્ચરણદાસ સ્વામી તથા ચરોતર પંથકના સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. પ્રતિષ્ઠા નિમિત્તેની સભામાં અનેક મહાનુભાવો સહિત ભક્તો-ભાવિકોએ પૂજ્ય સંતોનાં આશીર્વચનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

## તેજલાવ ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

દક્ષિણ ગુજરાતમાં તીથલ વિસ્તારના તેજલાવ ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ત્યારે હરિભક્તોએ સેવાયજ્ઞો કર્યા હતા. નાનકડું ગામ અને વળી મધ્યમ પરિસ્થિતિ ધરાવતા હરિભક્તોએ મંદિર માટે તો દિલની અમીરાતથી સેવા-સમર્પણ કર્યું. કડિયા અને સેન્ટિંગનું કાર્ય કરતા ભક્તોનો પણ વિશેષ સહયોગ સાંપડતાં તેજલાવમાં તેજોમય મંદિર સાકાર થયું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧-૬-૨૦૨૫ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. ઢળતી બપોરે યોજાયેલી શોભાયાત્રામાં સૌના અનન્ય ઉત્સાહ વચ્ચે કલાત્મક રથોમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાએ ગામમાં દૃષ્ટિ આશિષ વરસાવીને દિવ્યતા પ્રસરાવી દીધી હતી. ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં વરદ હસ્તે તા. ૧૬-૧૦-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તેજલાવ મંદિરમાં તા. ૨-૬-૨૦૨૫ના રોજ રાજેશ્વરદાસ સ્વામી, ધર્મચરણદાસ સ્વામી, વિવેકસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહીને ઉત્સવ લાભ પ્રાપ્ત કર્યો હતો.

## કાલાવડ(શીતલા) ખાતે મૂર્તિસ્થાપન ઉત્સવ

જામનગર જિલ્લાના કાલાવડ(શીતલા) ગામે તા.

૫-૬-૨૦૨૫ના રોજ નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો.

ભાદરા અને જામનગર મંદિરથી વર્ષોથી વિચરણ કરતા સંતોના ભક્તિમય પ્રયાસથી કાલાવડમાં સત્સંગની અભિવૃદ્ધિ થઈ. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ બે વખત પધારીને અહીં સત્સંગના પડઘમ ગુંજાવીને, ગામજનોને સત્સંગ-ભક્તિ દૃઢ કરવાની પ્રેરણા આપી હતી. શ્રી વલ્લભભાઈ અજુડિયા, રમેશભાઈ ફળદુ અને મનસુખભાઈ અકબરીના ઉત્સાહથી ધીમે ધીમે સત્સંગ પ્રસર્યો. સંતોના નિયમિત વિચરણ અને ધર્મલાભથી ગામજનોને સત્સંગ અને સત્પુરુષનો યથાર્થ મહિમા હૃદયસ્થ થતાં વિવિધ સત્સંગમંડળો સક્રિય થયાં. વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના રંગે રંગાયેલા આ ગામમાંથી બે સંતો(ઋષિપુરુષદાસ સ્વામી, મુનિહૃદયદાસ સ્વામી)ની પણ બી.એ.પી.એસ. સંસ્થાને ભેટ મળી છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી હરિભક્તોનાં સેવા-સમર્પણ અને ભક્તિસભર પુરુષાર્થથી નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું છે. સ્વામીશ્રી દ્વારા અગાઉ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ અક્ષરચરણદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. આ નિમિત્તે યોજાયેલી ઉત્સવ સભામાં ઉપસ્થિત સૌ ગ્રામજનોએ પૂજ્ય સંતોના પ્રેરક ધર્મસંદેશનો લાભ પ્રાપ્ત કર્યો હતો.





કાલાવડ (જિ. જામનગર)માં મૂર્તિસ્થાપનવિધિ કરતા સંતો, કાપોદ્રા મંદિરના દ્વાર-ઉદ્‌ઘાટન કરી ઠાકોરજી સાથે મંગલપ્રવેશ કરતા સંતો

## કાપોદ્રા(સુરત) ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી સુરત શહેરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની દિન-પ્રતિદિન અભિવૃદ્ધિ થઈ રહી છે. પરિણામે શહેરનાં અનેક ઉપનગરોમાં મંદિર નિર્માણ પામી રહ્યાં છે. તાજેતરમાં વરાછાના કાપોદ્રા વિસ્તારમાં સત્સંગ ઉત્તરોત્તર વધતા હરિભક્તો ઠાકોરજી પ્રત્યે પોતાની સેવા ભક્તિ અદા કરી શકે તે માટે મંદિરની આવશ્યકતા ઊભી થઈ. કાપોદ્રાના અગ્રણી હરિભક્ત શ્રી રમેશભાઈ સાકરિયાએ ભક્તિભાવથી પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરીને મંદિર નિર્માણમાં પણ વિશેષ સહયોગ આપ્યો. સૌ કાર્યકરો અને હરિભક્તોના સહિયારા સેવા-પુરુષાર્થથી જોતજોતાંમાં સંસ્કારધામ આકાર પામ્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે કણાદ(સુરત) ખાતે તા. ૨૫-૫-૨૦૨૫ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૩-૬-૨૦૨૫ના રોજ ધર્મચરણદાસ સ્વામી અને ઉત્તમપ્રકાશદાસ સ્વામીના હસ્તે થયો. આ પ્રસંગે યોજાયેલી વૈદિક મહાપૂજાવિધિમાં કાપોદ્રા વિસ્તારના હરિભક્તો અને કાર્યકરો જોડાયા હતા.

સાંજે યોજાયેલ ઉત્સવસભામાં પ્રભુચરણદાસ સ્વામીએ મંદિરની આવશ્યકતા અને મંદિરથી થતા લાભ વિષયક પ્રેરક વક્તવ્યનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે સંસ્કારધામના નિર્માણમાં સેવા આપનાર ભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું. આમ કાપોદ્રા સંસ્કારધામની મૂર્તિપ્રતિષ્ઠા ખૂબ જ દિવ્યતાથી સંપન્ન થઈ.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના આશીર્વાદ સાથે પ્રતિષ્ઠિત થયેલા હિન્દુ સનાતન ધર્મનાં કેન્દ્ર સમાન આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો હવે બાળસંસ્કાર, વ્યસનમુક્તિ અને મહિલા ઉત્કર્ષ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓને વેગ આપશે. અને સામાજિક અને આધ્યાત્મિક ઉન્નતિનાં ઊર્જાકેન્દ્રો બની રહેશે. ◆

# બી.એ.પી.એસ. મંદિરોમાં ઠેર ઠેર યોજાયાં

## હજારો યુવાનોને વિવિધ સ્તરીય તાલીમ આપતાં જ્ઞાનસત્રો...






ઠેર ઠેર યોજાયેલાં યુવા જ્ઞાનસત્રોમાં હજારો યુવાઓને તાલીમ પ્રાપ્ત થઈ. યુવાનોને લાભ આપતા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી

ઉનાળુ વેકેશન દરમ્યાન બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ સાથે જોડાયેલા યુવકો અને યુવતીઓનું સંસ્કૃતિ અને સત્સંગલક્ષી જ્ઞાન અભિવૃદ્ધિ પામે, જીવનમાં આધ્યાત્મિક મૂલ્યોની વૃદ્ધિ થાય તે માટે બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા આ વર્ષે સાત દિવસીય યુવા જ્ઞાનસત્ર યોજાયું હતું. તા. ૪ મે થી ૨૦ જૂન દરમ્યાન ગુજરાત તથા મહારાષ્ટ્રનાં ૧૯ બી.એ.પી.એસ. મંદિરોમાં ‘બનીએ આદર્શ...’ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા આ જ્ઞાનસત્રમાં હજારો યુવક-યુવતીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

યુવાનોએ વિદ્વાન સંતોનાં પ્રેરક પ્રવચનોની સાથે સાથે અક્ષરપુરુષોત્તમ ઉપાસના, ભક્તગાથા, વચનામૃત અને સ્વામીની વાતોનું અધ્યયન, મુખપાઠ, ગોષ્ઠિ, સમૂહપૂજા જેવા કાર્યક્રમો દ્વારા સત્સંગની અસ્મિતા દૃઢ કરી હતી. સત્સંગ, સંયમ, સંસ્કાર, સત્પુરુષ, શિક્ષણ, સેવા અને સંપની અનિવાર્યતા સમજીને આદર્શ જીવનઘડતરના પાયાનાં સોપાનો સૌએ હૃદયસ્થ કર્યાં હતાં. સ્થાનિક સત્સંગમંડળના સમર્પણ-નિષ્ઠ હરિભક્તોના ઈન્ટરવ્યૂ તેમજ વર્કશોપ દ્વારા વ્યક્તિત્વ વિકાસની વિશેષ પ્રેરણા પ્રાપ્ત કરી હતી. વિવિધ સત્રોમાં સૌએ પ્રવચન, કીર્તનભક્તિ, પ્રસંગકથનની તાલીમ પ્રાપ્ત કરીને સારા વક્તા-પ્રવક્તા બનવાનું પણ માર્ગદર્શન મેળવ્યું હતું.

વિવિધ સત્રોમાં ગુણાતીત ગુરુવર્યોનાં વીડિયો દર્શન તથા તેઓની સાથે થયેલી પ્રશ્નોત્તરીની વીડિયો દ્વારા યુવકોએ જીવન જરૂરી માર્ગદર્શન અને તેઓનું દિવ્ય સાંનિધ્ય અનુભવ્યું હતું. જુદાં જુદાં સ્થળોએ સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌને લાભ આપ્યો હતો. વિવિધ જ્ઞાનલક્ષી કાર્યક્રમોની સાથે સાથે સેવાયજ્ઞ તથા રમત-ગમત માટે પણ સમય ફાળવવામાં આવ્યો હતો. અંતિમ દિને સૌ યુવકો ગ્રામ્ય વિચરણમાં જોડાયા હતા. યુવાનોએ ગામડાંઓમાં ઘૂમીને, ગામજનોનો સંપર્ક કરીને તેઓને બાળ-સંસ્કાર, વ્યસનમુક્તિ, સત્સંગ અને સદાચારયુક્ત જીવન જીવવાની પ્રેરણા આપી હતી. આમ, સાત દિવસીય યુવા જ્ઞાનસત્ર સૌ માટે ઉચ્ચ જીવનની સાચી દિશા ચીંધનાર અમૂલ્ય સંભારણું બની રહ્યું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી યોજાયેલાં આ જ્ઞાનસત્રોની સફળતા માટે સંત નિર્દેશકો, અગ્રેસરો, યુવા નિર્દેશકો તથા અન્ય કાર્યકર-હરિભક્તોનો ફાળો ખરેખર પ્રશંસનીય રહ્યો હતો. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું એક વધુ શૈક્ષણિક સોપાન

## જામનગરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર





સંસ્કારયુક્ત શિક્ષણનું લક્ષ્ય લઈને જુદાં જુદાં શહેરોમાં શિક્ષણ સેવાઓ કરી રહેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું વધુ એક નૂતન સોપાન છોટી કાશી ગણાતા જામનગર શહેર ખાતે ઉમેરાયું છે. જામનગરના બી.એ.પી.એસ. મંદિર પરિસરમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર નિર્માણ પામ્યું છે.

સ્વામીશ્રીની પ્રેરણાથી આ વિદ્યામંદિરનો ઉદ્‌ઘાટન સમારોહ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના જન્મજયંતી દિને, તા. ૨૪-૫-૨૦૨૫ના રોજ સદ્‌ગુરુવર્ય પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીના વરદ હસ્તે યોજાઈ ગયો. આ પ્રસંગે મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ(કૃષિ અને પશુપાલન વિભાગ), મંત્રીશ્રી મૂળુભાઈ બેરા(પ્રવાસન વિભાગ), મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા(શિક્ષણવિભાગ) તથા અન્ય સ્થાનિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પૂજન સાથે પૂજ્ય સંતો અને મંત્રી-મહાનુભાવોએ વિધિવત્‌ રીતે આ શાળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આધુનિકતમ સુવિધાઓથી સજ્જ આ વિદ્યામંદિરની સંચાલન ઓફિસો તથા વિવિધ વર્ગખંડોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ પધરામણી કરીને પ્રાસાદિક પુષ્પો છાંટ્યાં હતાં. અહીંથી વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષણ અને સંસ્કાર પ્રાપ્ત કરીને ઉચ્ચ કારકિર્દીનું ઘડતર કરે તે માટે તેઓએ પ્રાર્થના પણ કરી હતી.

આ નિમિત્તે યોજાયેલા ખાસ સમારોહમાં હજારો ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થઈ રહેલી શૈક્ષણિક અને અન્ય સેવાઓને બિરદાવી હતી. જ્ઞાનેશ્વરદાસ સ્વામીના પ્રાસંગિક વક્તવ્ય બાદ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં. અંતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પાઠવેલા વીડિયો આશીર્વાદથી સૌ કૃતાર્થ થયા હતા. ગુજરાત બોર્ડ અંતર્ગતની આ આધુનિકતમ સુવિધા-સજ્જ શાળામાં પ્રથમ તબક્કામાં અંગ્રેજી માધ્યમ સાથે નર્સરીથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સંસ્કારયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરશે. ત્યારબાદ બીજા તબક્કામાં ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણની ઉત્તમ સુવિધા પ્રાપ્ત કરશે.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી નિર્માણ પામેલું આ વિદ્યામંદિર હવે વિદ્યાર્થીઓમાં સંસ્કારયુક્ત શિક્ષણની ભાગીરથી વહાવતું રહેશે. છાત્રો માટે ઉચ્ચ કારકિર્દીનું વિદ્યાધામ બનીને શ્રેષ્ઠ જીવનઘડતર કરતું રહેશે. ◆

# બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી દ્વારા
# વલ્લભવિદ્યાનગરમાં યોજાઈ પ્રમુખ વિઝન કૉન્ફરન્સ






ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી વડોદરા ખાતે કાર્યરત બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી દ્વારા, યુ.પી.એસ.સી. તથા જી.પી.એસ.સી.ની પરીક્ષાઓની તાલીમ આપવા માટે વલ્લભવિદ્યાનગર ખાતે 'પ્રમુખ વિઝન કૉન્ફરન્સ' યોજાઈ હતી. 'ઈગ્નાઈટીંગ ધ લીડર વિધિન' એ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ કૉન્ફરન્સના પ્રથમ વિભાગમાં તા. ૧૫ થી ૧૮ મે દરમ્યાન કૉલેજના વિદ્યાર્થીઓએ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. અને બીજા વિભાગમાં તા. ૧૮ થી ૨૧ મે દરમ્યાન વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય સંતો અને નિષ્ણાતોની ઉપસ્થિતિમાં શરૂ થયેલી આ કૉન્ફરન્સના પ્રથમ વિભાગમાં વિદ્યાર્થીઓએ ૭ અધિકારીશ્રીઓ, ૧૪ અનુભવી શિક્ષકો અને ૧૨ વિદ્વાન સંતો દ્વારા ૩૦ જેટલાં સત્રોમાં વિષયવાર માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

પૂર્વ આઈપીએસ ઓફિસર શ્રી સંજય શ્રીવાસ્તવ આ કૉન્ફરન્સમાં ખાસ હાજર રહ્યા હતા. તેમણે પોલીસ અધિકારી તરીકેના અનુભવો રજૂ કરીને વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓને ઇતિહાસના નવા દૃષ્ટિકોણ વિષે શ્રી સોનિલભાઈ ઠક્કર અને શ્રી દિવસભાઈ દ્વિવેદીએ તથા આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કેવી રીતે કરવો એ અંગે શ્રી મેહુલભાઈ જોશીએ માર્ગદર્શન આપ્યું હતું. નિબંધલેખન વિષે શ્રી હર્ષભાઈ દેસાઈ તેમજ પોલિટી અને ગવર્નન્સની પ્રેક્ટિકલ સમજણ શ્રી પ્રિયેશભાઈ સોની દ્વારા આપવામાં આવી હતી. યુ.પી.એસ.સી.માં ઓલ ઇન્ડિયામાં ૩૦મો રેન્ક ધરાવતા શ્રી સ્મિતભાઈ પંચાલ અને ૬૦૭મો રેન્ક ધરાવતા શ્રી અંકિતભાઈ વાણિયા સાથે વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું. આઈપીએસ ઓફિસર શ્રી હેમંતભાઈ કલાલ અને સ્પીપાના ફેકલ્ટી શ્રી બ્રિજેશભાઈ પટેલના ઇન્ટરવ્યૂ દ્વારા વિદ્યાર્થીઓને વિશેષ પ્રેરણા મળી હતી. કૉલેજથી કારકિર્દીનું પ્રેરણાત્મક માર્ગદર્શન શ્રી પ્રિમાંશુભાઈ ભારદ્વાજે આપ્યું હતું.

આ કૉન્ફરન્સમાં સેંકડો વિદ્યાર્થીઓએ વિવિધ એક્ટિવિટીઝ, વર્કશોપ્સ અને પ્રેરક વક્તવ્યો દ્વારા વિશેષ માર્ગદર્શન તેમજ સરકારી વિભાગની આ પરીક્ષાઓની વિશેષ જાગૃતિ પ્રાપ્ત કરી હતી.

આ કૉન્ફરન્સના વિવિધ સત્રોમાં જ્ઞાનેશ્વરદાસ સ્વામી, યજ્ઞપ્રિયદાસ સ્વામી, ભાગ્યસેતુદાસ સ્વામી, જ્ઞાનવિજયદાસ સ્વામી અને જ્ઞાનનયનદાસ સ્વામીએ પણ પ્રેરક વક્તવ્યોનો લાભ આપીને સૌ વિદ્યાર્થીઓને નક્કી કરેલા ધ્યેય સુધી પહોંચવા કટિબદ્ધ કર્યા હતા. ◆

# આણંદના બી.એ.પી.એસ. મંદિરના રજતજયંતી પર્વે યોજાયો

## વિકસિત ભારતનો સાંસ્કૃતિક સમારોહ





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ઇતિહાસમાં ભગવાન સ્વામિનારાયણ તેમજ ગુણાતીત ગુરુવર્યો માટે પક્ષ, શૂરવીરતા, સમર્પણ અને અનન્ય નિષ્ઠાની ખુમારીથી ચેતનવંતા ચરોતરનું પાટનગર એટલે આણંદ. આ પ્રાસાદિક ભૂમિ આણંદને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૦માં બી.એ.પી.એસ. મંદિરની ભેટ આપી હતી. ચરોતરના ચોકમાં વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની આલબેલ પોકારતા આ મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હોવાથી તેના રજતજયંતી ઉત્સવના ઉપક્રમે અહીં વિવિધ કાર્યક્રમોની શૃંખલા રચાઈ રહી છે.

રજત જયંતીના ઉપક્રમે અક્ષરફાર્મ ખાતે ‘વિકસિત ભારતનો સાંસ્કૃતિક સમારોહ’ યોજાયો હતો. પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામે વિકસિત ભારત માટેના વિઝન-૨૦૨૦ અંતર્ગત પાંચ મુદ્દાઓ રજૂ કરેલા. એ પાંચ મુદ્દાઓ ઉપરાંત પ્રમુખસ્વામી મહારાજે તેમને સૂચવેલો છઠ્ઠો મુદ્દો હતો - ‘ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતા’. આ તમામ મુદ્દાઓને અહીં પ્રદર્શનમાં પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. મહાનુભાવો સહિત પૂજ્ય ભગવત્ચરણદાસ સ્વામી અને સંતોએ આ સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું.

તા. ૧૯ થી ૨૪ મે દરમ્યાન છ દિવસ સુધી યોજાયેલા આ સમારોહ અંતર્ગત વિવિધ કૉન્ફરન્સ પણ યોજાઈ હતી. પ્રથમ દિવસે યોજાયેલી યુવા કોન્ફરન્સમાં અપૂર્વમુનિદાસ સ્વામીએ હજારો યુવાનોને પ્રેરક વક્તવ્યનો લાભ આપ્યો હતો. દ્વિતીય દિને યોજાયેલી ખેડૂત કૉન્ફરન્સમાં ઉપસ્થિત સમુદાયે ‘ગ્રીન એન્ડ વ્હાઈટ રિવોલ્યુશન’ વિષય અંતર્ગત ગૌ-સેવા આધારિત પ્રાકૃતિક ખેતી વિષે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. તૃતીય દિને ‘વન વિઝન, વન નેશન’ વિષય અંતર્ગત પ્રોફેશનલ્સ કૉન્ફરન્સ યોજાઈ હતી. પ્રદર્શન વિભાગમાં પણ આ કૉન્ફરન્સને અનુરૂપ વિવિધ રજૂઆતો દ્વારા સૌને ભારતના સમૃદ્ધ ઇતિહાસ અને વિકાસ વિશે માહિતી આપવામાં આવી હતી. સમારોહના અંતિમ ત્રણ દિવસે યોગીપર્વ અંતર્ગત સૌએ સંત પારાયણનો લાભ પ્રાપ્ત કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલા રક્તદાન યજ્ઞમાં મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકોએ રક્તદાન કર્યું હતું. વિવિધ કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, સામાજિક અગ્રણીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહ પ્રસંગે વિદ્વાન સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપ્યો હતો.

આમ, ચરોતરવાસીઓએ સતત છ દિવસ સુધી રોજ રાત્રે લાઈટ એન્ડ સાઉન્ડ શો અને પ્રેરક સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત દ્વારા મંદિર, સત્સંગ અને રજતજયંતી ઉત્સવની વિશિષ્ટ સ્મૃતિઓ હૃદયસ્થ કરી હતી. ◆

# બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીનાં દર્શને પધાર્યા
## પ્રસિદ્ધ સંતો અને મહાનુભાવો






બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પ તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજ મહારાજના આશીર્વાદથી રચાયેલું યુ.એ.ઈ. સ્થિત અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિર વિશ્વભરનાં સહેલાણીઓનાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સંવાદિતા, સહિષ્ણુતા અને વૈશ્વિક એકતાના સંદેશને ઉદ્‌ઘોષ કરતા આ મંદિરમાં નિત્ય હજારો લોકો દર્શને પધારીને ભારતીય સંસ્કૃતિમાં સમાહિત સંવાદિતાને જાણે છે, માણે છે અને હૃદયથી બિરદાવે પણ છે.

તા. ૬-૬-૨૦૨૫ના રોજ યુ.એ.ઈ.ના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાને એક ધાર્મિક સમારોહમાં આ મંદિરનાં સંતોને આમંત્રિત કર્યા હતા. સ્વામીશ્રી વતી પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ઉપસ્થિત રહીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમારંભમાં યુ.એ.ઈ.ના વિવિધ અમીરાતોના શાસકો અને અધિકારીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તાજેતરમાં આ મંદિરનાં દર્શને ઈસ્કોન સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય ચૈતન્યચરણદાસજી પધાર્યા હતા. મંદિરથી અભિભૂત થઈને તેઓએ જણાવ્યું કે, ''મંદિરની સ્થાપત્ય કલામાં વણાયેલા પ્રત્યેક વિચાર, ડિઝાઈનની સૂક્ષ્મતા અને સુંદરતા, બધું જ અદ્‌ભુત છે. અહીં જે સંવાદિતાનાં દર્શન થાય છે, તે ખરેખર અસાધારણ છે. આ રચનાની આધ્યાત્મિકતા અહીંના સેવકોમાં પણ અનુભવાય છે. તેઓ સેવા માટે સદાય આતુર રહી સૌને ભાવથી આવકારે છે. પત્થરોમાં કરેલી સુંદર કારીગરી, પથ્થરમાં દર્શાવવામાં આવેલી ભગવાનની તમામ લીલાઓ સૌને આશ્ચર્યચકિત કરી દે છે. આ સ્થાનનો સંદેશ છે કે બીજાના ભલામાં, આપણું ભલું છે. એ જ સંદેશ ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતામાં પણ આપે છે.''

તા. ૨૩-૫-૨૦૨૫ના રોજ અબુધાબી મંદિરનાં દર્શને ભારતના સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળના સભ્યો પધાર્યા હતા. આતંકવાદની નાબૂદી, રાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે ભારત સરકાર દ્વારા થયેલા 'ઓપરેશન સિંદૂર'ની સાર્થકતા પ્રસ્તુત કરવા તેઓ યુ.એ.ઈ. ખાતે પધાર્યા હતા. આ મુલાકાત દરમ્યાન તેઓ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનાં દર્શને પધાર્યાં હતાં. સૌ પ્રતિનિધિઓનું મંદિરના ટ્રસ્ટીશ્રીઓએ સ્વાગત કર્યું હતું. સૌએ મંદિરમાં ભગવાનનાં દર્શન અને અભિષેક કરી, મંદિરની અદ્‌ભુત કલા-કારીગરી નિહાળી, મંદિર નિર્માણની વિશિષ્ટ ગાથાને નિહાળી આ મંદિરના સંકલ્પદાતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પણ કરી હતી. તા. ૧૦-૬-૨૦૨૫ના રોજ ભારત સરકારના વિદેશ સચિવ શ્રી વિક્રમ મિસરીએ આ મંદિરનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ◆

### ભક્તરાજ શ્રી ગટુભાઈ નારણલાલ વ્યાસ, ઉં.વ. ૧૦૨, પાદરા, અક્ષરવાસ તા. ૧૭-૫-૨૦૨૫



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પુરસ્કર્તા શ્રી કૃષ્ણજી અદાના ચતુર્થ વારસ શ્રી ગટુભાઈ વ્યાસે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સેવા, સત્સંગ અને દર્શનનો લાભ વલસાડ અને રાજકોટમાં અનેકવાર પ્રાપ્ત કર્યો હતો. રેલવેમાં સ્ટેશન માસ્ટરની નોકરી દરમ્યાન ભાયલી અને કાવીમાં તેમણે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો સત્સંગલાભ અનેકવાર લીધો હતો. નોકરી અર્થે પાદરા સ્થાયી થતાં અહીંના રેલવે ક્વાર્ટરમાં અઠવાડિક સત્સંગસભાની તેમણે શરૂઆત કરાવી હતી. સન ૧૯૮૧માં નિવૃત્ત થયા બાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી પાદરા હરિમંદિરની સેવામાં જોડાયા. પાદરા ખાતે મંદિરની મૂર્તિપ્રતિષ્ઠામાં પણ તેમનું મુખ્ય યોગદાન રહ્યું હતું. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તેમને ૧૦૦ વર્ષ પૂરાં કરવાના કૃપાશિષ પાઠવ્યા હતા. તે અનુસાર ૨૦૨૩માં તેમનો શતાબ્દી ઉત્સવ ૧૨૫ સંતોની ઉપસ્થિતિમાં પાદરા ખાતે ઊજવાયો હતો. તેમનું ભક્તિપ્રધાન જીવન, નિયમ-ધર્મ વગેરે અન્ય સૌ કોઈ માટે પ્રેરણાદાયક હતું. ધામગમનના દિવસે મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપ્યા બાદ માત્ર ૧૧ મિનિટ પછી તેઓ અક્ષરધામ સિધાવી ગયા. ચાર ચાર ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કરનાર આ પીઢ ભક્તરાજ શ્રી ગટુભાઈ વ્યાસને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી દોલતરાય શંકરલાલ બ્રહ્મભટ્ટ, ઉં.વ. ૯૦, અમદાવાદ, અક્ષરવાસ તા. ૨૦-૫-૨૦૨૫, યુ.એ.ઈ.



મૂળ ખેડા જિલ્લાના માતરના વતની શ્રી દોલતભાઈને વારસામાં સ્વામિનારાયણીય સત્સંગ મળ્યો હતો. પરિણામે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં દર્શન-સત્સંગનો લાભ પણ મળ્યો હતો. પછી વ્યવસાયને કારણે અમદાવાદમાં સ્થાયી થયા, ત્યારબાદ ૧૯૮૧માં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો યોગ થયો. પુત્રોને કારણે સત્સંગમાં વધુ જોડાઈ ગયા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વ્યવસાયિક નિવૃત્તિ બાદ સન ૧૯૯૨માં યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિવિધ વિભાગોમાં સેવામાં જોડાઈ ગયા. ખાસ કરીને, તેમણે વર્ષો સુધી સંસ્થાની શૈક્ષણિક સેવાઓના વિભાગમાં ખૂબ સેવાઓ કરી. સદા હસમુખા, વિનમ્ર અને અપેક્ષા રહિત જીવન સાથે તેમણે સેવા કરીને સૌને ખૂબ રાજી કર્યા. તન-મન-ધનથી પુત્ર-પૌત્ર પરિવાર સાથે સદા સમર્પિત ભાવે તેમણે સત્સંગ કર્યો અને બીજાને પણ કરાવ્યો. જીવનનાં છેલ્લાં વર્ષો સુધી, તાજેતરમાં અબુધાબીમાં પણ સેવારત રહેલા આવા સંનિષ્ઠ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી જશવંતભાઈ મહેતા, ઉં.વ. ૮૦, વડોદરા, અક્ષરવાસ તા. ૮-૬-૨૦૨૫



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર ભક્તરાજ શ્રી જશવંતભાઈને સત્સંગનો યોગ થયો ત્યારથી એકધારું સેવામય જીવન જીવ્યા હતા. શરૂઆતથી જ મુંબઈના પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના યોગે સત્સંગના સંસ્કારોની પુષ્ટિ થઈ અને મુંબઈ અંધેરી વિસ્તારમાં અને દાદર મંદિરમાં પોતાનું યોગદાન આપ્યું. સન ૨૦૦૨માં તેઓ મુંબઈથી વડોદરા સ્થાયી થયા ત્યારે વડોદરાથી દૂર બોડેલી ક્ષેત્રના સંયોજક તરીકેની પડકારરૂપ સેવા તેઓએ સત્વરે સ્વીકારી. આદિવાસી વિસ્તારોમાં વિચરણ કરી ખૂબ ભીડો વેઠી સૌને સત્સંગ પરાયણ જીવન જીવવાની પ્રેરણા આપી. સૌને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢાવીને સત્સંગ વિકસાવ્યો. દીર્ઘ સમય સુધી, જીવનના છેલ્લા મહિના સુધી તેમણે સેવાકાર્ય ચાલુ જ રાખ્યું. જૈફ વયે પણ તેમનો સેવા કરવાનો ઉત્સાહ અનન્ય હતો. સેવાની સાથે નિયમ ધર્મની દૃઢતા ને આહ્નિકનું સાતત્ય જોઈ સૌ નતમસ્તક થઈ જતા. તેઓની આયોજનશક્તિ, કાર્યકરોની સારસંભાળ રાખવાનો ગુણ પ્રસંશનીય હતો. પોતાની બે પેઢી સુધી તેમણે સત્સંગનો વારસો આપ્યો. સત્સંગ, ભક્તિ અને સેવામય જીવન દ્વારા તેઓએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. શુદ્ધતાના આગ્રહી, કર્મઠ તથા સેવાને હંમેશા ચોક્સાઈથી સમયસર પૂરી કરવા માટે તત્પર એવા સંનિષ્ઠ કાર્યકર શ્રી જશવંતભાઈ મહેતાની ખોટ સત્સંગ સમાજને પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં
# લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## સાંકરીમાં કેન્દ્રીય કૃષિમંત્રી અને મુખ્યમંત્રીશ્રી



સુરતના બારડોલી તાલુકામાં આવેલા સાંકરી બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૧૨-૬-૨૦૨૫ના રોજ સવારે ભારત સરકારના કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી શિવરાજસિંહજી ચૌહાણ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દર્શનાર્થે પધાર્યા હતા. સાંકરીમાં યોજાયેલા ખેડૂત સંમેલનમાં સંબોધન કર્યા બાદ મંદિર પધારેલા આ મંત્રીશ્રીઓનું પુણ્યદર્શનદાસ સ્વામી, પુરુષોત્તમચરણદાસ સ્વામી તથા આરુણિ ભગતે સ્વાગત કર્યું હતું અને સાંકરી મંદિરનો મહિમા વર્ણવ્યો હતો. મંત્રીશ્રીઓએ વિવિધ ખંડોમાં ભગવાનનાં દર્શન કરીને, શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરી ગુજરાત અને દેશની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. ◆

## રાજકોટમાં શિવલિંગની પૂજન-પ્રતિષ્ઠા કરતા સંતો



રાજકોટ ખાતે નવનિર્મિત શ્રી નટેશ્વરધામ મંદિરના ત્રિ-દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવે બી.એ.પી.એસ. સંસ્થાના સંતો-સ્વંયસેવકો-ભક્તોએ વિશેષ સેવા-ભક્તિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સ્વામીશ્રીની પ્રેરણાથી સંતો અને સ્વંયસેવકોએ મંદિરના નિર્માણમાં પથ્થરના ઘડતર, શિલ્પકામથી લઈને પ્રતિષ્ઠા ઉત્સવ સુધીના દરેક તબક્કે સેવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. તા. ૬ થી ૮ જૂન દરમ્યાન યોજાયેલા મંદિરના પ્રતિષ્ઠા પ્રસંગે સંસ્થાના સંતો દ્વારા શ્રી નટેશ્વર મહાદેવ મંદિરના ગર્ભગૃહમાં વિરાજમાન શિવલિંગનું પૂજન-પ્રતિષ્ઠા તથા પરિક્રમામાં શ્રી રામ દરબાર અને અન્ય દેવસ્વરૂપોનો પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો હતો. ◆

## ઇન્ટરનેશનલ કરાટે સ્પર્ધામાં બાળકોની સિદ્ધિ



આ વર્ષે નેપાળના કાઠમંડુ ખાતે તા. ૨૪ અને ૨૫ મેના રોજ યોજાયેલી સેકન્ડ ઇન્ટરનેશનલ ઓપન કરાટે ચેમ્પિયનશીપમાં અમરેલી કેન્દ્રના બી.એ.પી.એસ. બાળમંડળના બાળકોએ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અમરેલી સ્થિત બી.એ.પી.એસ. મંદિરે 'ઇન્ટરનેશનલ શોતોકાન કરાટે એકેડમી ટુ ઇન્ડિયા' દ્વારા ચાલી રહેલા કરાટે ક્લાસીસમાં તાલીમ પામેલા બી.એ.પી.એસ.ના નવ બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ બાળકોએ એક ગોલ્ડ, પાંચ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ્સ પ્રાપ્ત કરી બી.એ.પી.એસ. સંસ્થા, સ્વામીશ્રી અને પોતાનાં માતાપિતાનું નામ રોશન કર્યું છે. આ સૌ પ્રતિભાવંત બાળકોને હાર્દિક અભિનંદન. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં
# લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## અક્ષરધામનાં દર્શને બ્રિટન-ઓસ્ટ્રેલિયાના રાજદૂતો



તા. ૩૧-૫-૨૦૨૫ના રોજ નવી દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે ઓસ્ટ્રેલિયાના ભારત ખાતેના રાજદૂત શ્રી ફિલિપ ગ્રીન દર્શને પધાર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણને સમર્પિત આ મહામંદિરથી પ્રભાવિત થઈ તેમણે કહ્યું કે ''આ અસાધારણ મહામંદિર તમારી નવા ભારત પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.''

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં દિવંગત થયેલા મૃતાત્માઓ માટે પ્રાર્થના કરવા બ્રિટિશ રાજદૂત શ્રી લિન્ડી કેમરોન તા. ૧૩-૬-૨૦૨૫ના રોજ ગાંધીનગર અક્ષરધામ પધાર્યાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ પ્રાર્થના કરી તેઓએ અહીં દિવ્ય શાંતિનો અનુભવ કર્યો હતો. ◆

## રોબિન્સવિલ અક્ષરધામનાં દર્શને રાજનેતાઓ



અમેરિકાના ન્યૂજર્સી સ્થિત રોબિન્સવિલના વિશ્વવિખ્યાત સ્વામિનારાયણ અક્ષરધામનાં દર્શને ન્યૂજર્સીના યુ.એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝના પ્રતિનિધિ શ્રી જોશ ગોથેઈમર પધાર્યા હતા. આ ઉપરાંત જાણીતા રાજનેતા શ્રી જેક સિઆટ્ટારેલી પણ પોતાના પરિવાર સાથે દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રી વતી પૂજ્ય સંતોએ તેઓનું સ્વાગત કર્યું હતું. સનાતન હિન્દુ ધર્મના આ ગૌરવશાળી મહામંદિરનાં દર્શન કરી, તેના નિર્માણમાં સ્વયંસેવકોની સેવા-સમર્પણનો ઈતિહાસ જાણી તેઓ ખૂબ પ્રભાવિત થયા. તેઓએ સ્થાનિક સમુદાયો અને રાષ્ટ્ર માટે બી.એ.પી.એસ.ના સંતો-સ્વંયસેવકો અને મંદિરો દ્વારા થતી સેવાઓને બિરદાવી હતી. ◆

## ડેલાવરમાં રાજ્ય ગવર્નરશ્રી સાથે સંતોની મુલાકાત



અમેરિકાના ડેલાવેર રાજ્યના ગવર્નરશ્રી મેટ માયર સાથે બી.એ.પી.એસ. સંસ્થાના સંતોએ શુભેચ્છા મુલાકાત કરી હતી. ડેલાવેરના નવનિયુક્ત ગવર્નરશ્રી મેટ માયર પ્રત્યે મહંત સ્વામી મહારાજે લખેલો આશીર્વાદ પત્ર સંતોએ તેઓને અર્પણ કરીને તેમના માટે પ્રાર્થના કરી હતી. તેમણે આદર સાથે આ પત્ર સ્વીકારીને કહ્યું, 'મને યાદ છે કે સ્વામીશ્રીએ મને આશીર્વાદ આપ્યા હતા કે તમે ડેલાવેરના ગવર્નર બનશો. એમના આશીર્વાદ મારા માટે ખૂબ મહત્વપૂર્ણ છે, આ પત્રને મારી નજર સમક્ષ રાખીશ.' ગવર્નરશ્રીએ પોતાની ઑફિસમાં આશીર્વાદ પત્રને દીવાલ પર રાખીને સ્વામીશ્રી પ્રત્યે અહોભાવપૂર્વક આદર પ્રગટ કર્યો હતો. ◆






**‘ઓપરેશન સિંદૂર’ બાદ અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનાં દર્શને પધાર્યા ભારતના વિદેશ સચિવ અને સર્વપક્ષીય મંત્રીમંડળના સભ્યો**

‘ઓપરેશન સિંદૂર’ની રોજિંદી ઘટનાઓથી વિશ્વને જેઓ સતત માહિતગાર રાખતા હતા એવા ભારતના વિદેશ સચિવ શ્રી વિક્રમ મિસરીએ તા. ૧૦-૬-૨૦૨૫ના રોજ અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ભારતીય સેનાના ‘ઓપરેશન સિંદૂર’ બાદ ભારતનો સંદેશ લઈને વિદેશમાં જનાર ભારતના સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળના સભ્યો પણ તા. ૨૩-૫-૨૦૨૫ના રોજ યુ.એ.ઈ.માં અબુધાબી ખાતે બી.એ.પી.એસ. હિન્દુ મંદિરે પધાર્યા હતા. સૌએ મંદિરમાં પ્રાર્થના કરીને વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પણ કરી હતી.

Swaminarayan Prakash Gujarati, July 2025, Published on 1-7-2025. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.





**નર્મદા તટે ભરૂચના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધારેલા મહંત સ્વામી મહારાજનું ઉષ્માભર્યું સ્વાગત**

સુરત ખાતે સતત અઢી મહિના સુધી બિરાજીને સત્સંગ-ભક્તિની ભાગીરથી વહાવતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧૫-૬-૨૦૨૫ના રોજ ભરૂચમાં પદાર્પણ કર્યું હતું. અહીં સંતો-ભક્તોએ તેઓશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રીને વધાવવા ઊમટેલા હજારો ભક્તોએ સ્વામીશ્રીના દર્શન-આશીર્વાદ પામીને ધન્યતા અનુભવી હતી. મંદિરના પોડિયમથી લઈને સમગ્ર પરિસરમાં બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવીને યુવકોએ સ્વામીશ્રીને સત્કાર્યા હતા. ભરૂચમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોની ભાગીરથી વહી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas